


(ફોટો : નરેન્દ્ર રાવળ) **સ્વ. ઝવેરચંદ મેઘાણી** (અવસાન : ૯ માર્ચ '૪૭)

યુગજૂની સંસ્કૃતિને જગાવી પ્રાણ ફૂંકથી
ખુલ્લાવી ઝાળ હૈયાની રેલવી રસધારને.
શૌર્ય ને ત્યાગનાં ગાને ડોલાવ્યાં દિલ લોકનાં
સૌરાષ્ટ્રે યુદ્ધસિન્ધુડો ગાઈ પ્રાણ જગાવિયા.
વેલુડી ગુર્જરી કુંજે [illegible] કાવ્યમંજરી
મરાઠા માનવસ્તમ્ભો [illegible] તું [illegible]



વસંત (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)

કુમાર અંક ૨૭૯નું મુખચિત્ર







કુમાર — માર્ચ ૧૯૪૭ — અંક ૨૭૯

ચિત્રો

કાવ્ય

ચરિત્ર

વાર્તા

લેખો


વિભાગો તથા પ્રકીર્ણ

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો ‘કુમાર’ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭; પરદેશમાં રૂ ૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.
જાહેરખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિશર્સ કંપની, મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ, અમદાવાદ.


હિંદી કલાનાં રૂપરહસ્ય સમજાવતી લેખમાળાના આ અંકમાંના છપતા 'અસ્થિવિજ્ઞાન'માં મૂર્તિરચના માટેનાં માપ–નિયમોની જે ચર્ચા કરી છે તેને અનુસંધાને આ ચિત્રો વધુ માર્ગદર્શન આપશે



(Courtesy: Indian Artistic Anatomy by A. N. Tagore)

માનવદેહનાં માપ

હિંદુ મૂર્તિવિધાનશાસ્ત્રમાં મૂર્તિરચના કરવા માટે 'તાલ' નામનું એક માપ નક્કી કરેલું છે. એક તાલ એટલે કપાળના મધ્યબિંદુથી દાઢીના છેડા સુધીનો ચહેરો. એ'તાલ–માન' ઉપર જુદાંજુદાં હિંદુ શાસ્ત્રોમાં વિવિધ પ્રકારની મૂર્તિરચના માટે વિવિધ પ્રકારનાં માપ આપેલાં છે. જેમકે નરમૂર્તિ (રામ, ઇન્દ્ર, અર્જુન વગેરેની મૂર્તિ) દશ તાલની; ક્રૂરમૂર્તિ (ચંડી, ભૈરવ, નરસિંહ, હયગ્રીવ, વરાહ વગેરે) બાર તાલની; અસુરમૂર્તિ (હિરણ્યકશિપુ, રાવણ, કુંભકર્ણ, મહીષ વગેરે) સોળ તાલની; બાલમૂર્તિ (ગોપાલ, બાલકૃષ્ણ વગેરે) પાંચ તાલની અને કુમાર મૂર્તિ (ઉમા, વામન વગેરે) છ તાલની હોય. બૃહત્સંહિતાના પ્રતિમા-લક્ષણ નામના પ્રકરણમાં સર્વસાધારણ પુરુષની મૂર્તિરચના માટે આઠ તાલનું માપ દર્શાવ્યું છે. એટલે કે સાધારણ માણસની ઊંચાઈ તેના ચહેરાના માપથી આઠ ગણી હોય. (રોમના વિટ્રુવિયસે પણ એ જ માપ નક્કી કરેલું) ને સ્ત્રીનું માપ સાત તાલનું ઠરાવેલું છે. પણ આ અષ્ટતાલ અને સપ્તતાલ ઉપરાંત હિંદુ મૂર્તિવિધાનમાં સામાન્યપણે પ્રચલિત માપ નવ તાલનું છે જે 'ઉત્તમ નવતાલ'ના નામથી ઓળખાય છે. તેનું ચિત્ર ડાબી બાજુએ આપ્યું છે. એક તાલનો ચોથો ભાગ તે 'અંશ' કહેવાય છે. હવે એ 'તાલમાન' પ્રમાણે સાથેના ચિત્રનાં અંગઉપાંગોનાં માપ નીચે મુજબ છે: કપાળની મધ્યથી દાઢી સુધી ૧ તાલ; ગળાની હાંસડીના હાડકાથી છાતી–બગલના ખૂણા સુધી ૧ તાલ; છાતીથી નાભિ ૧ તાલ; નાભિથી નિતંબ ૧ તાલ; નિતંબથી ઢીંચણ ૨ તાલ; ઢીંચણથી પેની ૨ તાલ; કપાળથી માથાની તાલ સુધી ૧ અંશ; ગરદન ૧ અંશ; ઢીંચણના ઢાંકણી ૧ અંશ; ને ચરણ ૧ અંશ. પહોળાઇનાં આડાં માપ આ પ્રમાણે છે: માથું ૧ તાલ; ગળું ૨॥ અંશ; બે ખભા વચ્ચેનું અંતર ૩ તાલ; છાતી ૬ અંશ; કમર ૫ અંશ; નિતંબ ૨ તાલ; ઢીંચણ ૨ અંશ; ઘૂંટી ૧ અંશ; ચરણ ૫ અંશ. હાથની લંબાઈ ખભાથી કોણી સુધી ૨ તાલ; કોણીથી કાંડા સુધી ૬ અંશ; હથેળી ૧ તાલ; બગલ આગળના હાથની પહોળાઈ ૨ અંશ; કોણીની પહોળાઈ ૧॥ અંશ અને કાંડાની ૧ અંશ. ચહેરો ત્રણ સરખા ભાગમાં આ રીતે વહેંચાએલો હોય: કપાળની મધ્યથી આંખની કીકી, કીકીથી નાકનું ટેરવું અને ટેરવાથી દાઢી. શુક્રનીતિમાં શુક્રાચાર્યે નક્કી કરેલાં માપ મુજબ ઇંગ્લંડના વિખ્યાત શિલ્પી એરિક ગિલે તૈયાર કરેલું જે બીજું ચિત્ર જમણી તરફ આપ્યું છે તેમાં ૧ તાલ=૧૨ અંગુલિના હિસાબે જુદાંજુદાં અંગ-ઉપાંગો અગુલિનાં માપમાં આપેલાં છે તે ઝીણવટથી જોવાથી સમજાશે.



(Courtesy: Hindu View of Art by Mulka Raj Anand)

ગાનયાચના

· ઝીંઝોટી ·

દેને ગાન કરાળ,
મૈયા ! દેને ગાન કરાળ.
શ્રુતિએ શ્રુતિએ આગિયા ઊઠે,
શબદે તારકમાળ;
તાને તાને દીપક પ્રગટે,
આલાપે અગ્નિ ઝાળ:
એવાં દેને ગાન કરાળ—મૈયા૦

કમળદંડે ત્રિશૂલ ફૂટે,
ફૂલમાં વજ્રની ધાર !
હિમમાં પ્રગટે ભૈરવ છંદે
સિન્દુરિયા ઝંકાર !—એવાં૦

બંસીના છિદ્રે શંખ ફૂંકાયે,
વાયુએ ઝંઝાવાત;
પ્રાણના સ્થૈર્યે ઓચિંત ઊઠે
સાયરના ઘુઘવાટ—એવાં૦

માનવીહૈયે રાગ જળે સૌ
આનંદની ગીતધાર,
રુદ્ર સ્વરૂપે વહેવા લાગે
અફળાયે અમદ્વાર !—એવાં૦

ઉજ્જડ વનમાં આગ પ્રવેશે,
મૃત્યુએ મહા ઉચ્છ્વાસ !
નંદનવન શા સ્હોય ન જ્યાં સુધી
તારા આ ઉજ્જડ વાસ—એવાં૦

રતિલાલ છાયા

યાચના

અંધારના દીવા ઓલવાયા પ્રભુ !
સૂસવે પવન-ઝડી;
પ્રેતના ઘેરા પડછાયા પ્રભુ !
ઊમટે મગન ચડી:
ગાનવને ડર ઘેર નિરાશાની
આવતી પ્રલય-ઘડી.

વાયરા—ઝાપટે ધ્રૂજતી મારી
ક્ષુદ્ર દીન આ વીણા;
એક ઝૂલેથી ચરણે તારે
તાર છેડે બે ઝીણા:
એક લેજે એની મર્મ વેદના
કરુણા—લોચને ભીનાં.

અટવાતાં અમે અંધકારે પ્રભુ !
વાસના વેગના દાસ;
નિજ હાથે નિજ પ્રહારે પ્રભુ !
કરતા નિજનો હ્રાસ:
તારા જ દાનને અપમાનીને
રૂંધતા જીવન—શ્વાસ.

ભાન કશું નહીં જ્ઞાન કશું નહીં
પતિગિર નળે ઢળી;
પડીએ પાશવી હાથ આ ! જ્યારે
પ્રલય—પથે ભળી:
ભૂલેલી આશાને ચેતવવાની
કરુણાસભર પ્રેમ હલાવી
અહીં નહીં તવ નાથ ઓ ! ત્યારે
પ્રગટે દીવાસળી ?

મકરન્દ દવે

'નેતિ નેતિ'


મારાં કાવ્યો જનસકલકંઠે ભલે ના વિરાજે,
ના ગીતોના કલરવ ભલે કુંજકુંજે નિનાદે;
યુદ્ધે-ઘેલા સમરવીરને હામ દેવા ન કાજે,
મારાં ગીતો નહિ ભટકશે નૃત્યના પાદપાદે.

કેડીચૂક્યાં પથિક જનને આશ પાવી ન પાવી,
લૈલા કેરા મજનુ સમિપે ગીત ગાવાં ન ગાવાં,
પીળા પોચા પદદલિતને કાવ્યમાં તાણી લાવી
ના કે મારાં કવન કરશે ક્રાંતિના ભવ્ય દાવા.

બંધુ-બ્હેની જનક-જનની મિત્રના સ્નેહભાવો,
વેરાયેલી કુસુમકળીમાં પ્રેમવિયોગ-ગાનો,
ત્રિદાદિશી નિત જગવતાં હૃદયમાં આર્ય ભાવો,
ના છો ન્હેતાં કવનઝરણે ભક્તિનાં પુષ્પ-ગાનો.

ઝંઝા જેવી ચડગયલમાં મેરુ શા સ્થૈર્ય ભાવે
'નેતિ, નેતિ' અવિરતપણે ગીતના પ્રાણ ગાવે.

વાડીલાલ ડગલી



મનુષ્ય એટલે શું?

तरवोऽपि हि जीवन्ति जीवन्ति मृगपक्षिणः।
स जीवति मनो यस्य मननेन हि जीवति ॥

વૃક્ષો પણ જીવે છે અને પશુપંખીઓ પણ જીવે છે, પરંતુ તે જ ખરેખર જીવે છે કે જેનું મન મનન વડે જીવે છે.

'**મ**નુષ્ય' એ એક અતિ ગંભીર અર્થથી ભરેલો શબ્દ છે **મન્** એટલે 'મનન કરવું,' એ ધાતુ ઉપરથી એ વ્યુત્પન્ન થયો છે. અંગ્રેજી શબ્દ 'man'નું એ મૂળ રૂપ છે અને પૃથ્વીની અન્ય પ્રજાઓ સાથેનો આપણો સંબંધ સૂચવે છે. વળી, વૃક્ષો ને અન્ય પ્રાણીઓ કરતાં પોતાની વિશિષ્ટતા ને શ્રેષ્ઠતા એ પ્રકટ કરે છે.

વૃક્ષોમાં જીવન છે, પરંતુ તે સ્થાવર છે. એમાં વિકાસ છે, પણ તે એક જ પ્રકારનો છે. વૃક્ષો કરતાં પ્રાણીઓનું જીવન ચડિયાતું છે. પ્રાણિજીવન જંગમ છે. એમાં ઇન્દ્રિયોનું જીવન છે, પરંતુ એ જીવન મનનહીન છે. મનુષ્યનું જીવન જ એવું છે કે જે મનનશીલ હોવાને લીધે વ્યાપક જીવનઉદ્દેશ નેત્ર સમક્ષ ખડો કરે છે. એ એક જ જીવન એવું છે કે જેનો વિકાસ વિવિધ અને અસીમ થઇ શકે છે.

પરંતુ મનુષ્યનું કુલ શું? એના દૂર દૂરના પૂર્વજો કોણ? આ તપાસ કરતાં 'કપિ અને વ્યાઘ્ર' એના પૂર્વજો તરીકે મળી આવે છે. 'કપિ અને વ્યાઘ્ર'ની વૃત્તિઓ મનુષ્યને વારસામાં પ્રાપ્ત થઇ છે. પ્રાણિજીવનમાંથી મનુષ્યમાં આ હીન વૃત્તિઓ ઊતરી આવી છે. આ હીન વૃત્તિઓને મનુષ્ય અંકુશમાં રાખી શકે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે આ વૃત્તિઓ મનુષ્યમાં સર્વથા નિર્મૂળ બને છે. પોતાની ઊંચી વૃત્તિઓને પોષવા માટે એણે હીન વૃત્તિઓનો ઉપયોગ કરવાનો રહે છે. ઉદાહરણ તરીકે, કપિની વૃત્તિ લઇએ. મુખ્યત્વે કરીને કપિમાં અનુકરણવૃત્તિ રહેલી છે. મનુષ્યજીવનના વિકાસમાં અનુકરણવૃત્તિનું ઘણું મહત્ત્વ છે. આ ઉપકારક વૃત્તિને લીધે જ્ઞાનપ્રાપ્તિમાં ઘણી કરકસર થાય છે આ વૃત્તિ મનુષ્યમાં એકતા સ્થાપે છે. આપણે 'કાલિદાસ અને શંકર જે વાણી બોલતા તે બોલીએ છીએ' એ અનુકરણવૃત્તિનો મહિમા છે. પરંતુ અનુકરણ સમજણપૂર્વક કરવું જોઇએ. એ કેવળ ચાળા કે ચેષ્ટા ન હોવું જોઇએ. જ્ઞાનપૂર્વક અનુકરણ એ કપિથી મનુષ્યનો ભેદક ગુણ છે.

હવે વ્યાઘ્રની વૃત્તિ લઇએ. શરીરબલ અથવા સ્થૂલ બલ એ વ્યાઘ્રની સ્વાભાવિક વૃત્તિ છે. મનુષ્ય એના કુલને–એના પ્રાણિજીવના વારસાને–સર્વથા પાછળ મૂકી આગળ વધતો નથી. પોતાની પૂર્વની પેઢી–પોતાની પ્રાક્ મનુષ્યાવસ્થા–નો વારસો એનામાં હજી પણ ચાલુ રહ્યો છે; અર્થાત્ એનામાં વ્યાઘ્રનો પરંપરાગત સ્થૂલ બલનો વારસો ઊતર્યો છે. આ સ્થૂલ બલનો ઉપયોગ તે અન્ય પ્રાણીઓ અથવા અન્ય મનુષ્યની સામે થવામાં ઘણી વાર કરે છે અનેકવાર એ સત્યને ખાતર સ્થૂલ બલને ઉપયોગમાં લે છે અને એ વડે એણે કેટલીક સિદ્ધિ પણ મેળવી છે. પરંતુ સત્યનો વિજય શામાં? સ્થૂલબલના નિતાન્ત નાશમાં કે એને અંકુશમાં લઈને તે એનું સ્થાન લેવામાં? સત્ય પોતાનું જ ધ્યેય સિદ્ધ કરવામાં સ્થૂલ બલનો ઉપયોગ કરે તો કેમ? સ્થૂલ બલ વગરનું સત્ય અથવા અધ્યાત્મબલ એ કેવળ એક અમૂર્ત ભાવ છે; જેમ સત્ય અથવા અધ્યાત્મ બલ વગરનું સ્થૂલ બલ એ કેવળ પશુબલ છે.

પરંતુ સત્ય એટલે શું? એનો નિર્ણય શી રીતે થાય? પોતાનું અંતઃકરણ કહે તે સત્ય? અત્રે એક ચેતવણી આપવાની જરૂર છે. અન્તર્દીપ! તારા નામે આ જગતમાં કેટલાં પાપ થયાં છે? કોઈ પણ અપક્વ કે ભ્રાન્ત વિચાર એ અન્તર્દીપ ન હોઈ શકે. મનુષ્યે પોતાના મનનાત્મક વિચારને જગતના મહાન મનનશીલ મનુષ્યોના વિચાર સાથે સરખાવવો જોઇએ. આનો અર્થ એ નથી કે મનુષ્યે બુદ્ધિનો સ્વતન્ત્ર નિશ્ચય ન જ કરવો પરંતુ જગતના પ્રૌઢ પ્રજ્ઞાવાન મનુષ્યોના વિચારોથી સર્વથા જુદા પડી પોતાના તરંગોને જ પ્રતિષ્ઠા આપવા માટે પ્રયત્ન કરવો એવો અન્તર્દીપનો સિદ્ધાન્ત હાનિકારક છે ને જગતમાં અનેક અનિષ્ટોનું મૂળ છે. સર્વના પ્રતિષ્ઠિત મત સામે સ્વમત સ્થાપવા દુરાગ્રહ કરવો એ સત્યની શોધ નથી. સ્વ અને પરનો સર્વાંગી સમન્વય કરવો એ સત્યાન્વેષણનો ધોરી માર્ગ છે. અન્તઃકરણનો જે અવાજ સન્માનને પાત્ર છે તે કાલિદાસની નીચેની પંક્તિમાં પ્રકટ થાય છે:

'सतां हि सन्देहपदेषु वस्तुषु
प्रमाणमन्तःकरणप्रकृतयः'

(સત્પુરુષોને જ્યારે શંકા થાય ત્યારે અન્તઃકરણનો અવાજ કહે તેમ કરવું.) આવું 'સત્પુરુષપણું' મનુષ્યે પ્રાપ્ત કરવું જોઇએ; કેમકે સત્પુરુષો જ પવિત્ર અન્તઃકરણ દ્વારા સત્યનો સાક્ષાત્કાર કરી શકે છે. આમ, સત્યનો અનુભવ સહેલો નથી. સત્ય એ બે છેડા વચ્ચેનું મધ્યબિન્દુ છે. એ મધ્યબિન્દુ શોધવું બેશક બહુ મુશ્કેલ છે. પરંતુ એ મુશ્કેલ છે એટલે જ મૂલ્યવાન છે.

પ્રગતિ એ મનુષ્યનું લક્ષણ છે; દેવ કે પશુનું નહિ. પરંતુ મનુષ્યજાતિ ધીમે ધીમે પ્રગતિ કરે છે. એનો ઘણો મોટો ભાગ નીચી કક્ષાએ રહે છે. અસંખ્ય મનુષ્યો ઘોર અજ્ઞાન અને સ્વાર્થમાં પડ્યા છે. જેમ મહાસાગરનાં અનન્ત મોજાંમાંથી કોઈ એક મોજું કોઇક વાર વિશાલ જલપ્રદેશ ઉપર વિસ્તરે છે, જેમ ધગધગતી રેતીના રણના વિસ્તૃત પ્રદેશ ઉપર એકાદ પ્રવાસીનાં ચરણ ફરી વળે છે, તેમ જનસમૂહમાંથી કોઇ વિરલ જ વ્યક્તિ આગળ જાય છે ને અન્યને નમૂનારૂપ બને છે. જ્યારે સમસ્ત જનસમુદાય પોતાની સર્વ શક્તિઓનો વિકાસ કરશે, ત્યારે, બ્રાઉનિંગના શબ્દોમાં, મનુષ્યજાતિનું બાળપણ મંડાશે.

અલબત્ત, મનુષ્યસ્વભાવની મર્યાદાને ઓળંગી જનાર મનુષ્યો આજ પણ આ વિશ્વમાં વિરાજે છે. પરંતુ તેમની સંખ્યા વિરલ છે. તેઓ અપૂર્ણ મનુષ્યોની મધ્યમાં પૂર્ણ મનુષ્યત્વથી દીપે છે. તેઓ અનેક પુણ્યશાલી મનુષ્યોને તારે છે અને એમના જીવનનું કેન્દ્ર બને છે. જગતના અનુગ્રહ અર્થે તેઓ જીવે છે અને એને તમસ્માંથી જ્યોતિમાં અને અસત્માંથી સત્માં લઈ જાય છે. મનુષ્યકલ્યાણથી ભિન્ન એવું કોઈ પણ બીજું કલ્યાણ તેઓ કલ્પતા નથી. તેઓ મનુષ્યને ખાતર, મનુષ્યત્વના વિકાસ ખાતર, મનુષ્યજાતિની સેવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પણ કરે છે.

પ્રકૃતિમાં સર્વત્ર સત્ય રૂપ પરમાત્માના છૂટાછવાયા ગુણો વેરાએલા છે. એ સર્વનો સમુદાય 'મનુષ્ય'માં પરિસીમાએ પહોંચે તેમ છે. મનુષ્ય મનનશીલ હોવાથી પૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકે છે અને અન્ય મનુષ્યોના અનુકરણ માટે આદર્શ થઇ શકે છે. આવું પૂર્ણ મનુષ્યનું જીવન માનવજાતિને મહાન ઉપકારક છે. આવા જીવનનો આદર્શ કાલના પ્રવાહમાં જો સહીસલામત રહેશે તો પ્રત્યેક યુગના નવા મનુષ્યો એનો અભ્યાસ કરશે અને એને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરશે. મહાન આત્માનું વિસ્મરણ એ મનુષ્યની એક પરમ કરુણતા છે; એનું સ્મરણ એ એનું અભિનવ જીવન છે.

રતિલાલ મોહનલાલ ત્રિવેદી

કલાકાર કૃષ્ણાજી આરા

લે૦ રવિશંકર રાવળ

ઉદ્યમથી ઉત્કર્ષ સાધનારાઓનાં દૃષ્ટાંતો યુરોપ અને અમેરિકામાં જ મળે એવું કંઈ નથી. હિંદુસ્તાનને પણ ખૂણેખૂણે ભાવના અને મહત્ત્વાકાંક્ષાઓથી ધગી રહેલા કંઇક યુવાનોની કથા જગત આગળ મૂકવા જેવી હશે. તે પૈકીના શ્રી કૃષ્ણાજી આરા એક છે.

મુંબાઇમાં નાલંદા પ્રકાશનવાળા મારા મિત્ર શ્રી હરિશ્ચંદ્ર ભટ્ટ હું જ્યારે જાઉં ત્યારે મુંબાઈની કોઇ નવીન વ્યક્તિ કે પુસ્તકોનો પરિચય કરાવે. થોડાં વર્ષો ઉપર મારા મુકામ પર આવી તેમણે કહ્યું કે 'આજ રાત્રે દસ વાગ્યા પછી તમને ફુરસદ છે? એક ઊગતા કલાકારની મારે તમને પિછાન કરાવવી છે.' રાત્રે દસ વાગ્યે અને તે પણ કલાકારની મુલાકાત! આવા પ્રસંગ માટે તો દિવસ વધારે અનુકૂળ થાય. તેમણે ખુલાસો કર્યો કે 'એ ભાઇ દસ વાગ્યા સુધી તો શેઠની નોકરીમાં હોય છે. પછી જ તે મળી શકે.' પછી મને તેમણે પૂરી વાત કરી કે મલબારહિલ પર જાપાનીઝ વેપારીઓ રહે છે તેમની પાસે કૃષ્ણાજી મોટર-શૉફર તરીકે નોકરી કરે છે અને રાત્રે તે જ મકાનના ભોંતળની ઓરડીમાં પોતાની કલાસાધના કરે છે.

ઠરાવ્યા પ્રમાણે અમે રાત્રે ગયા. બેઠી બાંધણીના, શ્યામ વર્ણના પણ શરમાળ પ્રકૃતિના એક જુવાને અમને 'થોડી વારમાં આવું ત્યાં સુધી આ ખોલીમાં બેસો' એમ વિનયથી કહીને ખરેખર એક બંડકનું જ બારણું ઉઘાડ્યું. જમીનથી બે ફૂટ નીચી તે ઓરડીમાં વીજળીનો ગોળો ઝળક્યો અને જોયું તો ચિત્રોની વખાર જ ભરી



કલાશાળા કે કલાશિક્ષણનો સંપર્ક પામ્યા વિના કેવળ સ્વપરાક્રમ અને સતત ઉદ્યમથી પરિસ્થિતિ પર વિજય મેળવી ઉત્કર્ષ સાધનાર કલાકાર

દીધેલી હતી! તેની વચ્ચે જ પથારી અને બાજુની ઓરડી આગળ ખાવાપીવાની જગ્યા હતી. અને ચિત્રો, સ્કેચો, કૅનવાસો ને ચોપાનિયાંનાં થોકડા તો કોઈ પણ ચિત્ર-વિદ્યાર્થી પારો નહિ જોએલા એટલા વિપુલ હતા.

આટલો ઉદ્યમ અને પુરુષાર્થ કરનારને કલા પ્રસન્ન કેમ ન થાય? કોઇ શાળા ગુરુની સહાય વિના, માત્ર થોડા ચિત્રકારોની ક્વચિત મુલાકાતો ને ચોપાનિયાંની પ્રેરણા લઇ આ યુવાને કસોટીનાં આવરણો ભેદી જલરંગ ને તૈલરંગમાં નવી જ સિદ્ધિ મેળવી હતી.

થોડી વારે તેણે આવી બહુ નમ્રતાપૂર્વક અમને નમસ્કારથી સ્વાગત આપ્યું અને કહ્યું તમારા પગની રજ અહીં પડી એટલે મારો ઉત્કર્ષ થવાનો. આવું કહેનારને અંતરના આશીર્વાદ વણમાગ્યા જ મળી જાય છે. એનાં ચિત્રો રૂઢિ અને પ્રણાલિનાં બંધનોથી મુક્ત, જરા અણઘડ લાગે; પણ તેમાં રંગની ફોરમ ને આકારોના પદબંધ એટલાં સુરમ્ય ને સુરચિત હતાં કે ભાવિના ઊગતા કલાનાયક તરીકે સ્વીકારવાનું મન થાય જ. મુંબાઇની કળાશાળા જૂની રૂઢિઓ ને લોકમતથી છૂટી થઇ શકતી નહોતી તે વખતે આ તરુણે નિર્બન્ધ કલાના રંગવિહાર અને સંવેગી ચિત્રબન્ધોના પ્રયોગો આદર્યા હતા.

એ કહે છે કે કલાકારનું જીવન સતત વિગ્રહોથી ભરેલું હોય છે, પણ મને તે ગમે છે. કૃષ્ણાજીને એ જીવનનો અનુભવ થઈ ગયો છે. તેના પિતા હાવલાજી આરા દક્ષિણ હૈદ્રાબાદના બોલારામ ગામના રહીશ હતા ને મોટરબસ હાંકવાનું તેમજ તેનું યંત્રકામ સુધારવાનું કામ કરતા. કૃષ્ણાજીએ ગામડાની શાળામાં જવા માંડ્યું ત્યારથી તેને ચિત્રો ગમતાં. તેના શિક્ષકનો તેના ઉપર પ્રેમ હતો અને તેણે તેનો શોખ ઉત્તેજ્યો. પણ ત્યાં તો સાધનો શું હોય? મુંબાઇનાં ચોપાનિયાંથી દુનિયા જોવાતી. મુંબાઈમાં થતા ચિત્રોના પ્રદર્શનોની કલાશાળાની અને ચિત્રકારોના સ્ટુડિયોની વાતો તેમાંથી જાણીને એ પરથી ચિત્ર શીખવા, તે કંઈ પણ લીધા વિના મુંબાઈ ચાલ્યો ગયો. ત્યાં વર્ષો પછી તેનાં પોતાનાં ચિત્રોનું પ્રદર્શન ભરી શક્યો અને છાપાંઓમાં તેનું નામ અને છબિ જોવાનું ભાગ્ય પામ્યો.

પ્રારંભમાં જ તેને સમજાયું કે કલા શીખવા રંગ, પીંછી વગેરે મોંઘો સામાન જોઇએ. એટલે તે એક યુરોપિયનને ત્યાં ઘરના હમાલ તરીકે નોકર રહ્યો અને ફુરસદે ચિત્રો કરતો ગયો. ધીમેધીમે શેઠને આ હકીકત કહી રોજ થોડા કલાકની છૂટી મેળવી એક ચિત્રકારના સ્ટુડિયોમાં રાત્રે કે સવારે તે જઈ આવતો. ત્યાંથી સરકારી ગ્રેડની પરીક્ષા આપી ડ્રૉઇંગ ટીચર પણ થયો. તેની બુદ્ધિ તીવ્ર હતી એ જુએ કે શીખે તે હાથમાં ઊતરી આવતું કલ્પના ને તરંગોથી તેનું મગજ ભરેલું હતું. પણ તેની બુદ્ધિને યોગ્ય શિક્ષણનો અભાવ હતો.

૧૯૩૦ની લડતમાં તેણે ઝંપલાવ્યું અને જેલનો સ્વાદ પણ લીધો. ફરી બહાર આવીને તેણે જાપાની વેપારીઓની નોકરી લીધી. એ જ વર્ષે તેને બૉમ્બે આર્ટ સોસાએટીના પ્રદર્શનમાં ઇનામ મળ્યું. ૧૯૪૪માં 'મરાઠા યુદ્ધ' ચિત્ર પર તેને ગવર્નરનું પારિતોષિક મળ્યું.

વચ્ચે એક આપત્તિ આવી પડી. જાપાન-અમેરિકાનું યુદ્ધ શરૂ થતાં જ તેના જાપાની શેઠો મુંબાઈ છોડી ગયા તેઓ તેની કલા પર મુગ્ધ હતા અને તેમણે વખતોવખત તેને સાહિત્ય અને સમયની અનુકૂળતા કરી આપેલી પરંતુ તેમના ગયા પછી તેને સ્થાન બદલવું પડ્યું. ખર્ચની મુશ્કેલી ઊભી થઇ. (અનુસંધાન આગળ પાન ૬૬મે)

હિંદમાંની બ્રિટિશ સલ્તનત સામે એકલે હાથે પહેલો સશસ્ત્ર બળવો જગાવનાર



ક્રાન્તિવીર વાસુદેવ બળવંત ફડકે

ભારતવર્ષના સ્વાતંત્ર્ય ખાતર સશસ્ત્ર પ્રયત્નો ઘણા યે દેશભક્તોએ કર્યા છે; ઘણાયે એમાં શહીદ-'હુતાત્મા'-થયા છે. એવા વીરોમાં વાસુદેવ બળવન્ત ફડકે આદ્ય હતા. જે વખતે સ્વાતંત્ર્યનાશનું દુઃખ લોકોને સાલતું પણ ન હતું, એટલું જ નહિ પણ બ્રિટિશોનાં ગુણગાન કરવામાં જ્યારે શિક્ષિત વર્ગ મશગૂલ હતો તેવે વખતે એકલે હાથે એ વીર પુરુષે બળવો ઉઠાવવાનો પ્રયત્ન કર્યો એમાં જ એની અપૂર્વતા છે. બે વર્ષ પર, ૧૯૪૫માં મહારાષ્ટ્રે એમની જન્મ શતાબ્દી ઉજવી એ બતાવે છે કે દેશે એમના કાર્યને પિછાન્યું છે.

મુંબાઈ પાસેના કુલાબા જિલ્લાના શિરઢોણ ગામના એક કીર્તિમાન કુટુંબમાં વાસુદેવ બળવન્ત ફડકેનો જન્મ ૪થી નવેમ્બર ૧૮૪૫ ને રોજ થયો. શિરઢોણની નજીકમાં કર્નાળા નામનો કિલ્લો છે. ત્યાં એમના દાદા અનંતરાવ ૧૮૧૮ સુધી, એટલે કે મહારાષ્ટ્રમાં અંગ્રેજી અમલ સ્થિર થયો ત્યાં સુધી, કિલ્લેદાર હતા. કુટુંબ પાસે પૈસો સારો હતો, ખેતી બહોળી હતી અને પાંચસો જેટલું પશુધન હતું, એટલે વાસુદેવ બળવન્ત સુખમાં ઊછર્યાં હતા. એમનું મોસાળ કલ્યાણમાં વાંડેકર (જોષી) ને ત્યાં હતું. બે તરફના દાદા એમના તરફ ખૂબ પ્રેમ રાખતા. પહેલાં દશ વર્ષ ફડકે મોસાળમાં જ રહ્યા. સ્વભાવે ભારે મસ્તીખોર હતા એટલે ભણવાની દાનત હતી જ નહિ એમ કહીએ તો ચાલે. આખો દિવસ ભટકતા, ઘેટાં કે બળદની ગાડીઓ દોડાવતા, મિત્રો સાથે દાદાગીરી કરતા, અને સાંજે ચૂપચાપ ઘેર આવી તડીથી બચવા ખાતર ક્યાંક ભરાઈ જતા! એ જ વખતે એમને કસરતોનો ખૂબ શોખ હતો. ત્રણ વર્ષના હતા ત્યારે પણ બશેર દૂધ સહેલાઇથી પચાવતા એવું નાનપણથી એમનું શરીર હતું.

મુંબાઇમાં તે વખતે ડૉકટર વિલ્સન નામના મિશનરી એક પ્રાથમિક નિશાળ ચલાવતા. થોડા દિવસ ત્યાં ભણી માધ્યમિક કેળવણી માટે તેઓ પૂના તેમજ મુંબાઇમાં રહ્યા. માત્ર અંગ્રેજી ત્રણ જ ધોરણના એ અભ્યાસથી પણ અંગ્રેજી ઉપર એમણે સરસ કાબૂ મેળવી લીધેલો. પહેલાં તો એમનો એવો વિચાર હતો કે એક ઓળખીતા વાણિયાની દુકાનમાં ગુમાસ્તા તરીકે કામ કરવામાં મઝા પડશે. સદ્ભાગ્યે એ વિચાર બદલાયો, અને ૧૮૬૫માં એમણે મુંબાઇમાં જી. આઇ. પી. રેલ્વેમાં ૧૦ રૂપિયાના પગારે નોકરીની શરૂઆત કરી. ત્યાર પછી ગ્રાંટ મેડિકલ કૉલેજમાં કારકુની કરી. ૧૮૭૦ના અરસામાં એમણે પૂનામાં 'મિલિટરી ફાઇનૅન્સ ઑફિસ'માં નોકરી લીધી અને ત્યારથી એમના કાર્યની દિશા એમને મળી ગઇ.

પૂનામાં તેઓ નોકરી કરતા હતા એ દરમ્યાન ત્યાંના મહારાષ્ટ્રીય સ્વાતંત્ર્યના અવશેષો જોઇ ગત વૈભવના વિચાર એમના મનમાં આવવા માંડયા. પછી એમણે સંસ્કૃતનો થોડો અભ્યાસ કર્યો. ૧૮૭૨માં માતાની સખત બીમારીના સમાચાર એમને મળ્યા. ઘેર જવાની એમને તીવ્ર ઇચ્છા હતી, પણ ઉપરીએ જવાની રજા આપી નહિ. છેલ્લી ઘડીએ માતુશ્રીને મળાયું નહિ એનું એમને ખૂબ દુઃખ લાગ્યું. સરકારની નોકરી ન કરતો હોત તો મરણપથારીએ પડેલી માને મળી શકાત એ વિચાર એમને સતાવી રહ્યો અને સાથે જ

રાજકારણી માણસોની સ્થિતિ હમેશા રંગભૂમિ પર વેશ ભજવતા નટ જેવી હોય છે. જ્યાં સુધી એ લોકોની નજર આગળ હોય ત્યાં સુધી એની કદર થાય છે, અને એ નિવૃત્ત થાય એટલે લોકો એને ભૂલી જાય છે. એની અભિનયકળાનાં ગમે તેટલાં વર્ણન કરીએ તોપણ એને વિષે કોઇને ચોક્કસ ખ્યાલ આવી ન શકે. એક રાજકારણી પુરુષ પોતાનું કાર્ય કરી નિવૃત્ત થાય કે તરત જ બીજો એની જગ્યા લે છે ને એણે અધૂરું મૂકેલું કાર્ય આગળ ધપાવે છે. લોકોની દૃષ્ટિ ટૂંકી હોય છે તેથી તેઓ વર્તમાન રાજકારણીઓ જોડે ભૂતકાળના પુરુષોની ખોટી સરખામણી કરી પોતાના આજના નેતાઓને વખાણે છે. ભૂતકાળના મહાપુરુષોનાં કાર્યનું મૂલ્યાંકન કરવા જે ઐતિહાસિક દૃષ્ટિની જરૂર હોય છે એ દૃષ્ટિ ભાગ્યે જ બધામાં હોય છે. અને જૂના વખતના નેતાનાં મંતવ્યો સાથે આજના લોકોને મતભેદ હોય તો એનાં કાર્યો સાચી રીતે મૂલવવાનું ઘણું મુશ્કેલ અથવા કેટલીકવાર અશક્ય બને છે. શાસ્ત્રીય દૃષ્ટિ કેળવવાનો જેમને અધિકાર છે એવા પણ આ વિષય તરફ ઉદાસીન હોય છે.

મહારાષ્ટ્રના આદ્ય ક્રાન્તિકારક વીર વાસુદેવ બળવન્ત ફડકેના ચરિત્ર વિષે વિચાર કરીએ છીએ ત્યારે ઉપર જણાવેલા વિચાર તરત જ મનમાં આવે છે. આજે આપણે અહિંસાને અને નિઃશસ્ત્રતાને સાધનો તરીકે સ્વીકાર્યાં હોવાથી સશસ્ત્ર બળના કે રક્તપાતના ખ્યાલથી જ આપણે ભડકીએ છીએ, અને હિંસામાં માનતા લોકોને—પછી ભલે એ સેંકડો વર્ષ પહેલાં થયા હોય, ભલે એમણે સ્વાતંત્ર્ય માટે પ્રાણ હોમ્યા હોય, તોપણ—આપણે માર્ગ ભૂલેલા દેશભક્તો તરીકે ઓળખાવવા પ્રેરાઈએ છીએ. આપણી આજની વિચારપ્રણાલિકાના રંગથી ભૂતકાળને રંગવાનો પ્રયત્ન કરવામાં ભૂલ થાય છે એ આપણે સમજી શકીશું ત્યારે જ સાધનોની અનેકતા આપણે સમજીશું અને પરમતસહિષ્ણુતા શીખીશું.

સરકાર પર તેમનો રોષ ભભૂકી ઊઠ્યો. જાહેર જીવન જ નહિ, પણ ખાનગી જીવન પણ જે સરકાર આમ ગૂંગળાવી નાખે તો એને દૂર કરવી જ જોઇએ એમ તેમને લાગ્યું. સાથેસાથે દાદાની જૂની જાહોજલાલી પણ સાંભરી; અને ત્યાર પછીની દશા તો દેખાતી હતી જ. પૂર્વજોના વૈભવનો અને અધિકારનો જે સત્તાએ નાશ કર્યો એ સત્તા આજે પોતાને માનાં દર્શન કરવા જવાની રજા પણ આપવા નાખુશ હતી! એમની બેચેની વધી ગઇ. ગમે તે હિસાબે રાજકીય પારતંત્ર્ય દૂર કરવાનો એમણે નિશ્ચય કર્યો.

એમણે તરત જ એમણે પૂનામાં યુવકોની સંઘટના કરવાના પ્રયત્નો આરંભ્યા. યુવકોને ભેગા કરવા, એમને સમજાવવા ભાષણો કરવાં, એમનાં શરીર સુબદ્ધ બનાવવા એમને મદદ કરવી, એમને તલવાર ચલાવતાં શીખવવી, નિશાનબાજીનું જ્ઞાન આપવું, એમાં જ એ પોતાનો વખત ગાળતા. સેંકડો જુવાનો એમના તરફ આકર્ષાયા. પર્વતની ટેકરીની બાજુમાં અથવા આજે જે ફર્ગ્યૂસન ટેકરી તરીકે ઓળખાય છે ત્યાં આ બધું ચાલતું. પૂનાના એ ભાગમાં ત્યારે બિલકુલ વસ્તી ન હતી. ગામમાં પણ એમનું પ્રચારકાર્ય ચાલતું. સદાશિવ પેઠમાં મુરલીધરનું જાણીતું મંદિર છે. ત્યાં રોજ સાંજે તેઓ જતા. બીજે ઠેકાણે પણ તે ભાષણો કરતા. એમના શ્રોતાઓમાં એ વખતે જુવાનીમાં પ્રવેશ કરતા લોકમાન્ય ટિળક પણ હતા એમ ફડકેનાં પત્નીએ લોકોને કહ્યું હતું.

૧૮૭૬-૭૭માં મહારાષ્ટ્રમાં મોટો દુકાળ પડ્યો. એ વખતના હૃદયદ્રાવક બનાવોથી તે વિહ્વળ થઈ ગયા અને લોકોની સહાય અર્થે આખા મહારાષ્ટ્રમાં ફર્યા. પોતાના આત્મચરિત્રમાં એ લખે છે, 'જે દેશમાં આપણો જન્મ થયો તે જ દેશમાં આપણા બધા બાંધવો જન્મ્યા. એ લે કોને ખાવાનું યે ન મળે, આપણો દેશ અમેરિકાની જેમ અંગ્રેજ લોકોની વસાહત થાય અને આપણે કૂતરાની માફક પેટ ભરતા રહીએ એવું થાય ત્યાર પહેલાં જ હું મરી જાઉં અને પરમેશ્વર પાસે જઈ ભારતના સ્વાતંત્ર્ય માટે ફરિયાદ કરૂં એ વધારે સારૂં. . . . મનમાં હજારો વિચારો આવતા. હાજતે જતો ત્યારે, નહાવા બેસતો ત્યાં, ઑફિસનું કામ કરતો ત્યાં, જમતી વખતે, ઊંઘમાં પણ (અને કેટલીય વાર તો વિચારોને લીધે કલાકો સુધી ઊંઘ જ ન આવતી) મનમાં એક જ વિચાર આવતો કે એ લોકોને —અંગ્રેજોને—કેવી રીતે નાબૂદ કરવા.

કોઇ પણ રીતે સ્વાતંત્ર્ય મેળવવું, એમ નિશ્ચય થયો. મનુષ્યબળ અને બીજી સામગ્રીની જરૂર હતી. વખત મળે ત્યારે ગામડાંઓમાં જવું, ખેડૂતોને ભેગા કરવા તથા સ્વાતંત્ર્ય મેળવવાથી એમની બધી અપેક્ષાઓનો નાશ થશે એમ એમને સમજાવવા, અને એમને પોતાના ઇચ્છિત આંદોલનમાં સહકારી બનાવવાનો પ્રયાસ કરવો એ એમનો કાર્યક્રમ થઈ ગયો. રામોશી તરીકે ઓળખાતા લડાયક લોકો મહારાષ્ટ્રમાં ઘણા છે. એમની મદદ મળે તો ઘણું થઇ શકે એમ એમને લાગ્યું. એટલે પૂના પાસેનાં ગામડાંઓમાં વસતા રામોશીઓને એમણે એક ઠેકાણે જમવા બોલાવ્યા અને સહકારની માગણી કરી. વિચાર એવો હતો કે બની શકે ત્યાં ધાડો પાડવી, પૈસા ભેગા કરવા, શસ્ત્રો ખરીદવાં અને સૈન્ય ખડું કરવું, જેથી સ્વાતંત્ર્યપ્રાપ્તિનો માર્ગ સહેલો થાય. પેશ્વાઇના અંત પછી રામોશીઓનાં શસ્ત્રો તો ઘરમાં કાટ જ ખાતાં હતાં. ફરીથી એ વાપરવાની અને લૂંટ ચલાવવાની તક રામોશીઓ શાના ગુમાવે? તેઓ તરત જ તૈયાર થયા.

૧૮૭૯ના ફેબ્રુઆરીમાં ફડકેએ રામોશીઓની મદદથી બળવો જાહેર કર્યો. ધામારી ગામ લૂંટવામાં આવ્યું. અને પછી તો વાલ્હે, નિંબગામ, હરણે, ચાંદખેડ, લોણી એમ એક પછી એક ગામનો વારો આવ્યો. એક મહિનામાં તો વાસુદેવ બળવન્તનું નામ મહારાષ્ટ્રમાં ઘરઘરનો શબ્દ થઇ ગયું. મે માસ સુધી આ બધું અપ્રતિહત ચાલ્યું. સરકારી પક્ષનાં તથા ઍંગ્લો-ઇંડિયન પત્રોએ બૂમાબૂમ કરી મૂકી કેટલાં યે ગામમાંથી બીકના માર્યા ખેડૂતોએ હિજરત કરી. ગોરા લોકો બીજાં ગામ મૂકી પુના ને મુંબાઇ આવી રહ્યા. ફડકેને પકડવા સરકારે અનેક ફાંફાં માર્યાં પણ સફળતા મળી નહિ.

રામોશીઓ ફડકેના સહકારી તરીકે એમની સાથે ફરતા ખરા, પણ તેઓ ફડકેના ઉચ્ચ આદર્શો સમજી શકે એમ ન હતા. સ્વાતંત્ર્ય મેળવવા ખાતર શસ્ત્રો મેળવવાં જોઇએ, અને પૈસા વગર શસ્ત્રો મળી શકતાં નથી એટલે જ લૂટ ચલાવવી જોઇએ, એ વાત એમને ગળે ઊતરતી ન હતી. એમને તો લૂટ ખાતર લૂટ ચલાવવામાં જ વધારે મઝા પડતી. જે મળે તે બધું નેતાને સોંપી દેવું અને પછી એ આપે એટલો ભાગ રાખવો એવો કરાર હતો. પણ આગળ જતાં એમ બન્યું કે લૂટનો ઘણોખરો માલ તેઓ પોતાની પાસે રાખતા ને ફડકેના હાથમાં કશું આવતું જ નહિ, એટલું જ નહિ પણ લોકોને રંજાડવા ન જોઇએ એવી આજ્ઞા હોવા છતાં તેઓ લોકોને હેરાન કરતા. આથી આ ચળવળ પ્રત્યે લોકોની સહાનુભૂતિ ટકી શકી નહિ.

મે મહિનામાં ફડકેના બળવાની પરાકાષ્ઠા આવી ગઈ. તારીખ ૮, ૯ અને ૧૦મી એ પાલેં, ચિખલેં અને પળસ્યેં ગામ લૂંટાયાં. છેલ્લા ગામમાં એક ઘરમાંથી જ લાખો રૂપિયાની મિલકત લૂંટાઇ અને ૧૩ મીએ તો એવો એક બનાવ બન્યો કે જેથી આ બળવાના સમાચાર છેક લંડન સુધી પહોંચી ગયા! તે રાત્રે પૂનાના બુધવાર પેઠમાં એક ભવ્ય પ્રાસાદને અચાનક આગ લાગી. 'આજે ફડકે પૂના લેશે' એવી અફવા તરત જ ફેલાઇ, ત્યાં વિશ્રામબાગ મહેલમાં આગ ફાટી નીકળ્યાના સમાચાર આવ્યા. અમલદારોના હોશકોશ ઊડી ગયા. આગ લગાડનાર માણસ પકડાયો. એ ફડકેનો મિત્ર નીકળ્યો; એટલું જ નહિ પણ એનું નામ રાનડે હતું, એટલે સરકારને શક પડ્યો કે ન્યાયમૂર્તિ રાનડેનો પણ એમાં હાથ હોવો જોઇએ! તરત જ રાનડેને ત્યાંથી બદલવામાં આવ્યા અને ગામમાં કર્ફ્યૂ જાહેર થયો. પણ ફડકે આબાદ છટકી ગયા હતા.

ફડકેને પકડી લાવવા માટે હજારો રૂપિયાનું ઇનામ જાહેર થયું પણ એ જાહેરનામું બહાર પડ્યું ત્યાં તો ફડકેની સહીવાળું બીજું એક જાહેરનામું બધે ઝળકવા માંડ્યું! એ વખતના ગવર્નર સર રિચર્ડ ટેમ્પલનું માથું લાવે એને મોટું ઇનામ આપવાનું એમાં જાહેર કરવામાં આવ્યું હતું! સ્વરાજ અને સ્વદેશ ખાતર બળવો કરવાની લોકોને એમાં હાકલ હતી અને સરકારે શું કરવું જોઇએ એ વિષે હુકમ પણ આપવામાં આવ્યા હતા! સરકાર હવે ચૂપ બેસી શકે એમ ન હતું સરકારે આખરી ઇલાજ અજમાવ્યો. મેજર ડૅનિયલ નામના અધિકારીને મોટા સૈન્ય સાથે બળવો દાબી દેવા માટે નીમવામાં આવ્યો

મેજર ડૅનિયલે ફડકેનો પીછો પકડ્યો. અમુક ઠેકાણે ફડકે છે એવા સમાચાર મળે કે ડૅનિયલ ત્યાં દોડી જતો. પણ ફડકે હાથમાં આવતા નહિ. બે મહિના એમ ચાલ્યું. વેશ બદલી ફડકે ક્યાંય છૂ થઈ જતા. પરિણામે એમને જંગલોમાં ભટકવું પડ્યું. મિત્રો અને સહકારીઓ ચાલ્યા ગયા અને એકલા બની અનેક વિપત્તિઓ વેઠવાની આવી. હજી યે એમને રોહિલાઓનું સૈન્ય ખડું કરવાની આશા હતી. લોકોને એ ખૂબ સમજાવતા. પણ એ સમજાવટ ખાસ કારગત થતી નહિ. ફડકે એક ગામમાંથી નીકળી જાય અને ચાર જ કલાક

પછી ડૅનિયલ ત્યાં આવે એમ ઘણીવાર બનતું.

આખરે ડૅનિયલને ચોક્કસ ભાળ મળી ગઈ કે ફડકે અમુક દિશામાં પ્રવાસ કરે છે. અને એ બનાવ આમ બન્યો. ફડકે એક ગામડે પહોંચ્યા. ત્યાં એમનો એક મિત્ર રહેતો હતો એને ઘેર જઈ એમણે આશરો માગ્યો. મિત્ર કબૂલ થયો. વાત છાની રાખવાની હતી. પણ ઘરમાં પત્નીને તો કહેવું જ પડે ને? સાંજે મિત્રપત્ની મંદિરમાં કથા સાંભળવા ગઈ. ત્યાં એક બ્હેનપણી જોડે વાતો કરતી હતી, ત્યાં ભૂલથી તેનાથી બોલી જવાયું કે કોઈ ફડકે આવ્યા છે. બ્હેનપણીનો પતિ પોલીસમાં હતો. પેલી ઘેર ગઈ અને પતિને વાત કરી એણે તરત જ સમાચાર મોકલી દીધા. ડૅનિયલે પીછો પકડ્યો. મિત્રપત્ની ઘેર આવી. મંદિરમાં શું બન્યું તે કોણ જાણે કેમ પતિ પાસે બોલી. ફડકેને કહેવામાં આવ્યું. રાતનો સમય હતો. મિત્ર ઘણો જ દુઃખી થયો. પણ શું થાય? ફડકે ઊપડ્યા. સવાર થયું ત્યાં મેજર ડૅનિયલ ગામમાં આવ્યો. ગામમાં સમાચાર ફેલાયા, અને ફડકેનો મિત્ર હાથમાં લોટો લઈ બહાર નીકળ્યો તે સોળ વર્ષ પછી ઘેર પાછો આવ્યો!

૧૮૭૯ની ૨૦મી જુલાઈની રાત્રિ હતી. ફડકે નાસતા નાસતા હૈદરાબાદ રાજ્યની હદના દેવનાગરી નામના ગામના એક મંદિરમાં પહોંચ્યા. થાકીને તદ્દન લોથ થઈ ગયા હતા, તોપણ દેવીભક્ત હતા એટલે નહાયા, ધ્યાન કર્યું અને થાક દૂર કરવા મંદિરમાં જ સૂતા. મધરાતે ડૅનિયલ આવી પહોંચ્યો. ગામમાં પ્રવેશતાં જ એને ખબર મળી ગઈ કે ફડકે મંદિરમાં સૂતા છે. ધીમે પગલે તે મંદિરમાં ગયો અને ફડકેની છાતી પર ચડી બેઠો. ફડકે જાગ્યા ને ત્રાડૂક્યા : 'હત બાયલા! આમ કાયરની માફક મને પકડે છે? તને દ્વંદ્વનું આવ્હાન આપું છું. ચાલ, લડી લે મારી સાથે.' પણ ડૅનિયલ માન્યો નહિ. એની સાથે નિઝામનો સેનાપતિ અબ્દુલ હક હતો. સ્ટિવન્સન નામનો અમલદાર પણ હતો. મોટું સૈન્ય સાથે હતું. બધાએ ફડકેને પકડી લીધા. એમની પાસે એ વખતે એમની પ્રિય તલવાર, બરછી, ગવર્નર પર લખેલો એક કાગળ અને આત્મચરિત્ર, એટલું હતું.

ફડકે પકડાયાના સમાચાર પહેલાં તો લોકો માની શક્યા નહિ. આખરે ખબર આવી કે એમને પૂના લાવવામાં આવશે. ૩૧મી ઑગસ્ટ ૧૮૭૯ના રોજ એમને પૂના લાવવામાં આવ્યા. સ્ટેશન પર હજારો લોકો એમને જોવા ભેગા થયા હતા. બે મહિના એમને કાચી કેદમાં રાખવામાં આવ્યા અને નવેમ્બરમાં એમના પરનો મુકદ્દમો શરૂ થયો. એમનો બચાવ કરવા કોઈ વકીલ તૈયાર ન થયો. અંતે 'સાર્વજનિક કાકા'એ એમનો બચાવ કર્યો. (એમનું ચરિત્ર કુમારના ગા. અંકમાં આવી ગયું) હજારો લોકો રોજ ન્યાયમંદિરમાં આવતા અને 'વાસુદેવ બળવન્ત ફડકેકી જય' બોલાવતા. સરકાર સામે લડાઈ જાહેર કરવાનો, યુદ્ધ માટે લોકો અને પૈસા એકઠા કરવાનો, રાણી સામે અસંતોષ જગાડવાનો, અને રાજદ્રોહનો, એવા ઘણા આરોપ એમના પર મૂકવામાં આવ્યા હતા. બધા ધારતા હતા કે કાયદાની નજરે તો એમને ફાંસીની જ સજા થશે; પણ કોણ જાણે શાથી, જન્મટીપની સજા ફરમાવવામાં આવી. રાજકીય ગુના માટે હિંદમાં અપાએલી જન્મટીપની એ પહેલી સજા હતી.

જન્મટીપના કેદીઓને એ વખતમાં એડન લઈ જવામાં આવતા. ફડકેને પણ ત્યાં જ લઈ જવામાં આવ્યા. પણ સ્વાતંત્ર્યની ઝંખનાવાળો જેલમાં કેમ ગોંધાઈ રહે? ૧૮૮૦ના ઑક્ટોબરમાં તો જેલની દીવાલ કૂદીને તેઓ બહાર નીકળી આવ્યા. પણ નાસી જવાના પ્રયાસમાં સફળ થઈ શક્યા નહિ અને પંદરેક માઈલ પર ફરી પકડાઈ ગયા અને એડનમાં જ ૧૮૮૩ના ફેબ્રુઆરીની ૧૭મી તારીખે તે અવસાન પામ્યા.

એમના ખાનગી જીવન વિષે આપણે અહીં વિચાર કર્યો જ નથી. એમનાં પ્રથમ વારનાં લગ્ન ખૂબ ધામધૂમથી ઊજવવામાં આવ્યાં હતાં. ઓછામાં ઓછી પાંચસો છોકરીઓ જોયા પછી એ વહુ પસંદ કરવામાં આવી હતી. પણ એ પ્રથમ પત્નીનું મૃત્યુ થયું તે પછી ૧૮૭૪માં એ ગોપિકાબાઈ જોડે પરણ્યા. એમને પણ એમણે લાઠી, લકડીપટા, તલવાર, બંદૂક, ઘોડેસવારી વગેરેનું શિક્ષણ આપ્યું હતું. પણ પતિની બળવા પ્રવૃત્તિને કારણે ગોપિકાબાઈને પતિસહવાસ ઝાઝો સાંપડ્યો નહિ. તેઓ હમણાં છેક ૧૯૪૦માં પનવેલમાં મૃત્યુ પામ્યાં.

સશસ્ત્ર બળવો જાહેર કરનાર સૌ પહેલા સુશિક્ષિત હિંદી ક્રાન્તિકારક ફડકે જ હતા. એમને પોતાના કાર્ય માટે કોઈ દિવસ પસ્તાવો થયો ન હતો. આત્મચરિત્રમાં તેઓ લખે છે, 'હું કશોય પુરુષાર્થ કરી શક્યો નથી. હું પરમેશ્વરથી ડરતો નથી. હું એની જોડે લડવા જવાનો છું. મારા પ્રયત્ન ભલે નિષ્ફળ નીવડ્યા છે; પણ મારી જીંદગી તો યે હું અંગ્રેજોને તો જંપવા નહિ દઉં.' સ્વરાજ મેળવવાના સાધન તરીકે જ તેમણે લૂંટનો આશ્રય લીધેલો. 'કોઈ પણ સ્ત્રીને સ્પર્શ ન કરવો અને નાના બાળકને ત્રાસ ન થવો જોઈએ' એવો સખત હુકમ તેઓ અનુયાયીઓને આપતા. એમને તો 'ઇંડિયન રીપબ્લિક' (હિંદી પ્રજાસત્તાક રાજ) સ્થાપવું હતું. સ્વરાજ મળ્યા પછી જ દાઢી કરવી અને કપાળે તિલક કરવું એવી એમની પ્રતિજ્ઞા હતી, અને તેથી જ એમના એકના એક ચિત્રમાં તેઓ દાઢીવાળા દેખાય છે.

વીર વાસુદેવ બળવન્ત ફડકેએ સ્વીકારેલો માર્ગ આજે આપણને ગમે કે ન ગમે; પણ એટલું તો ચોક્કસ કે એમના ત્યાગ, પરાક્રમ કે દેશપ્રેમ વિષે બે મત હોઈ ન શકે. લોકોએ એમના માર્ગનું અનુકરણ કરવું જોઈએ એમ કોઈ પણ ન કહી શકે પણ ઇતિહાસની દૃષ્ટિથી તો એ વીરનરનું ચરિત્ર જાણવું એ પરમ આવશ્યક છે. **વસન્ત જોષી**

કલાકાર કૃષ્ણાજી આરા (અનુસંધાન પાછળના પાન ૬૩થી)

પણ હવે તેણે પોતાની કળાને જ જીવન સમર્પી તેની જ ઉપાસનામાં રહેવા નિશ્ચય કર્યો. કેટલાક એવા સજ્જનો મળી ગયા કે તેમણે વારાફરતી દર માસે તેનું એક ચિત્ર રૂા. ૧૦૦થી લેવું કબૂલ કર્યું. એટલે તેણે ખંડાલાના ઘાટોમાં અને ઉદ્યાનોમાં પીંછી અને રંગની જ સૃષ્ટિ ઊભી કરવા માંડી. આ રીતે નિર્વાહ ને ઉપાસના એકસરખાં ચાલ્યાં ને આજે તે મુંબાઈના અગ્રગણ્ય કલાકારોમાં સારું સ્થાન ને સન્માન મેળવી શક્યા છે.

હવે તેના કેટલાક શુભેચ્છકોના પ્રયાસ અને પ્રોત્સાહનથી તેણે વિશેષ અભ્યાસ માટે પારીસ જવાનો નિશ્ચય કર્યો છે. એકાદ મહિના પર તેનાં સર્વ ચિત્રોનું એક સુંદર પ્રદર્શન મુંબાઈમાં કોટમાં કાળા ઘોડા પાસે 'ચેતના' રેસ્ટોરાંમાં ભર્યું હતું. એના ચિત્રોમાં કથારસ બહુ ઓછો છે, પણ રંગની માદકતા અને વાતાવરણની જાદુભરી હવા જોનારને રોકી રાખે છે. ફૂલોના તેણે સંખ્યાબંધ અભ્યાસ કર્યા છે. ફૂલોનાં પાત્રોની એની સજાવટ ને રંગસુરખી અસલ ફૂલોની મ્હેક આપી શકે એટલી તેજસ્વી લાગે છે. માનવ પાત્રોનાં ચિત્રો તેણે થોડાં કર્યાં છે, પણ જે કર્યાં છે તેમાં નિરીક્ષણ અને ચોટ તેના હાથની શક્તિની સારી પરીક્ષા આપે છે. ૧૯૪૪માં ગવર્નરનું ઈનામ લેનારું ૩૦×૪૦ના માપનું તેનું ચિત્ર 'મરાઠા યુદ્ધ' આવેશ, ઝપટ ને અટપટા દાવોથી ફરતાં, મરતાં, દોડતાં માણસો ને પ્રાણીઓની હીલચાલોથી ભરપૂર છે. એના ચિત્રની છાયાઓ કાળી નથી લાગતી પણ વધુ મિનારાવાળા ઘેરા રંગોથી તર બનતી લાગે છે.

સ્વપરાક્રમથી આવડી સિદ્ધિ મેળવનાર એ યુવાન યુરોપમાં યે નવીનતમ ચમત્કાર કરી હિંદને વધુ ગૌરવશાળી બનાવે એ શુભેચ્છા.



ગાંડા હાથીનો સામનો

લેખક
વિજયગુપ્ત મૌર્ય

કુદરતે મલબારને વનસમૃદ્ધિથી છૂટે હાથે નવાજ્યો છે. પરંતુ એ વનશ્રી વચ્ચે વસતા તેના આદિવાસીઓ માટે 'સમૃદ્ધિ' એ અજાણ્યો શબ્દ છે. પાણી વચ્ચે તરસે મરતા, ભોજનના ભર્યા ભંડારો સામે ભૂખે મરતા અને દુનિયા માટે દિવસરાત કાપડ બનાવી ને પોતે નાગા ફરતા દુર્ભાગી લોકો આ દેશમાં જ જોવામાં આવે છે. તેઓ નિર્ધનતા અને ગુલામીમાં જન્મે છે, અજ્ઞાન અને ગરીબીમાં જીવે છે અને પારકા માટે જિંદગી નીચોવી નાખીને મરી જાય છે.

એવા આદિવાસીઓથી વસેલા પૂર્વ મલબારના એક જંગલની કોર પરથી જ્યારે આથમતા સૂર્યનાં કિરણો ઊંચે આકાશમાં ચડીને અદૃશ્ય થઈ ગયાં ત્યારે એ નાના સરખા ગામડાના લોકો ભય અને ચિંતાથી ફફડતા હતા, કારણ કે એક મસ્ત હાથી સામેના જંગલમાં બે દિવસથી દેખાતો હતો અને અંધારી રાતે જો આ ઝૂંપડીઓથી વસેલા ગામડા પર આવી ચડે તો કેવો વિનાશ વર્તાવે તે કોણ જાણે ?

આમ તો જંગલી હાથી માણસની ગંધ માત્રથી છેટા ભાગે; પણ મસ્તીમાં ગાંડા થએલા હાથીની તો વાત જ જુદી. હાથી જેવા બળવાન ને મહાકાય પ્રાણીને પકડી તેને ગુલામ બનાવનાર માણસ પર જાણે પોતાના ભાઈઓનું વેર લેતો હોય એમ મસ્ત હાથી તો માણસને વીણીવીણીને મારે છે. હાથીના કપાળમાંથી કોઈવાર કાળો ડામર જેવો ચીકણો પદાર્થ ઝરે છે. ત્યારે તે હાથી મસ્ત કહેવાય છે. એ વખતે પાળેલો હાથી પણ બેકાબૂ ને ભયંકર બની જાય છે, તો પછી જંગલી હાથી મસ્ત બને ત્યારે તેનાં ઝનૂન ને હુમલાખોરીનું તો પૂછવું જ શું ? એવો ગાંડો હાથી બે દિવસથી સામેના જંગલમાં કેર વર્તાવી રહ્યો હતો.

જંગલમાં વસેલાં છૂટાછવાયાં ઝૂંપડાંઓના સમુદાયને ગામડું પણ કેમ કહી શકાય ? તેમાં વળી વેંકટનું ઝૂંપડું તો તદ્દન ખેતરની પાસે હતું. પરંતુ આ લોકોને ડર લાગે તો પણ બીજું શું કરે ? રાત્રે રામૈયાએ પોતાના ભાઈ વેંકટની રજા લીધી અને જંગલ-ચોકિયાત તરીકેની પોતાની ફરજ બજાવવા ચાલ્યો ગયો. વેંકટ પોતાના કુટુંબ સાથે ઝૂંપડીમાં સૂઈ રહ્યો. ભર શિયાળો ચાલતો હતો. પાછલી રાત્રે જ્યારે મૃગસરના તારકવૃંદે આથમણા આકાશમાં ઊતરવા માંડ્યું ને તેની પાછળ પારાધિ પ્રકાશવા લાગ્યો, અને રાતબગલા, ઘૂવડ, ચીબરી ને દશરથિયાંના કર્કશ અવાજ ઓસરી જવા લાગ્યા ત્યારે, જંગલમાં પેલો મસ્ત હાથી ધીમે રહીને ચારો ચરવા ઊભો થયો. પરંતુ એ જ વખતે પવનની દિશા બદલી ને હાથીની સૂંઢ પર જાણે કાળોતરાએ દંશ દીધો હોય તેમ તેણે એક ભયંકર છીંકોટો મારીને પોતાની સૂંઢ ઊંચી કરી. તરસ્યો માણસ જેમ પાણી ગટગટાવે તેમ ઘૂંટીઘૂંટીને તે હવા ફેફસાંમાં ભરવા લાગ્યો. હાથીના એકમાત્ર અને ભયંકર દુશ્મનની તેને ગંધ આવી હતી: મગતરા જેવા કાળામાથાના માનવીની ! મસ્ત હાથી, દોરડાથી હોડી ખેંચાય તેમ એ ગંધથી ખેંચાઈને આગળ વધ્યો.

પૂર્વમાં દેવતાના અંગારા જેવો લાલ રંગે તગતગતો મંગળ ઊગ્યો ને ઉષ:કાળની પ્રતીક્ષા કરતા વનકુકડાએ શિયાળાની લાંબી રાતથી કંટાળીને અધીરાઈથી બાંગ પોકારી ત્યારે વેંકટની ઊંઘ ઉડી ગઈ. પરંતુ એ જ ક્ષણે તેને કોઈ અવ્યક્ત ભય પેઠો એ જંગલપુત્રને પ્રેરણા થઈ કે બહાર કંઈક છે! એ જ ક્ષણે મોટો કડાકો થયો, ઝૂંપડીની છાજ હાથીની સૂંઢમાં પકડાઈને ઊડી આઘે જઈ પડી અને હાથીની એકજ ઠોકરથી ઝૂંપડી જમીનદોસ્ત બની ગઈ. વેંકટનાં સ્ત્રી-બાળકોની ભયંકર ચીસો જંગલની શાન્ત હવાને કંપાવે તે પહેલાં તો વેંકટના શરીર ઉપર જાણે કોઈ રાક્ષસી અજગર પડ્યો હોય તેમ હાથીની સૂંઢ આવી પડી. બીજી જ ક્ષણે, ભયથી છૂટેલા પરસેવા ઉપર બહારની ઠંડી હવા લાગી, અને તેની સાથે જ મૃત્યુનો ઠંડો હાથ વેંકટના શરીર ઉપર ચંપાઈ ગયો. છૂંદાએલા શરીર અને લોહી ઉપર આથમતા ચંદ્રનાં કિરણ

જંગલના આદિવાસીના નિર્વ્યાજ બંધુપ્રેમ અને બહાદુરી આલેખતી એક શિકારકથા

પછી ડૅનિયલ ત્યાં આવે એમ ઘણીવાર બનતું.

આખરે ડૅનિયલને ચોક્કસ ભાળ મળી ગઈ કે ફડકે અમુક દિશામાં પ્રવાસ કરે છે. અને એ બનાવ આમ બન્યો. ફડકે એક ગામડે પહોંચ્યા. ત્યાં એમનો એક મિત્ર રહેતો હતો એને ઘેર જઈ એમણે આશરો માગ્યો. મિત્ર કબૂલ થયો. વાત છાની રાખવાની હતી. પણ ઘરમાં પત્નીને તો કહેવું જ પડે ને? સાંજે મિત્રપત્ની મંદિરમાં કથા સાંભળવા ગઈ. ત્યાં એક બહેનપણી જોડે વાતો કરતી હતી, ત્યાં ભૂલથી તેનાથી બોલી જવાયું કે કોઈ ફડકે આવ્યા છે. બહેનપણીનો પતિ પોલીસમાં હતો. પેલી ઘેર ગઈ અને પતિને વાત કરી એણે તરત જ સમાચાર મોકલી દીધા. ડૅનિયલે પીછો પકડ્યો. મિત્રપત્ની ઘેર આવી. મંદિરમાં શું બન્યું તે કોણ જાણે કેમ પતિ પાસે બોલી. ફડકેને કહેવામાં આવ્યું. રાતનો સમય હતો. મિત્ર ઘણો જ દુઃખી થયો. પણ શું થાય? ફડકે ઊપડ્યા. સવાર થયું ત્યાં મૅજર ડૅનિયલ ગામમાં આવ્યો. ગામમાં સમાચાર ફેલાયા, અને ફડકેનો મિત્ર હાથમાં લોટો લઈ બહાર નીકળ્યો તે સોળ વર્ષે પછી ઘેર પાછો આવ્યો!

૧૮૭૯ની ૨૦મી જુલાઇની રાત્રિ હતી. ફડકે નાસતા નાસતા હૈદરાબાદ રાજ્યની હદના દેવનાગરી નામના ગામના એક મંદિરમાં પહોંચ્યા. થાકીને તદ્દન લોથ થઇ ગયા હતા, તોપણ દેવીભક્ત હતા એટલે નહાયા, ધ્યાન કર્યું અને થાક દૂર કરવા મંદિરમાં જ સૂતા. મધરાતે ડૅનિયલ આવી પહોંચ્યો. ગામમાં પ્રવેશતાં જ એને ખબર મળી ગઇ કે ફડકે મંદિરમાં સૂતા છે. ધીમે પગલે તે મંદિરમાં ગયો અને ફડકેની છાતીપર ચડી બેઠો. ફડકે જાગ્યા ને ત્રાડુક્યા: 'હત બાયલા! આમ કાયરની માફક મને પકડે છે? તને દ્વંદ્વનું આવ્હાન આપું છું. ચાલ, લડી લે મારી સાથે.' પણ ડૅનિયલ માન્યો નહિ. એની સાથે નિઝામનો સેનાપતિ અબ્દુલ હક્ક હતો. સ્ટિવન્સન નામનો અમલદાર પણ હતો. મોટું સૈન્ય સાથે હતું. બધાએ ફડકેને પકડી લીધા. એમની પાસે એ વખતે એમની પ્રિય તલવાર, બરછી, ગવર્નર પર લખેલો એક કાગળ અને આત્મચરિત્ર, એટલું હતું.

ફડકે પકડાયાના સમાચાર પહેલાં તો લોકો માની શક્યા નહિ. આખરે ખબર આવી કે એમને પૂના લાવવામાં આવશે. ૩૧મી ઑગસ્ટ ૧૮૭૯ના રોજ એમને પૂના લાવવામાં આવ્યા. સ્ટેશન પર હજારો લોકો એમને જોવા ભેગા થયા હતા. બે મહિના એમને કાચી કેદમાં રાખવામાં આવ્યા અને નવેમ્બરમાં એમના પરનો મુકદ્દમો શરૂ થયો. એમનો બચાવ કરવા કોઈ વકીલ તૈયાર ન થયો. અંતે 'સાર્વજનિક કાકા'એ એમનો બચાવ કર્યો. (એમનું ચરિત્ર કુમારના મા. અંકમાં આવી ગયુ) હજારો લોકો રોજ ન્યાયમંદિરમાં આવતા અને 'વાસુદેવ બળવન્ત ફડકેકી જય' બોલાવતા. સરકાર સામે લડાઇ જાહેર કરવાનો, યુદ્ધ માટે લોકો અને પૈસા એકઠા કરવાનો, રાણી સામે અસંતોષ જગાડવાનો, અને રાજદ્રોહનો, એવા ઘણા આરોપ એમના પર મૂકવામાં આવ્યા હતા. બધા ધારતા હતા કે કાયદાની નજરે તો એમને ફાંસીની જ સજા થશે; પણ કોણ જાણે શાથી, જન્મટીપની સજા ફરમાવવામાં આવી. રાજકીય ગુના માટે હિંદમાં અપાએલી જન્મટીપની એ પહેલી સજા હતી.

જન્મટીપના કેદીઓને એ વખતમાં એડન લઈ જવામાં આવતા. ફડકેને પણ ત્યાંજ લઇ જવામાં આવ્યા. પણ સ્વાતંત્ર્યની ઝંખનાવાળો જેલમાં કેમ ગોંધાઈ રહે? ૧૮૮૦ના ઑક્ટોબરમાં તો જેલની દીવાલ કૂદીને તેઓ બહાર નીકળી આવ્યા. પણ નાસી જવાના પ્રયાસમાં સફળ થઈ શક્યા નહિ અને પંદરેક માઈલ પર ફરી પકડાઈ ગયા અને એડનમાંજ ૧૮૮૩ના ફેબ્રુઆરીની ૧૭મી તારીખે તે અવસાન પામ્યા.

એમના ખાનગી જીવન વિષે આપણે અહીં વિચાર કર્યો જ નથી. એમનાં પ્રથમ વારનાં લગ્ન ખૂબ ધામધૂમથી ઊજવવામાં આવ્યાં હતાં. ઓછામાં ઓછી પાંચસો છોકરીઓ જોયા પછી એ વહુ પસંદ કરવામાં આવી હતી, પણ એ પ્રથમ પત્નીનું મૃત્યુ થયું તે પછી ૧૮૭૪માં એ ગોપિકાબાઈ જોડે પરણ્યા. એમને પણ એમણે ઘોડેસવારી લકડીપટા, તલવાર, બંદુક, ઘોડેસવારી વગેરેનું શિક્ષણ આપ્યું હતું. પણ પતિની બળવા પ્રવૃત્તિને કારણે ગોપિકાબાઇને પતિસહવાસ ઝાઝો સાંપડ્યો નહિ. તેઓ હમણાં છેક ૧૯૪૦માં પનવેલમાં મૃત્યુ પામ્યાં.

સશસ્ત્ર બળવો જાહેર કરનાર સૌ પહેલા સુશિક્ષિત હિંદી ક્રાન્તિકારક ફડકે જ હતા. એમને પોતાના કાર્ય માટે કોઈ દિવસ પસ્તાવો થયો ન હતો. આત્મચરિત્રમાં તેઓ લખે છે, 'હું કશોય પુરુષાર્થ કરી શક્યો નથી. હું પરમેશ્વરથી ડરતો નથી. હું એની જોડે લડવા જવાનો છું. મારો પ્રયત્ન ભલે નિષ્ફળ નીવડ્યો છે; પણ મરી જઈશ તોયે હું અંગ્રેજોને તો જંપવા નહિ દઉં.' સ્વરાજ મેળવવાના સાધન તરીકે જ તેમણે લૂંટનો આશ્રય લીધેલો. 'કોઈ પણ સ્ત્રીને સ્પર્શ ન કરવો અને નાના બાળકને ત્રાસ ન થવો જોઇએ' એવો સખત હુકમ તેઓ અનુયાયીઓને આપતા. એમને તો 'ઇંડિયન રીપબ્લિક' (હિંદી પ્રજાસત્તાક રાજ) સ્થાપવું હતું. સ્વરાજ મળ્યા પછી જ દાઢી કરવી અને કપાળે તિલક કરવું એવી એમની પ્રતિજ્ઞા હતી, અને તેથી જ એમના અકના એક ચિત્રમાં તેઓ દાઢીવાળા દેખાય છે.

વીર વાસુદેવ બળવન્ત ફડકેએ સ્વીકારેલો માર્ગ આજે આપણને ગમે કે ન ગમે; પણ એટલું તો ચોક્કસ કે એમના ત્યાગ, પરાક્રમ કે દેશપ્રેમ વિષે બે મત હોઈ ન શકે. લોકોએ એમના માર્ગનું અનુકરણ કરવું જોઇએ એમ કોઇ પણ ન કહી શકે પણ ઇતિહાસની દૃષ્ટિથી તો એ વીરનરનું ચરિત્ર જાણવું એ પરમ આવશ્યક છે **વસન્ત જોષી**

કલાકાર કૃષ્ણાજી આરા (અનુસંધાન પાછળના પાન ૬૩થી)

પણ હવે તેણે પોતાની કળાને જ જીવન સમર્પી તેની જ ઉપાસનામાં રહેવા નિશ્ચય કર્યો. કેટલાક એવા સજ્જનો મળી ગયા કે તેમણે વારાફરતી દર માસે તેનું એક ચિત્ર રૂા. ૧૦૦થી લેવું કબૂલ કર્યું. એટલે તેણે ખંડાલાના ઘાટોમાં અને ઉદ્યાનોમાં પીંછી અને રંગની જ સૃષ્ટિ ઊભી કરવા માંડી. આ રીતે નિર્વાહ ને ઉપાસના એકસરખાં ચાલ્યાં ને આજે તે મુંબાઈના ગણત્રીવાળા કલાકારોમાં સારૂં સ્થાન ને સન્માન મેળવી શક્યા છે.

હવે તેના કેટલાક શુભેચ્છકોના પ્રયાસ અને પ્રોત્સાહનથી તેણે વિશેષ અભ્યાસ માટે પારીસ જવાનો નિશ્ચય કર્યો છે. બેએક મહિના પર તેનાં સર્વ ચિત્રોનું એક સુંદર પ્રદર્શન મુંબાઇમાં કોટમાં કાળા ઘોડા પાસે 'ચેતના' રેસ્ટોરાંમાં ભર્યું હતું. એના ચિત્રોમાં કથારસ બહુ ઓછો છે, પણ રંગની માદકતા અને વાતાવરણની જાદુભરી હવા જોનારને રોકી રાખે છે. ફૂલોના તેણે સખ્યાબંધ અભ્યાસ કર્યા છે. ફૂલોનાં પાત્રોની એની સજાવટ ને રંગસુરખી અસલ ફૂલોની મ્હેક આપી શકે એટલી તેજસ્વી લાગે છે. માનવ પાત્રોનાં ચિત્રો તેણે થોડાં કર્યાં છે, પણ જે કર્યા છે તેમાં નિરીક્ષણ અને ચાટ તેના હાથની શક્તિની સારી પરીક્ષા આપે છે. ૧૯૪૪માં ગવર્નરનું ઈનામ લેનારૂં ૩૦×૪૦ના માપનું તેનું ચિત્ર 'મરાઠા યુદ્ધ' આવેશ, ઝપટ ને અટપટા દાવોથી ફરતાં, મરતાં, દોડતાં માણસો ને પ્રાણીઓની હીલચાલોથી ભરપૂર છે. એના ચિત્રની છાયાઓ કાળી નથી લાગતી પણ વધુ ભિનાશવાળા ઘેરા રંગોથી તર બનતી લાગે છે.

સ્વપરાક્રમથી આવડી સિદ્ધિ મેળવનાર એ યુવાન યુરોપમાં કૈં નવીનતમ ચમત્કાર કરી હિંદને વધુ ગૌરવશાળી બનાવે એ શુભેચ્છા.

લોકજીવનની સંસ્કારિતાના પારખુ અને લાખેણા સાહિત્યકાર

સ્વ. ઝવેરચંદ મેઘાણી

ગિરિમાળાનું કોઈ શિખર તૂટી પડે ને વજ્રપાત થાય એવો વજ્રપાત થયો છે. શ્રી ઝવેરચંદ મેઘાણીનું અચાનક, અકાળે અવસાન થયું છે. ગુજરાતની સંસ્કાર-ગિરિમાળાનું જાણે એક ઊંચેરું શિખર તૂટી પડ્યું છે.

'ગુજરાતના રાષ્ટ્રીય શાયર'ના નામથી મહાત્માજીએ જેમને બિરદાવ્યા, તે કવિ-ગાયક, વિશિષ્ટ ગદ્યશૈલીના આવિષ્કારક, પીઢ પત્રકાર, ગુજરાતના તળપદા લોક-સાહિત્યના આદ્ય સંશોધક અને સમુદ્ધારક, નિખાલસ વિવેચક અને માનવતાના મર્મ તથા માર્દવના પ્રીછનાર અને પુરસ્કર્તા નવલકથાકાર, એમ અનેકમુખી સાહિત્ય-પ્રવૃત્તિઓના સ્વામી એ, 'લાખેણા સાહિત્યકાર' ગઈ તા. ૯મી માર્ચની રાત્રે બોટાદ(કાઠિયાવાડ)-માંના એમના નિવાસસ્થાને માત્ર એકાવન વર્ષની વયે પેટના વાયુનું હૃદય પર દબાણ થઈને અચિંતા અવસાન પામ્યા. એમના જવાથી ગુજરાતને સાંપડેલી ગરીબીનો ક્યાસ આજે કાઢી શકાતો નથી.

સાહિત્ય અને સંસ્કારના ભગીરથ

સગા ભાઈ ઝવેરચંદ મેઘાણીનો અકાળ દેહ-વિલય ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં મહાન આપત્તિ રૂપ છે. એ રસપ્રવાહ વહે-વડાવનાર, માનવીનાં નવાં મૂલ્ય સરજનાર, વહાલપ અને મૈત્રીનાં મીઠાં ઝરણ વહેવડાવ-નાર દિલદરિયાવ કવિબાદશાહની ખોટ પુ-રાવી મુશ્કેલ છે. એ એક વિરલ માનવી હતા, ગુજરાતના એક સંસ્કૃતિવિધાયક ને પનોતા પુત્ર હતા, ગુજરાતનું મોંઘામૂલું રત્ન હતા, ગુર્જરીના લાડકવાયા હતા. ગુજરાતનાં અનેક દુભાએલાં નરનારીઓ ને ખૂણે પડેલાં રત્નો-ના ભેરુબાંધવ હતા. એમની કલમે ગુજરાત નવસર્જન પામ્યું છે. ગુર્જરીનાં અશ્રુ સુકાવાં મુશ્કેલ છે.

રવિશંકર રાવળ

એમનો જન્મ દશાશ્રીમાળી જૈન વણિક જ્ઞાતિમાં સં. ૧૯૫૩ના શ્રાવણ વદ પાંચમના દિવસે, તા. ૧૭મી ઑગસ્ટ ૧૮૯૭ના રોજ કાઠિયાવાડની 'કંકુવરણી પાંચાલ ભૂમિના ચોટીલા ગામે' થયો હતો. એમના પિતાનું નામ કાલિદાસ દેવચંદ મેઘાણી અને માતાનું નામ ધોળીબાઈ વીરજી રૂપાણી. એમના વડવાઓનું મૂળ વતન તો ગીર-કાંઠાનું ગામ ભાયાણીનું બગસરા, પણ 'પિતા કાઠિયાવાડ એજન્સી પોલીસના એક નાના અમલદાર હોવાથી થાણે થાણે થતી એમની બદલીઓને કારણે એમનો જન્મ 'ચોટીલા ગામે, ચામુંડી માતાના ડુંગરની તળેટીમાં, એજન્સી પોલીસના એ વેળાના અઘોર વાસ લેખાતા થાણામાં' જેમ થયો હતો, તેમ એમનું બાળપણ તથા પ્રાથમિક માધ્યમિક કેળવણીની કિશોરાવસ્થા પણ રાજકોટ, દાઠા, પાળિયાદ, વઢવાણ કૅમ્પ, બગસરા, અમરેલી વગેરે વિવિધ ગામોમાં વીતી હતી. રાજકોટ એમના બે થી આઠ વર્ષની બાલ્યાવસ્થાની લીલાભૂમિ. અને ત્યાં જ એ પ્રથમ નિશાળે બેઠા. અને પિતાની નોકરીનાં 'એ તમામ થાણાં—એ ચોક, દાઠા, ચમારડી, લાખાપાદર—કોઈ ગીરમાં, કોઇ પહાડમાં, કોઇ ભયંકર નદીનેરાંવાળી વંકી અને વિકરાળ જગ્યાઓ ઉપર સ્થપાએલાં. હોવાથી એ પહાડ ભેદંતી નદીઓના ઊંડા ધરા ને એ ડુંગરની એકાંત ખોપો બાળપણનાં સંગી હતાં. અગિયાર વર્ષની વયમાં તો, અંગ્રેજી બીજા ધોરણથી, માવતરથી ઉતરડાઇને વીસવીસ માઇલ વેગળાં ગામોમાં વિદ્યાભ્યાસ અર્થે એમને ફંગોળાવું પડેલું. એ કાળમાં નક્કર કુલસંસ્કાર. નગરસંસ્કાર કે ધર્મસંસ્કારને અભાવે આશ્વાસન મળતું માત્ર કુદરતની સૌંદર્ય-લીલામાંથી. પરઘરાવલંબી એ બાળકને માંદગી કે લાંબી ટૂંકી રજાઓના દહાડા આવતાં. ગાય વાછરૂંને ઝંખે તેમ એ થાણાં ઝંખતાં, અને શિશુકાળની નધણિયાતી, લાલનવિહોણી અને મૂંગી મુરઝાતી લાગણીઓને કોમળશીતળ સ્પર્શ એ નિસર્ગનાં લાલનમાંથી મળતો.

નિસર્ગલાલનની હૂંફે એમ મોટો થતો પહાડનો એ બાળજીવડો પહાડનાં ટેટાટીંબરૂ અને ગુંદાં વગેરે ગળચટાં મેવાની માફક કિશોર વયથી જ પહાડની પેદાશ રૂપ દુહાસોરઠાવાળી લોકકવિતાનો પણ રસિયો હતો. હોળીમાં ગોવાળીડા જુવાનો ને ધરડાખખ ખેડૂતો સામસામા જે દુહાસંગ્રામ માંડતા તેનો એ બાલભોક્તા હતો.'

તે પછી તો ઘણાં વર્ષનો ગાળો પડ્યો. મૅટ્રિક પસાર કરી જૂનાગઢ (બહાઉદ્દીન) અને ભાવનગર (શામળદાસ) કૉલેજોમાં અભ્યાસ કરી એ ઇ. ૧૯૧૬માં અંગ્રેજી અને સંસ્કૃત ઐચ્છિક વિષય લઇને બી.એ થયા. એ દરમ્યાન ભિન્ન ભિન્ન સાહિત્યસંસ્કાર પડ્યા અને ભીતરની ભોંયમાં વહ્યા કરતાં જૂના રસનાં ઝરણાંને પોષણ મળ્યા કર્યું. ગ્રૅજ્યુએટ થઇને એ ૧૯૧૭માં કલકત્તામાં જીવનલાલ કંપની લિમિટેડના ઍલ્યુમીનિયમના કારખાનામાં વ્યવસ્થા વિભાગમાં જોડાયા. ત્યાં બંગાળી ભાષા અને સંસ્કાર દ્વારા ત્યાંના સાહિત્યમાધુર્યનો સંપર્ક પામ્યા. ૧૯૧૮માં એ કંપનીના કામે તેઓ ઇંગ્લંડ ગયા. પણ ત્યાંથી પાછા આવ્યા બાદ એ કામ પોતાની રુચિથી પ્રતિકૂળ લાગતાં છોડીને ૧૯૨૨માં વતન પાછા આવ્યા.

એ અરસામાં 'ભીતરની ભોંયમાં વહેતાં જૂના રસનાં ઝરણાનાં પ્રવાહોને કળનાર પાણીકળો ભેટ્યો. એ વૃદ્ધ વડિલ મિત્ર પોતાની શાંત શૈલીએ માંગડા ભૂતની, પીઠાત હાજી અને વેજીની, એભલ વાળા અને સાંઇ નેહડીની, ચાંપરાજ વાળાની એવી કૈં કૈં વાર્તાઓ કહેતા. દુહા ટાંકતા જતા, ને એકેક દુહા પર એની રસના ને કલ્પના ક્યાં ય લગી વજૂંભી રહેતી. એ વડિલ મિત્ર, હડાળાના દરબાર શ્રી વાજસુરવાળાની પ્રેરણા પછી એમને એ પહાડી સાહિત્ય ને તવારીખ શોધવાની અને એ પ્રાચીન સંસ્કૃતિના સોરઠી-કાળને પ્રેમપૂર્વક તપાસવા તથા ઓળખવાની પિપાસા જાગી.'

કલકત્તાની નોકરી છોડીને કાઠિયાવાડ આવ્યા તે વેળાએ એ 'દિશાશૂન્ય હતા. સ્થિર થવું હતું. ખેતીના ઉધામા ચડ્યા. વ્યાપારી સ્વજનો વ્યાપાર તરફ ખેંચવા લાગ્યા. દેશી રજવાડાંની નોકરી પણ બહુ દૂર નહોતી. ભાગ્યના ભેરૂ જેવી શિક્ષણની નોકરી તો સામે જ ઊભી હતી. એવી સ્થિતિમાં ખરાબે ચડેલા એ નાવને એમના બેત્રણ લેખોએ બચાવ્યું.' 'ચારણોનો પોકાર' અને 'અમર રસની પ્યાલી' નામના લેખો એમણે એ વખતે તાજા જ નીકળેલા 'સૌરાષ્ટ્ર' પત્ર પર મોકલ્યા. અને એ એ 'ચારણોનો પોકાર' લેખ વાંચતાં જ શ્રી અમૃતલાલ શેઠે તાર કરી એમને બોલાવી 'સૌરાષ્ટ્ર'ના તંત્રી ખાતામાં લઈ લીધા.

એમને તેડ્યા હતા તો સાહિત્યશાખા ચલાવવા; પણ પત્રકારત્વથી એ નિર્લેપ રહી શકે તેમ ન હતું. બંને ક્ષેત્રોમાં એ રમણ કરતા ગયા. ને યોગ્ય ક્ષેત્ર મળતાં એમની કલમ ને કલ્પના બંને ખરેખર રમણે ચડી.

એમનુ પ્રથમ અને આજે પણ અદ્વિતીય રહેલું સાહિત્યકાર્ય તે

ગુજરાત–કાઠિયાવાડના લોકસાહિત્યનું સંશોધન અને મૂલ્યાંકન. 'સૌરાષ્ટ્ર'ના દરેક અંકમાં એકેકબબે સાહિત્યલેખનું શિલ્પ મૂકવાનો શ્રી શેઠનો આગ્રહ હતો. જૂની પ્યાસ ફરી જાગૃત થઈ. ગુરુવારે પત્રનું કામ પૂરું થતાં શુક્ર, શનિ ને રવિ એ ત્રણ દિવસોમાં કાં તો સાહિત્ય-લેખન ચાલતું, ને કાં તો એ સોરઠી ગીતો ને કથાઓને શોધવા પ્રવાસે ભટકતા. જે ઔત્સુક્ય ને લગનીથી એમણે એ પ્રવાસો ખેડ્યા છે અને ઊંડા વેરાનનાં ગામગામડાં, પહાડપ્રદેશ ને સાગરકાંઠા ઘૂમી ઘૂમીને ચારણ ને મેર, આહીર ને ગઢવી, ભજનિકો ને ફકીરો અને ડોશીડગરાં સુદ્ધાંમાં ભટકી ભટકીને, એમનાં હૃદયને સ્પર્શી સ્પર્શીને જે જહેમતથી એમણે એ વિલાઈ જતું સંસ્કારધન એકઠું કર્યું છે એનો ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે. વિસ્મૃતિની ધૂળમાં દટાએલાં આપણી સંસ્કારલક્ષ્મીનાં એ રત્નો (એ લોકવાર્તાઓ ને લોકગીતો, શૌર્યકથાઓ ને માનવતાની ગાથાઓ, ભજનો ને સંતવાણી, વ્રતઉપવાસની વાતો અને લગ્નનાં ગીતો) ને વીણીવીણીને એમણે બહાર કાઢ્યાં, તેનાં તેજ સંકોર્યાં, તેનાં મૂલ મૂલવ્યાં ને જનતાના કંઠમાં આરોપીને નવપ્રજામાં પોતાના અંતર્દેશીય સાહિત્યસંસ્કાર પ્રત્યે પ્રેમાભિમાન ઉત્પન્ન કર્યું. 'સૌરાષ્ટ્રના ઇતિહાસ અને સંસ્કૃતિના થર ઉખેળીને સમાજ જીવન-ની ભુલાતી સમૃદ્ધિને એમણે શોધી કાઢી, એ તળપદી ભાષા અને છંદોનો પુનરુદ્ધાર કર્યો, ભાટ-ચારણ-બારોટના ભેરુબંધ બની તેમની લુપ્ત થતી વિદ્યા એમણે સાચવી ને સારવી, એમના સાહિત્યભંડારનાં બિડાએલાં દ્વાર એમણે ખુલ્લાં કરાવ્યાં. અને સૌરાષ્ટ્રમાં ઘૂમી ઘૂમીને હાથ કરેલા એ વિલીન થતા વારસાને વિદ્યાલયોમાં, કૉલેજોમાં, સા-હિત્ય સભાઓમાં ને વિદ્વત્પરિષદોમાં એ એકઠું કરેલું ધન લુટાવ્યું.'. ઈ. ૧૯૨૩માં 'સૌરાષ્ટ્રની રસધાર'નો પહેલો ભાગ પ્રકટ થયો અને પાંચ જ વર્ષમાં, ૧૯૨૮માં અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ એમની એ વિશિષ્ટ સંસ્કારસેવાની કદરમાં એમને પહેલવહેલો 'રણજીતરામ સુવર્ણ ચન્દ્રક' અર્પીને એમનું બહુમાન કર્યું. 'પશ્ચિમ-ના વિચારપ્રવાહોના હથોડા ઘા નીચે ભાંગતી જતી આપણી સંસ્કૃતિને પુનર્જીવન આપવામાં એમનો એ ફાળો મોટો છે. ગુજ-રાત પોતાના સુંદર લોકજીવનના સુંદર સંસ્કારની પરંપરાની કડીઓ સાંધી શક્યું તે એમના જ પ્રયાસથી. એમની એ સેવાની સુવાસ દક્ષિણે મહારાષ્ટ્ર અને પૂર્વે બંગાળના પરપ્રાંતીય સીમાડાઓ સુધી પહોંચી છે. સાહિત્યિક દૃષ્ટિએ ગુજરાતની સંસ્કારિતાને અન્ય પ્રાંતો આગળ રજૂ કરવામાં એમના જેટલો ફાળો આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ સિવાય હજી બીજા કોઇને નામે નોંધાયો નથી.

એ સંશોધન કરતાં કરતાં એમની હૃદયગુહામાંનાં સુપ્ત કાવ્ય-ઝરણ પણ બહાર નીકળી વહેવા લાગ્યાં. એટલામાં ૧૯૩૦માં દાંડીકૂચ ને મીઠાની લડત આવી અને એ સ્વાતંત્ર્યસંગ્રામના પ્રેરક દિવસોમાં એમની ધીર કવિવાણી 'સિન્ધુડા'ના ઘેરા સૂરોમાં પલટાઈ ગઇ અને એ સંગ્રામકાવ્યોએ ગુજરાતને શૌર્યથી ભરી દીધું. લડતની છાવણીઓમાંથી ગામડાંઓમાં ઘૂમી વળતાં યુવક-યુવતી-ઓના કંઠ દ્વારા એ કાવ્યો લોકોમાં અદ્ભુત ચેતના ભરી દેતાં એમાં પીડિતોની વેદના ને પડકાર હતાં, યુગોના રંગોનું એમાં પ્રતિબિંબ હતું, સ્વાતંત્ર્યવાંછુ પ્રજાનાં અરમાન ને ઓરતા હતા. જાણે પ્રજાનો પ્રાણ એમની કલમ અને કંઠ દ્વારા આવિર્ભાવ પામ્યો હતો.

'"હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ" બુલંદ સૂરે ગાઇને એમણે સ્વરાજ્યના સૈનિકોને જેલમંદિરે વળાવ્યા. એ વેદનાને કરુણા-ભર્યા પ્રલંબ સૂરે ગાઇને એમણે શ્રોતાજનોને અશ્રુધારે રડાવ્યા, ને બે વર્ષની સજા પામી જેલ ગયા. અને પોલીસના અત્યાચારોના વર્ણનના વાઈસરૉય અર્વિન ઉપરના પત્રમાં ગાંધીજીએ એમની એ ધરપકડનો ઉલ્લેખ કરતાં એમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું.

પણ પત્રકારત્વનો મોહ હવે પાતળો પડી જતાં એ ક્ષેત્ર એમને 'વેરાન રૂપ લાગવા માંડ્યુ. એટલે સાહિત્યરસની પોતાની નાની દીવી લઇને પત્રકારત્વ ત્યજી એમણે જુદી વાટ ઝાલી. પછી 'સૌરાષ્ટ્ર' બંધ થયું ને 'ફૂલછાબ' શરૂ થયું તેમાં એમની દીવાને આદર મળ્યો. પણ કાળબળે એ ય બદલી જતાં એ મુંબાઈ ગયા.

ત્યાં એક દિલસોઝ ચિત્રપટકાર એમનાં ગીતો અને કથાઓને પર્દા પર ઉતારવાનો પ્રયોગ વિચારી રહ્યા હતો, એવામાં શ્રી અમૃત-લાલ શેઠે 'જન્મભૂમિ' દૈનિક કાઢ્યું. તેના સાહિત્યવિભાગના અઠ-વાડિક પૃષ્ઠ 'કલમ-કિતાબ'ના એ તંત્રી બન્યા અને એ સ્થાનેથી જનસામાન્યને વર્તમાન સાહિત્યના રસપ્રવાહથી પરિચિત કરવાનો નવો ચીલો શરૂ કર્યો: વિવેચનને લોકભોગ્ય બનાવવાની એમની એ પહેલ છતાં એમાં નીડરતા કે નિખાલસતા જરા પણ ઊણાં ન હતાં.

ઈ. ૧૯૨૨માં એમનું પ્રથમ લગ્ન જેતપુરમાં શ્રી દમયંતી બહેન સાથે થએલું. ૧૯૩૩માં ચાર બાળકો મૂકીને એ પત્ની અવસાન પામ્યાં બાદ ૧૯૩૪માં મુંબાઈવાસ દરમ્યાન એમણે શ્રી ચિત્રાદેવી સાથે બીજુ લગ્ન કર્યું. અને ત્યાર પછી ફરી પાછો પત્રકારત્વનો સાદ પડતાં ૧૯૩૬માં તેઓ 'ફુલછાબ'ના તંત્રીપદે રાણપુર ગયા, જે સ્થાનેથી હમણાં બે જ વર્ષ પર એ નિવૃત્ત થયા. ત્રેવીસ વર્ષની એમની એ કારકીર્દિ ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં પણ સીમાસ્તંભ જેવી છે 'એમની ભાષાનું પ્રભુત્વ, એમની અનોખી શૈલીની ચોટ, એમના વિષયોનું વૈવિધ્ય અને સૌરાષ્ટ્રના જનહૃદયનો એમનો પ્રવેશ એ બધું એમનું અનોખું જ હતું.' 'જ્યાંજ્યાં અસત્યનો લોપ થતો જણાયો ત્યાં કશા યે પૂર્વગ્રહ કે પક્ષપાત વિના એમણે સત્યનો અવાજ રજૂ કર્યો છે. ખુદ ગાંધીજીની વિચારસરણી સાથેનો મતભેદ પણ રજૂ કરતાં એ અચકાયા નથી, તેમ પોતાના પ્રતિસ્પર્ધીએ બતાવેલા સત્યનો આદર કરતાં પણ એ અચકાયા નથી.'

અને એક પચ્ચીશીની પોતાની સાહિત્યસેવા દ્વારા તો પોણોસો જેટલી કૃતિઓ આપીને એમણે ગુજરાત ઉપર પોતાના સર્વશ્રેષ્ઠની ન્યો છાવરી જ કરી છે. સંશોધન, વિવેચન, નવલકથા, નાટક. કવિતા, જીવનકથા, ઇતિહાસ, પ્રવાસ—એવી સર્વતોમુખી સાહિત્યદિશા-ઓની કૃતિઓમાં પોતાની આગવી આત્મસંજીવની છાંટીને પંડિતોની પ્રશંસા તેમજ આમ વર્ગનો આદર બંને પ્રાપ્ત કરવાનું અનન્ય-સાધારણ માન ગુજરાતી સંસ્કારસેવકોમાં એ એકલા જ કમાયા છે. '"ડોશીમાની વાતો"થી માંડીને મુંબાઈ યુનિવર્સિટીનાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો સુધીમાં જેટલા ગદ્યપ્રકારો સમાઈ જાય તે બધા એમણે હોંસે હોંસે ખીલવ્યા છે; અને ચારણો તથા જોગીજતીઓની વચ્ચે ઘૂમીને લોકસાહિત્ય એકઠું કરવાથી માં-ડીને સાહિત્ય પરિષદ સંમેલનના સાહિત્ય વિભાગના પ્રમુખપદે બેસવા સુધીની તેમની સાહિત્યિક જીવનપ્રવૃત્તિનો વિચાર કરતાં એમની શક્તિ માટે અહોભાવ ઉત્પન્ન થયા વિના રહેતો નથી.'

અને કવિ-ગાયક પણ એ એકલા જ. પોતાની પ્રતિભાને કંઠ દ્વારા વહેવડાવી લોકસાગરને હિલોળે ચડાવનારાં બે જ નામ ગુજરાતી કાવ્યસાહિત્યમાં જડે છે : પ્રેમાનંદ અને મેઘાણી. 'લોકપ્રિયતા ને લોકાદરમાં આ યુગના ગુજરાતીઓમાં તેમનાથી વધી જાય એવા માત્ર બે જ ગુજરાતી છે: મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ.'

'સોરઠી ભૂમિની સંસ્કારિતા ને શક્તિના એ પ્રતીક હતા. સોરઠી માનવતા ને સોરઠી શૌર્ય એમની (અનુસંધાન આગળ પાન ૭૬ ર)

હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક, કલકત્તા યુનિવર્સિટીના વાગીશ્વરી કલાપદના આચાર્ય અને 'રૂપમ'ના તંત્રી વિખ્યાત કલાવિવેચક **શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી**ના પુસ્તકનો ત્રીજો ભાગ

અસ્થિ-વિજ્ઞાન


અનુવાદક • સૌ. અપર્ણાબેન ત્રિવેદી

લાકડા કે પત્થરમાંથી માનવદેહની સુંદર પ્રતિમૂર્તિ ઘડવા માટે શિલ્પીને માણસના દેહનાં અસ્થિ, માંસપેશીઓ અને શિરા-ઉપશિરાનું સંપૂર્ણ જ્ઞાન જરૂરનું છે. જોકે આ જ્ઞાનથી, આ અસ્થિવિદ્યાના વિજ્ઞાનના અવલંબન વડે, શિલ્પીની કેવી ઉન્નતિ સિદ્ધ થાય છે તે વિષયમાં મતભેદો છે. ગ્રીક સાધનાના શ્રેષ્ઠ યુગમાં વિચ્છેદ-વિદ્યા (શરીરના વાઢકાપની વિદ્યા) બહુ પ્રચલિત ન હતી. ગ્રીક શિલ્પીઓ અસ્થિ-વિદ્યામાં બહુ પારંગત હોય એવો ખાસ પરિચય હજુ સુધી મળ્યો નથી. છતાં અસ્થિ-વિદ્યાના અધ્યયન વગર પણ ગ્રીકના શ્રેષ્ઠ શિલ્પીઓએ માણસના દેહની જે અલૌકિક પ્રતિમાઓ ઘડી છે તેની નજીક પણ, પછીના યુગના, અસ્થિ-વિદ્યામાં પારંગત કોઈ પણ શિલ્પી પહોંચી શક્યા નથી.

જો કે એ વાત જરૂર સાચી છે કે અસ્થિવિજ્ઞાન અને માંસપેશીની ક્રિયા વિષે કંઇક જ્ઞાન હોય તો મનુષ્ય-દેહની ગતિ અને લીલામરોડનું રહસ્ય ઘણું સમજાય છે, અને માંસપેશીની ગતિ તથા ક્રિયાની ધારણાને કારણે ગતિ અને ચાંચલ્યનું એકેએક રૂપ સુંદરરીતે પ્રતિમા-શિલ્પમાં ખીલવી બતાવી શકાય છે. વળી અસ્થિવિજ્ઞાનની બીજી એક જરૂરિયાત એ છે કે તે દ્વારા મનુષ્યદેહનાં જુદાંજુદાં અંગો અને અવયવોનાં સાપેક્ષિક પરિમાપો (proportions) તથા વિભાગનાં પરિમાપો જાણી શકાય છે; અને પરિમાપના તે જ્ઞાન વડે ઘણી જ સહેલાઈથી નજરે જોએલી ચાક્ષુષ મૂર્તિને સૂક્ષ્મ વિભાગમાં અને આંખને તૃપ્તિકર માપમાં વિભક્ત કરી સહેલાઈથી પ્રકટ કરી શકાય છે.


ગ્રીક શિલ્પીઓનું પ્રમાણજ્ઞાન જગતમાં અતુલનીય ગણાયું છે. (જુઓ ચિત્ર નં ૨૨). Proportion અથવા તાલમાન એ શિલ્પનું એક વિશિષ્ટ અંગ છે. મૂર્તિનાં સૌંદર્ય અને ગતિની રમણીયતાનો આધાર, આ અંગ-વિભાગના સાચ્ચા પ્રમાણ અને માત્રાજ્ઞાનની ઉપર રહેલો

ગ્રીકોએ જે કાળે પોતાની કળા ખીલવી તે કાળે એમનામાં માનવદેહનુ વ્યવચ્છેદ-વિજ્ઞાન બહુ પ્રચલિત ન હતું. છતાં ગ્રીક શિલ્પીઓએ શ્રેષ્ઠ પ્રમાણપુરઃસરની જે અલૌકિક મૂર્તિઓ સરજાવી છે તેનાં દેહમાપ આધુનિક વૈજ્ઞાનિક રીતે નક્કી કરાએલાં પરિમાપ અનુસાર જ છે. તેના ઉદાહરણ તરીકે ઇ. સ. પૂર્વે પહેલા સૈકામાં લીઓમાન્સે ઘડેલી મેડીસીની વીનસની મૂર્તિ (ચિત્ર નં ૨૨)તથા આધુનિક તાલમાન પ્રમાણે આલેખેલા માનવદેહનાં પરિમાપના નકશાનું ચિત્ર (નં.૨૩) સરખાવવાથી જણાશે. એ જ માપમાં માનવદેહનાં અસ્થિ તથા માંસપેશીઓની વિગતો દર્શાવતું ચિત્ર (નં.૨૪) ઉપર આપ્યું છે.





ચિત્ર નં. ૨૪

ચિત્ર નં. ૨૨




ચિત્ર નં. ૨૩





ચિ. ઉપર: વિટ્રુવિયસે નક્કી કરેલા શરીરના માપ-નિયમ પરથી નામી કલાકાર લીઓનાર્ડો દ વિન્ચીએ પોતાની નોંધબુકોમાં કરેલા અનેક આલેખોમાંનું એક જાણીતું આલેખન. એણે નોંધ્યું છે કે સામાન્ય સપ્રમાણ માણસની દાઢીથી તે કપાળમાં વાળની શરૂઆત થાય ત્યાં સુધીનું માપ શરીરના બરોબર આઠમા ભાગ જેટલું હોય છે. વળી માણસ પોતાના હાથ શરીરને બરોબર કાટખૂણે પહોળા કરે તો તેની બંને આંગળીઓના છેડા વચ્ચેનું અંતર તે તેની ઊંચાઇ જેટલું થઇ રહે; અને એ રીતે માનવ આકૃતિને આવરી લેતા સમચોરસનું મધ્ય બિંદુ તેના સાથળના મૂળમાં આવી રહે એ જ રીતે, હાથની વચલી આંગળીના છેડા તેના માથાની તાલની સપાટીએ પહોંચે એટલા ઊંચા જો માણસ પોતાના હાથ કરે તો, એ ચોરસની નીચલી બાજુને અડે એ રીતે દોરેલું વર્તુલ જ્યાં તે ચોરસની ઉપલી બાજુને છેદે ત્યાં જ બરોબર હાથની વચલી આંગળીઓ અડકી રહે; ને એ વર્તુલનું મધ્ય-બિંદુ માણસની નાભિમાં આવી રહે --તં૦ (જમણી બાજુ: ચિત્ર ૨૫)



મધ્યયુગના ઇટાલીનો શ્રેષ્ઠ શિલ્પી, કલાકાર ને વૈજ્ઞાનિક મા-ઇકેલ ઍન્જેલો વ્યવચ્છેદવિદ્યાની મદદથી માણસના દેહનાં અસ્થિએ અસ્થિ ને એકએક માંસપેશીનું સૂક્ષ્મ વિશ્લેષણ કરીને તેનાં પ્રમાણ તથા પરસ્પરના સંબંધોના અભ્યાસ ઉપર જ પોતાની અસંખ્ય કૃતિઓ તૈયાર કરી ગયા છે. (તેના આવા એક સ્કેચ માટે જુઓ ઉપલું ચિત્ર નં. ૨૫). તેની કૃતિઓ દ્વારા માણસના શરીરના બંધારણ અને તેના અંગ-પ્રત્યંગોનાં સાપેક્ષિક પ્રમાણ (relative proportions) વિષે અનેકવિધ જ્ઞાતવ્ય બાબતો જાણવા મળી છે. (ચાલુ)

છે. એક સાધારણ સુસ્થકાય માણસના દેહની સ્વાભાવિક ઊંચાઈ અને તેના અંગવિભાગનાં પ્રમાણ લઇને તે ઉપરથી માણસની પ્રતિમા ઘડવાનું એક સર્વસાધારણ માપ-કોષ્ટક (measure)--તાલમાન--નક્કી કરી શકાય. ઈટાલીના વિટ્રુવિયસે આવી જાતના પ્રમાણિત માપ ઉપર મનુષ્યદેહના અંગપ્રત્યંગોનો એક માપ-નિયમ (canons of proportion) બાંધ્યો છે. આપણા ભારત-ના શિલ્પશાસ્ત્રમાં પણ આવું એક પ્રમાણિત માપ-કોષ્ટક નક્કી કરાએલું છે. ડોરીફોરસે અનેક માણસોના દેહ માપીમાપીને એવું પ્રમાણ નક્કી કર્યું કે માણસના શરીરની લંબાઈ, તેના મોઢા (ચહેરા) કરતાં આઠ ગણી હોય છે. (ચિત્ર નં. ૨૩) એ 'આઠ માથાનો નિયમ' (Law of eight heads) કહેવાય છે. ભારતવર્ષના શિલ્પીઓ તેને 'અષ્ટતાલ'નું માપ કહે છે. ફક્ત ફેર એટલો છે કે તેઓ આ સાધારણ સ્વાભાવિક અષ્ટતાલના પરિમાપને આદર્શ તરીકે રાખીને પછી તેના આધારે પોતાને સર્જવાનાં અતિમાનવોની ઊંચાઈ જરા ઉચ્ચમાન-માં કલ્પે છે. દેવ-દેવીની મૂર્તિને ભારતીય શિલ્પીઓ 'દસ તાલના માપમાં', એટલેકે મનુષ્યમૂર્તિથી બે માપ વધુ ઊંચાઇની નિર્ધારે છે.

જે નાનકડી નદીએ જગતના એક મહાન સામ્રાજ્ય ને સંસ્કૃતિનાં ઉત્પત્તિ, સ્થિતિ ને લય જોયાં

ટાઈબર

છાયા ઢળે સકલ રોમની વક્ષ તારે,
ને નીરમાં છુપી વહે તુજ ભવ્ય ગાથા;
ટીપે ટીપે ભરી શતાબ્દ સખે ઉગારે,
છે કાલ એક અવિનાશી,—વિનાશી સર્વ.

'બેશક, બેશક.'

'કોણ બોલ્યું આ?'

'હું —જેનું તેં કાવ્યમાં રટન કર્યું તે.'

'ખુદ ટાઈબર—પોતે ?'

'હા. કેમ ? શી ઈચ્છા છે?'

'તારી કહાણી સાંભળવી છે.'

'ભલે, સાંભળ. સેંકડો સૈકાઓની વાત છે. મારે કાંઠે એક શહેર વસ્યું. અને વસ્યું એટલું જ નહિ પણ વિસ્તર્યું, અતિ વિસ્તર્યું—ફેલ્યું, ફાલ્યું, ફૂલ્યું, ફળ્યું. આ શહેર તે રોમ. મારી કહાણી એટલે રોમની જ કહાણી; અને રોમની કહાણી એટલે એક મહાસામ્રાજ્યની કહાણી, વિશ્વસંસ્કૃતિની કહાણી.

પણ તને થશે કે રોમ જેવી મહાનગરી મારા જેવી નાનકડી અજાણ સરિતાને કાંઠે કેમ ? બરાબર છે પ્રથમ દર્શને મારા કાંઠાનું મહત્ત્વ જ કંઈ લાગતું નથી. વળી મારો પ્રવાહ પણ એવી જાતનો છે કે તેના ઘોડાપૂરમાં સેંકડોનાં સેંકડો એકર જમીન ધોવાઇ જાય; અને એ પ્રવાહનું ઉતરાણ પણ એટલું ઓછું.—નહિ જેવું હોય છે કે એ જમીનોમાં પાણીનો અખૂટ જથ્થો લાંબો વખત ભરાઇ રહે છે.'

'ત્યારે કયા કારણે, વિધિના કયા સંકેતે, રોમ તારે કાંઠે વસ્યું?'

'હમણાં જ કહું છું. લગાર ધીરજ ધર. કારણોની કલ્પના કરતાં તો લાગે છે કે એ વિસ્તારમાં સમુદ્રનો કિનારો વહાણો લંગારવા માટે બરાબર ન હતો—બલ્કે તે જગ્યાએ બંદર થઈ શકે તેમ ન હતું. અને હું એક બેનમૂન જલવાહિની હતી. એટલે રોમનો પાયો, એ છે ત્યાં, મારે કાંઠે નંખાયો. એ ઉપરાંત, હું હતી ઉત્તર ને દક્ષિણના મુલક વચ્ચેની કુદરતી સીમા; એટલે ઉત્તરના લડાયક જાતિઓથી બચવા દક્ષિણની ઓછી લડાયક જાતિઓ માટે મારે કાંઠે વસે તે શહેર આદર્શ ગણાય એ પણ હેતુ હશે ખરો.'





ઉપર: ટાઈબર નદી તથા તેને પૂર્વકિનારે જે સાત ટેકરીઓ પર રોમ વસેલું તેનો ખ્યાલ આપતો આલેખ. એ ટેકરીઓ આવરીને એ કાળના રોમનો વિસ્તાર આલેખતી રોમના કિલ્લાની દીવાલ પણ એમાં દર્શાવી છે. જમણી બાજુ : ઇટાલીમાં ટાઈબર તથા રોમનું સ્થાન દર્શાવતો નકશો.


'ટાઇબર ! તું મને ભૂગોળ અને ઇતિહાસની શુષ્ક વિગતોમાં નાહક શું કરવા ઘસડે છે ? જો કહેવી જ હોય તો રોમની કહાણી કંટાળો ન આવે તેવી રીતે પા કલાકમાં જ કહે.'

'વાહ ભાઈ, વાહ ! તું ખરો બટકબોલો ! પંદરસો વર્ષનો ઈતિહાસ તારે પા કલાકમાં સાંભળવો છે !'

'હા. તારૂં આયુષ્ય તો હજારો વર્ષનું છે; મારૂં કંઈ તેટલું નથી. માટે હવે મહેરબાની કરીને શરૂ કર.'

'સાંભળ. ઇસુ ખ્રિસ્ત થયા તે પહેલાં સાડા સાતસો વર્ષ ઉપર, એક પ્રજા, મારી આજુબાજુએ આ જે સાત ડુંગરા છે ત્યાં વસવાટ કરવા આવી. આ પ્રજા તે રોમન પ્રજા. રોમના નામ ઉપરથી જ તે રોમન કહેવાઇ. તે કાળે દરેક શહેર જ એકએક સ્વતંત્ર રાજ્ય ગણાતું. આ પદ્ધતિ પહેલાં ગ્રીસમાં હતી અને રોમનોએ તે અપનાવી. એવાં અનેક નગરરાજ્યોમાં રોમ પોતાના પુરુષાર્થ અને પરાક્રમથી અગ્રસ્થાને આવ્યું અને તેથી રોમના શહેરીઓ, એટલે કે રોમનો, મોટા ગણાયા. એમની શક્તિ વધી, સંપત્તિ વધી, અભિમાન વધ્યું, અને પ્રત્યેક રોમન એમ માનવા લાગ્યો કે તે છે દેવ-દેવીનો વંશજ. રોમનો પડ્યો બોલ દુનિયા ઝીલતી, અને, સમર્થ પુરુષ કે સમર્થ પ્રજાની બાબતમાં બને છે તેમ, રોમ તથા રોમનો વિષે પણ દંતકથાઓ ઊભી થઈ. એવી એક દંતકથા સંભળાવું.

ખ્રિસ્ત પહેલાં હજાર વર્ષ ઉપર ટ્રૉય પડ્યું. તે સંહારમાંથી એક ટ્રૉજન યોદ્ધા અને તેની સ્ત્રી કે જે સાક્ષાત સૌંદર્યદેવી હતી તે, તથા તેનો પુત્ર ઇનિયસ બચ્યાં. ઇનિયસ રખડતો રઝળતો ઈટલીના પશ્ચિમ કિનારે આવ્યો. રાજકુટુંબનું ફરજંદ અને વળી શૂરવીર, એટલે ત્યાંના રાજાએ તેને પોતાની કુંવરી આપી. અંતે છેવટે રાજ્ય મળ્યું અને વંશ ચાલ્યો. એ વંશમાં એક રાજકુમારીને બે જોડિયા પુત્રો થયા તેમનો પિતા કોઈ સાધારણ મનુષ્ય નહોતો, પણ સાક્ષાત યુદ્ધના દેવતા મંગળ હતા. પરંતુ એ કુમારિકાનાં સંતાનો હોવાથી તેમને મારાં પાણીમાં પધરાવી દેવામાં આવ્યાં. પણ જેમને ઈશ્વર રાખવા માગે છે તેમને મનુષ્યો શી રીતે મારી શકે ! આ બે બાળકોને મેં તરતાં રાખી હળવેથી એક સલામત જગાએ બહાર કાઢી નાખ્યાં અને ત્યાં એક વરુ માદાએ ધવડાવી ઉછેરી તેમનું રક્ષણ કર્યું. કેટલાક વખત પછી એક ભરવાડ



વરુમાદાએ ધવડાવેલાં, રોમના સ્થાપક રોમ્યુલસ અને રીમસની દંતકથા આલેખતું પ્રાચીન શિલ્પ

તેમને લઇ ગયો. આ બે બાળકો તે રોમ્યુલસ અને રીમસ. આમાં-ના મોટા ભાઇએ એટલે કે રોમ્યુલસે રોમ બંધાવ્યું.

પહેલાં તો મારી પાસેની પેલી એક જ ટેકરી ઉપર રોમ ઊભું થયું, પણ પછી તો સાતે ટેકરીઓ ઉપર તે જામ્યું અને તેની આજુ-બાજુ એક સુંદર કોટ અને અંદર મજબૂત કિલ્લેબંદી થયાં. આમ, રોમ્યુલસ તે રોમનો પહેલો રાજા તેના પછી અઢીસો વર્ષ સુધીમાં બીજા છ રાજાઓ થયા ને સુંદર મહેલો, મંદિરો વગેરે મૂકતા ગયા. રોમની આબાદી વધી અને સત્તા પ્રસરી. પણ છેલ્લા એક બે રાજા-ઓના વખતમાં જુલમ વધ્યો. અને જુલમ વધે એટલે બીજું શું થાય?'

'લોકોનાં પ્રેમ, ભક્તિ અને વિશ્વાસ ઓસરી જાય, બીજું શું?'

'હા, રોમમાં પણ એમ જ બન્યું. લોકોએ રાજાઓને સાફ કહી દીધું કે—'

'તમે ટળો.'

'હા. એમ જ. પણ એમ કંઈ તે ટળે ? વાર્યો ન કરે તે હાર્યો કરે એ ન્યાયે લોકોએ રાજવંશને ઉખેડીને ફેંકી દીધો. પછી આવ્યાં પાંચસો વર્ષ પ્રજાસત્તાનાં યાને રીપબ્લિકનાં. કેમ, સાંભળતાં કંટાળો આવે છે કે ?'

'ના ના, ચલાવો. પ્રજાસત્તાવાદનો મને કંટાળો નથી. રાજાઓને ભલે હોય.'


'અને પ્રજાસત્તાવાદનાં મંડાણ બાદ તો રોમનો સિતારો ચઢતો જ ગયો, ચઢતો જ ગયો. નગર મટી તે રાજ્ય થયું, રાજ્ય મટી મહારાજ્ય થયું, અને મહારાજ્ય મટી મહાસામ્રાજ્ય થયું. આ પ્રગતિની, પ્રાબલ્યની ને મહત્તાની ચાવી ક્યાં હતી તે જાણે છે ?'

'ના'.

'રોમના જીવનની શરૂઆતની સાદાઈમાં, તેના કિસાનના મહેનતુ સ્વભાવમાં, તેના સિપાહીની શિસ્તમાં, ને કાયદા તરફના તેનાં નગરજનોના પૂજ્યભાવમાં. શરૂઆતમાં રોમનું રાજ્ય એટલે કેટલાંક ગણ્યાંગાંઠ્યાં કુટુંબોનું રાજ્ય. અને એ દરેક કુટુંબ ઉપર એક મુખ્ય પુરુષ બાપ કે દાદો, સંપૂર્ણ અધિકાર ભોગવતો. આવા અધિકારી-જનોની એક સભામાં રાજા પ્રમુખ તરીકે બેસતો. આ જનોને 'પૅટ્રીશિયન' યાને ઉમરાવવર્ગ કહેવામાં આવતો.


રોમન સરદાર–યુદ્ધના ગણવેશમાં

દિનપરદિન જેમજેમ રોમનો વેપાર વગેરે વધતાં ગયાં તેમતેમ રોમ બહારની પ્રજાઓ પણ રોમમાં વસવાટ કરવા આવવા લાગી પરંતુ આ પ્રજાઓને પૂરા રાજકીય હક્કો નહોતા અને તેમને 'પ્લેબીઅન' યાને આમ જનતા કહેવામાં આવતી. ધીમે ધીમે આ આમ જનતા વધતી ગઈ અને તેને પોતાના હક્કોનું ભાન થતું ગયું. ઉમરાવોને તેણે સાફસાફ સુણાવી દીધું કે તમે રોમનો વિકાસ રોક્યો છે અને રોધી રહ્યા છે, માટે કાં તો તમારા જેટલા જ હક્કો અમને આમજનોને આપો ને કાં તો—'


કાર્થેજનો વીર સરદાર હાનીબાલ

'તમે પણ ટળો!'

'હા. ઉમરાવોએ પણ પછી તેમને નછૂટકે. કમને હક્કો આપવા જ પડ્યા અને આમ જનતાને સત્તા મળી. એ સત્તા મળતાં જ રોમની વિજય-ભેરી ચારે દિશામાં ગાજી ઊઠી અને રોમનો મહિમા વધી ગયો. પોતે 'રોમન' છે એવો ગર્વ અમુક ઉમરાવો અને તેમના કુટુંબીઓ-નો જ ન રહ્યો, પરંતુ સર્વ પ્રજાનો રહ્યો. 'રોમને તારી જરૂર છે' એટલું જ સાંભળતાં ખેડૂત હળ મૂકી દેતો, મજૂર કોશ-પાવડો મૂકી દેતો, વેપારી ચોપડો મૂકી દેતો, વિદ્યાર્થી પુસ્તક મૂકી દેતો, લેખક કલમ મૂકી દેતો, વક્તા ભાષણ મૂકી દેતો, પ્રિયતમ પ્રિયતમાને મૂકી દેતો; અને સૌ એકે અવાજે, એકે પગે, એકે મને ખડા થઈ જઈ 'જય રોમ'ની ભીષણ ગર્જના કરતા નીકળી પડતા. કોની દેન છે, કોની મગદૂર છે કે આ પોલાદી રોમનશક્તિ સામે ઊંચી આંખ કરે !

પણ આવી સમર્થ પ્રજાએ પણ હારો ખાધેલી. ગૉલ નામની પ્રજાએ રોમ ઉપર સફળ હલ્લો કરેલો અને કાર્થેજના હૅનીબાલે પણ રોમને પરાજિત કરેલું. છતાં હારમાંથી શીખવું એવો રોમનો-નો સ્વભાવ એમની કુમકે ધાયો અને એ પરાજયોમાંથી રોમ અખૂટ શક્તિ અને અજોડ આત્મસંયમ મેળવીને અંતે તો વિજયને જ વરતું હતું. દુશ્મનને નાનીનાની લડાઇઓમાં રોકી, તેને થકવી, તાત્કાલિક હાર પણ ખમી લઇ, છેવટની મોટી લડાઇમાં તે વિજયી બનતું. આ જ રીતે અણે કાર્થેજને થકવ્યું અને છેવટે કાર્થેજ પડ્યું. અને રોમનો ક્રોધ એટલે દૂધનો ઊભરો નહિ, ઊકળતું સીસું ! રોમના રોષના એ ધગધગતા સીસા-રસે કાર્થેજને બાળી છૂંદી ભસ્મીભૂત કરી નાખ્યું;— એવું કે તે જમીન સરસું થઈ ગયું.'

'જવા દે એ કરુણ ગાથા, ટાઈબર ! સુંદર, શોભીતા, શક્તિ-શાળી કાર્થેજનો કોળિયો કરનાર રોમની એવી નરસી બાજુ સાંભ-ળવી મને ગમતી નથી. આગળ ચલાવ.'

'ભલે. ચારે તરફ રોમ વિસ્તર્યું અને એની આણ તથા ધાકની એ તમામ પ્રાચીન જગત આવી ગયું. પરંતુ આ ભૌતિક વિસ્તાર, આ વિજય, અને આ સમૃદ્ધિને પરિણામે રોમન આત્મામાં પરિવર્તન થયું. મહેનત, સાદાઇ, સરળતા વગેરે ભૂતકાળનો વિષય બની ગયાં. લશ્કરી વિજયોએ એમને ક્રૂર કર્યા અને ભૌતિક સમૃદ્ધિએ એમને વિષયલોલુપ અને એશઆરામી બનાવ્યા. ખેડૂતની જગ્યા ગુલામે લીધી, કેમકે ખેડૂતો લશ્કરોમાં ભરતી થતા અને રોમને નામે પ્રાણ પાથરતા. પરિણામે જમીન વણખેડી પડી રહેતી એટલે ગુલામો

પાસે ખેડાવતા. પણ ગુલામીની એ ક્રૂર પ્રથાએ રોમનો આત્મા નષ્ટ કર્યો કહીએ તો પણ ચાલે. બીચારા ગુલામો સાંકળોથી બંધાતા, ચાબખા સહન કરતા અને પશુ કરતાં પણ બૂરી હાલતે વેઠ કરી-કરી ગુજરતા. રોમન હૃદયમાં વ્યાપેલી ક્રૂરતાના વિષનું બીજું ઉદાહરણ તે 'ગ્લૅડીએટર્સ' યાને પહેલવાનો વચ્ચેનું જીવલેણ યુદ્ધ લોકોની જંગી મેદનીની વચ્ચે બે મહાબલિષ્ટ, સમોવડિયા, પહેલવાન યોદ્ધાઓ દ્વંદ્વયુદ્ધ ખેલતા અને બેમાંથી જે હારતો તે ગર્યા પછી જ હાર્યો ગણતો. અને લોકોની મેદની, જેમાં સ્ત્રીઓ તથા બાળકોનો પણ સમાવેશ થતો તે, આ ક્રૂર લડત તાળીઓના ગડગડાટ સાથે હસતે મોંએ જોતી. એવી જ રીતે બે પશુઓ વચ્ચે પણ સાઠમારીઓ ગોઠવાતી એટલું જ નહિ, પરંતુ વાઘ સિંહ વગેરે હિંસક અને ક્રૂર પ્રાણીઓનાં પાંજરાંમાં ગુલામોને અને કેદીઓને જીવતા ને જીવતા નાખવામાં આવતા. ખબર છે, શા માટે?

'એ કેમ તરફડીને મરે છે તેનો તમાશો જોવા ખાતર?'


'ત્યારે બીજું શું? અને લોકો પણ ટોળાંબંધ જોવા આવતા. આવી ક્રૂર રમતગમતો અને તમાશાઓની પાછળ હેતુ એ હતો કે લોકોનું મન જો એવી બાબતોમાં વાળીને રોકવામાં આવે તો તેઓ પોતાનું આર્થિક અને રાજકીય દુઃખ વિસરી જાય અને તેવા હક્કો માટે ચળવળ ન કરે, બળવો ન કરે. ઉમરાવો તો હતા જ; ને હવે, વેપારીઓ યાને પ્રથમની જે આમ જનતા હતી અને જેણે હક્કો મેળવેલા હતા તે મળીને એક સત્તાશાળી નવો તવંગર વર્ગ થયો અને રોમના જીવનનો પ્રધાન સુર 'પૈસો પૈસો' થઈ રહ્યો. લશ્કરમાંથી પણ પહેલાંની ભાવના—રોમની મહત્તાની ભાવના ચાલી ગઈ હતી. રોમન સૈનિકને ખાત્રી થઈ હતી કે પોતે રોમની ખાતર નહિ પણ તવંગરોના સામ્રાજ્યની ખાતર પોતાનું લોહી રેડી રહ્યા હતો. આને પરિણામે અંધાધૂંધી, અસંતોષ અને બેઈમાની વધવા લાગ્યાં. છતાં લશ્કરને શાંત રાખવાની કળા રોમ જાણતું હતું. નવાનવા મુલકો જીતવા અને લૂંટવાથી પોતાની આર્થિક ઉન્નતિ સાધી શકાશે એવી ભાવના લશ્કરમાં પ્રસારવામાં આવતી. એથી રોમન સૈનિક લૂંટારો બનતો ગયો.

આવા સંક્રાતિકાળમાં એક મહાન વ્યક્તિ રોમની ક્ષિતિજ ઉપર દેખાઈ. ઇતિહાસ એને જ્યુલિયસ સીઝરના નામથી ઓળખે છે. એ અજેય વિજેતા હતો. આફ્રિકાથી એશિયા અને એશિયાથી યુરોપ એમ ખંડેખંડના મુલકો એક પછી એક એનાં લશ્કરોની એડી નીચે દબાતાં ગયા. એ કૂચ કરતો ગયો ને દેશ ઉપર દેશ જીતતો ગયો. દેશને જીત્યા પછી એ એટલું જ કહેતો હતો કે 'આવ્યો, જોયો, જીત્યો.' આમ એ મહાપુરુષે પોતાના પરાક્રમ વડે રોમન સામ્રાજ્ય સ્થાપ્યું. એ જ્યૂલિયસ સીઝર રોમનો પહેલો 'નેતા' થયો, પછી 'સરમુખત્યાર' થયો. પણ તેનું યે ખૂન થયું; કારણ કે રોમન પ્રજાસત્તા પક્ષ સરમુખત્યારીની વિરુદ્ધ હતો. જોકે એ માત્ર 'કહેવાતો' પ્રજાસત્તાવાદ હતો. પરંતુ વસ્તુતઃ તો મૂડીસત્તાવાદ જ હતો. અને એ ખૂન કરનારાઓ તથા કરાવનારાઓ વિસરી ગયા કે રોમનો આત્મા એ મૂડીસત્તાવાદથી હવે થાકી ગયો હતો.

સીઝર ગયો, પણ સરમુખત્યારી રહી. સીઝર પછી તેનો દત્તક પુત્ર સરમુખત્યાર થયો. એનું નામ ઑગસ્ટસ. એ ઑગસ્ટસની સાથે રોમના ઇતિહાસનો ત્રીજો તબક્કો શરૂ થયો.'

'ટાઇબર! અત્યાર સુધી તો કંટાળો નથી આવ્યો. પણ હવે જો પાછા યુદ્ધો ને એવુંતેવું આવવાનું હોય તો આગળ નથી સાંભળવું.'

'ના, ના; એવું બહુ નહિ કહું. લગાર સાંભળ. ઑગસ્ટસનો સમય



પોતાના પરાક્રમ વડે રોમનું મહાન સામ્રાજ્ય સ્થાપનાર તેનો પહેલો પ્રજાપ્રિય નેતા ને સરમુખત્યાર જુલિયસ સીઝર

તો રોમની સાંસ્કૃતિક આબાદીનો હતો. એ સમયમાં મહાકવિ વર્જિલ થયો, હૉરેસ નામનો બીજો એક મહાકવિ પણ થયો. વળી લીવી નામનો મહાન ઇતિહાસકાર પણ થયો. એ ઑગસ્ટસનો રાજ્યકાળ એટલો જહોજલાલ થયો કે આજે યે કોઇ પણ સાહિત્ય અને સંસ્કૃતિના સુવર્ણયુગને 'ઑગસ્ટસ યુગ' નામે નવાજવામાં આવે છે. અને આ ઑગસ્ટસના સમયનો એક મહાન ઐતિહાસિક બનાવ તે ઇસુ ખ્રિસ્તનો જન્મ. કેમ, પડે છે ને રસ?

'હા. ઇસુનો જન્મ! ટાઇબર, ખરે, રોમન સમ્રાટ ઑગસ્ટસને ક્યાંથી ખબર, કે તે અને તેનું સામ્રાજ્ય કાળનો કોળિયો થવાનાં છે જ્યારે ઈસુ અને તેનો ધર્મબોધ તો પૃથ્વીમાં અમર થવાનાં છે!'



સીઝરનો દત્તક પુત્ર ઑગસ્ટસ—જેના રાજ્યકાળમાં રોમની જાહોજલાલી એટલી વધી કે આજે પણ તેના નામ ઉપરથી કોઈ પણ સાહિત્ય અને સંસ્કૃતિના સુવર્ણયુગને 'ઑગસ્ટસ યુગ'ના નામથી નવાજવામાં આવે છે.



કૉન્સ્ટાઈન

'એમ જ ઑગસ્ટસની પછી ત્રણસો જ વર્ષ રોમન સામ્રાજ્ય ટક્યું. એ ગાળામાં સારા અને નરસા ઘણા બાદશાહો થયા અને ગયા. શહેનશાહ ટ્રેજન અને તેની પછીનો એક સૈકો રોમન સામ્રાજ્ય માટે સારા પસાર થયા. એશઆરામ, સંપત્તિ અને સુખ વચ્ચે ગયાં. કવિઓ, કલાકારો અને તત્ત્વજ્ઞો પણ થયા. પણ હમેશાં બને છે તેમ, એ બધી સુખસંપત્તિ પાછળ રોમની પડતીનાં બીજ પણ રોપાઈ ગયાં હતાં રોમનો મધ્યાહ્ન પતી ગયો હતો અને એના ભાગ્યનો સૂર્ય આથમતો જતો હતો. સુખિયા રોમનોમાંથી લડાયક વૃત્તિ, જુસ્સો વગેરે ઓસરતાં હતાં અને પ્રવૃત્તિની જગ્યાએ નિવૃત્તિ સેવાતી હતી. ઉત્તરેથી ગૉથ અને વૅન્ડાલ જેવી જંગલી જાતઓ રોમની ભૂમિ ઉપર નીરાંતે તરાપ મારતી જતી હતી અને પ્રતિદિન, પ્રતિમાસ, પ્રતિવર્ષ, રોમન સામ્રાજ્યની સીમાઓ સંકોચાતી ચાલી.

એ જ અરસામાં રોમના સામ્રાજ્યના બે વિભાગો પડ્યા: એક પશ્ચિમનું, ખુદ રોમ જેની રાજધાની હતું તે, અને બીજું પૂર્વનું, જેની રાજધાની કૉન્સ્ટૅન્ટીનોપલ થઇ તે. આ પૂર્વનું સામ્રાજ્ય રોમન સરમુખત્યાર કૉન્સ્ટન્ટાઈનના સમયમાં શરૂ થયું અને પશ્ચિમનું એટલે કે, મુખ્ય સામ્રાજ્ય તૂટ્યા પછી પણ સૈકાઓ સુધી ચાલુ રહ્યું. પરંતુ તેનાં વૈભવ અને શક્તિ સામાન્ય હતાં. આ પૂર્વનું રોમન સામ્રાજ્ય પંદરમા સૈકામાં પતી ગયું, એટલેકે મુખ્ય સામ્રાજ્ય પછી તે લગભગ આઠ સૈકા ટક્યુ

'ટાઈબર ! હવે તો બહુ થયું. આ તો તેં પાછું મહેતાજીની ઢબે ઇતિહાસ કહેવાનું શરૂ કર્યું. ચોખ્ખું કહી દઉં કે આવી હકીકતો કહી તું મને કંટાળો આપી રહી છે. સૈકાઓ, સાલવારીઓ અને નામાવલિઓને મારે શું પછાડવી છે? મને તો રોમનોની કાંઈક રસભરી વાતો હોય તો કહે.'

'ભલે. રોમનોની પહેલી ખાસિયત તો એ કે, શું કુટુંબમાં કે શું રાજ્યમાં, વ્યક્તિને સ્વતંત્રતા આપવી તે રોમન કેળવણીનું લક્ષ હતું જ નહિ. વ્યક્તિમાત્ર સમસ્ત રોમના વિકાસ સારૂ જ હતી; અને રોમના વિકાસને અટકાવે તેવી કાઇ પણ પ્રવૃત્તિને રોમ સાંખતું નહિ. આ ઉપરાંત, વ્યક્તિનો તથા રાજ્યનો આર્થિકવિકાસ એ પણ રોમનું મુખ્ય લક્ષ હતું. ધનલાલસાની ખાતર તે ગુલામીની પ્રથા નિભાવતું; સામાન્ય જડ વસ્તુઓની માફક ગુલામો પણ વેચાતા ને ખરીદાતા. માણુસ જો ગરીબ હોય કે એકાએક દેવાદાર થાય તો તેને પણ ગુલામ તરીકે વેચાવાનું રહેતું ગુલામીની આ પ્રથા જોકે ધીમેધીમે નાબૂદ થઈ, છતાં એ પ્રથા રોમના આત્માની કઠોરતા ને અનુદારતાનું ઉદાહરણ છે આ જ ધનલાલસાની ખાતર પરપ્રજાઓ ઉપર આક્રમણો થતાં અને પરપ્રજાઓ પાસેથી દ્રવ્ય, જમીન અને ગુલામો મળવાથી રોમનોના વૈભવ અને એશઆરામ પોષાતા.'

'બસ? આટલું જ તેં રોમન ઇતિહાસનું સારદોહન કાઢેલું?'

'કહું છું, લગાર સબૂરી પકડ. બીજું તો એ કે રાજકીય તથા સામાજિક જીવનમાં રોમનો બંધારણની જ હીમાયત કરતા. અને એવી જ હીમાયત કૌટુંબિક બંધારણની પણ હતી. કુટુંબના વડાનો અર્થ્યે કે બાપનો અગર દાદાનો શબ્દ ઉથાપાતો નહિ, એટલું જ નહિ પણ કાયદેસર રીતે કુટુંબનું દરેક જણ એની સત્તા નીચે હતું. પિતા પુત્રને ગુલામ તરીકે વેચી શકતો, કુંવારી પુત્રીને પણ વેચી શકતો ! રાજકીય બાબતમાં તેમ સામાજિક બાબતમાં રોમનું એક જ સૂત્ર હતું: 'સત્તાને નમો.' પરિણામે રોમે વ્યવસ્થા, ધોરણ, શિસ્ત, બહાદુરી, વફાદારી, પદ્ધતિ ઈત્યાદિ કેળવ્યાં ને એ વારસો આખા જગતને આપ્યો.'

'બેશક, ટાઇબર. પણ યુરોપી સંસ્કૃતિનું બીજું એવું ઝરણું ગ્રીસ પણ છે. તો એ રોમ અને ગ્રીસનાં દૃષ્ટિબિંદુઓ વચ્ચે તું શો તફાવત ગણે છે તે લગાર કહે.'

'રોમ અને ગ્રીસ બને યુરોપી સંસ્કૃતિનાં મુખ્ય ઝરણાંઓ ખરાં, પરંતુ બંનેનાં દૃષ્ટિબિંદુઓ તદ્દન નિરાળાં હતાં. ગ્રીસ બુદ્ધિવિલાસી, ઉદાર મતવાદી અને વ્યક્તિસ્વાતંત્ર્યનું પૂજક હતું. તેને રૂઢ થાને પ્રણાલિકા તરફ ખાસ પૂજ્યભાવ નહોતો. જોકે ગ્રીક પ્રજામાં પણ વહેમ, રૂઢિ વગેરે અવારનવાર દેખાતાં ખરાં, પણ તે અપવાદ રૂપે. રોમ બુદ્ધિવિલાસી નહોતું, પરંતુ વિશેષ વ્યવહારૂ, ગણત્રીબાજ અને કંઈક જડ હતુ. ગ્રીસ સૌંદર્યને સૌંદર્યની ખાતર પૂજતું. જ્યારે રોમ દરેક વસ્તુની કિંમત તેની સ્થૂલ ઉપયોગિતા ઉપરથી આંકતું. લાગણી, કોમળતા અને ઔદાર્ય એ ગ્રીક સદ્‌ગુણોનું સ્થાન રોમમાં શિસ્ત, કઠોરતા અને સ્વાર્થને સાંપડતું. રોમ સામર્થ્યમાં સદ્‌ગુણ જોતું, જ્યારે ગ્રીસ સદ્‌ગુણમાં સામર્થ્ય જોતું. ગ્રીસ વ્યક્તિને પૂજતું, જ્યારે રોમ રાજ્યને પૂજતું ગ્રીસે જગતને કલાનો, તત્ત્વજ્ઞાનનો અને સાહિત્યનો વારસો આપ્યો, જ્યારે રોમે રાજ્યબંધારણનો, શિસ્તનો અને કાયદાનો વારસો આપ્યો.'

'ટાઈબર ! આ તો તારી મીમાંસા. હવે લગાર મારી પણ કહું. તારે કાંઠે જે શહેર વસ્યું તેણે જગતનો ઈતિહાસ રચ્યો તથા અનેક સિદ્ધિઓ દાખવી. એણે ખ્રિસ્તીઓને કનડ્યા અને એના એક હાકેમે ઈસુને ક્રૉસ ઉપર લટકાવ્યા. પણ એ જ રોમમાં ખ્રિસ્તના ધર્મની ધજા ચઢી અને આજે એ જગતના ઘણા ખ્રિસ્તીઓનું પુણ્યધામ છે. અને ટાઇબર ! તારા કાંઠે વસેલા આ ઐતિહાસિક નગરમાંથી નીપજેલા એ મહાસામ્રાજ્યનાં ખંડેરો આજે એક જ વાત શીખવે છે તે એ કે મહાકાલ કોઇને મૂકતો નથી. સત્તા, દોર, દમામ, બધું જ હતું–ન હતું થઇ જાય છે, અને માનવી તો મહારાજ્યોને નહિ પરંતુ મહાધર્મોને જ આખરે નમે છે. મને તો રોમનાં ખંડેરોમાં માનવીની નિરાશાઓ અને નિષ્ફળતાઓ ગોચર થાય છે, અને એના સાક્ષી રૂપે તારાં અખૂટ પાણી ક્યારેક ત્યાં વળે છે. અને ટાઈબર ! એ રોમ તો ગયું, છતાં કંઇક મૂકતું યે ગયું. પણ પેલા મુસૉલિનીનું રોમ શું મૂકી ગયું ?'

'એ તો તરત કહું. લોહી, આંસુ, વેર, વૈમનસ્ય, વિરોધ. એ મુસૅાલિની અને એનું એ ફેસીઝમ પણ ફના થઇ ગયાં. પણ ભાઇ ! હું ટાઇબર તો તટસ્થ પ્રેક્ષક છું. મારા તરંગોમાં વિધિનાં અટ્ટહાસ સાંભળનારા સાંભળે છે કે "વ્યક્તિની ખાતર રાજ્ય છે, રાજ્યની ખાતર વ્યક્તિ નથી." રોમ ભૂલ્યું. એક વાર નહિ; બે વાર અને તેથી જ ડૂબ્યું !'

'હા, ટાઇબર, હા. ડાહ્યો માણસ બીજાના અનુભવે શીખે છે, મૂર્ખાં પોતાના.'

'હા ભાઇ. અને હું ઇચ્છું કે રોમના અનુભવે જગત ડાહ્યું બને. લે આવજે.'

યશોધર નર્મદાશંકર મહેતા

(ઑલ ઇંડિયા રેડિયો તથા લેખકની અનુમતિથી)

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

——આ પત્ર મેળવનાર : શ્રી હરિકૃષ્ણ વ્યાસ લાઠી (કાઠિયાવાડ)——

[**નોંધ:** કુમારના ઑક્ટોબર ૪૬ના અંકમાં કુમારી મિલદ કલાણોવાનો શ્રી ડૉ. સોનેજી ઉપરનો જે પત્ર પ્રકટ થએલો, તેમાં મને રસ પડવાથી એ સરનામે મેં એક પત્ર લખેલો એમાં બાઇબલ સંબંધે કેટલીક અભ્યાસની વિગતો અહીં જાણવાના પ્રયાસમાં હું નિષ્ફળ ગએલો તે મેં જાણવા માગેલી; હિંદ અને હિંદના બનાવો વિષેના એ દેશનાં માણસોના વિચારો જાણવાનું કુતૂહલ બતાવેલું; ને બદલામાં એવી જ રીતે ઉપયોગી થવાની તૈયારી બતાવેલી. એ પત્રના આવેલા જવાબમાંથી 'કુમાર'ના વાચકોને ઉપયોગી ભાગ તારવી આ નીચે અનુવાદ કરી આપ્યો છે.—હરિકૃષ્ણ વ્યાસ]

માણસો બાઇબલ તો વાંચતા જ નથી. ૧૫મા સૈકામાં ઈટાલીના એની આસ મિલ્વિયસે પોતાના ઇતિહાસમાં લખ્યું છે તેમ 'દરેક એક સ્ત્રી રોમના કોઈ પણ ધર્મોપદેશ કરતાં વધુ સારું બાઈબલ જાણતી.' પણ અત્યારે અમે શાળામાં બાઈબલમાંની થોડી વાર્તાઓ વાંચીએ છીએ; બાકી બહુ ઓછાં માણસો મૂળ બાઇબલ જાણતાં હોય છે. કદાચ પ્રૉટેસ્ટંટોને વધુ સારું જાણતા હોય છે. હું રોમન કૅથાલિક છું. છતાં બાઈબલમાંની વધુ લોકપ્રિય વાર્તાઓ તો ક્રિસ્ટમસ અને ઇસ્ટર (ક્રાઈસ્ટના જન્મ તથા દેહવિલય) સંબંધેની જ હશે.

હિંદી ભાષામાં મને કેમ રસ જાગ્યો? આ પ્રશ્ન તો બુદ્ધિ કરતાં હૃદયનો વિશેષ છે. અહીં હિંદી શીખતાં લગભગ ૫૦ માણસો હશે. અમે હિંદી અને ઉર્દૂ બંને સાથે જ શીખીએ છીએ.

શીખવાનું માધ્યમ અમારી માતૃભાષા જ છે. પાઠ્ય પુસ્તક તરીકે અમે લિંગ્વાફોન પાઠો (ગ્રામોફોનમાં સાંભળેલી જુદીજુદી ભાષાના પાઠોના રેકર્ડો) તથા બીજા કેટલાક સાહિત્યનો ઉપયોગ કરીએ છીએ. શરૂઆત અમે રોમન લિપિમાં લખેલી હિંદીથી કરેલી ને પછી દેવનાગરીમાં. હવે અમારા પાઠો ફારસી અક્ષરોમાં લખેલા હોય છે. હિંદી માટે પ્રસાદની ભૂગોળના ફકરાઓ, સુદર્શન કૃત પ્રણયરાત્રી, અને જયશંકર કૃત તાનસેનનો અમે ઉપયોગ કરીએ છીએ. હાલ અમારી પાસે આટલું જ છે. આ શિક્ષણ સાહિત્ય અમારા પ્રોફેસર તયાર કરે છે અને પછી એની વધુ નકલો કાઢવામાં આવે છે. હિંદમાંથી કાંઈ મેળવવું બહુ મુશ્કેલ છે. હિંદુસ્તાની ઉપર એક ભાષામાં લખાએલું એક પાઠ્ય પુસ્તક પણ અસ્તિત્વમાં છે. પણ અમારા અભ્યાસમાં અમે તેનો ઉપયોગ કરતાં નથી.

હું ધારું છું કે અહીં ચાઇનીઝ કે જપાનીઝના કરતાં હિંદીના ઘણા વધુ વિદ્યાર્થીઓ હશે. એ ભાષાઓ ખૂબ જ મુશ્કેલ છે.

હિંદી વર્ણમાળા અમને અઘરી લાગતી નથી. નવા શબ્દો કદાચ લાગે, પણ તે તો દરેક પરભાષામાં હોય છે. પરંતુ આ તો બોલાતી હિંદીની વાત. બાકી કોઈ હિંદુસ્તાની વ્યાકરણ સાથે લગભગ એકલા સંસ્કૃત કે અરબી-ફારસી શબ્દો વાપરે ત્યારે પ્રશ્ન જુદો બની જાય છે.

હિંદીમાં અમને શી શી નવીનતા લાગે છે? અહીં તમારે જાણવું જોઇએ કે અમારી ભાષા ચેક જે એક સ્લાવેનિક ભાષા છે, તે અંગ્રેજી અને ફ્રેંચથી તદ્દન જુદી છે. જેમકે અમે 'કરતા થા' ને 'કિયા' વચ્ચેનો ભેદ અંગ્રેજી કરતાં વધુ સહેલી રીતે બતાવી શકીએ. મુખ્ય મુશ્કેલી તમારા 'લગના' જેવા ધાતુઓના ઘણા જુદાજુદા અર્થમાં તથા સામાન્ય રીતે સંયુક્ત ક્રિયાપદોમાં પડે છે. અને ઉપરાંત વિચાર વ્યક્ત કરવાની તદ્દન જુદી શૈલી પણ ખરી—ઠેકાણું. હું જો કોઇ વખત હિંદી સાંભળું છું તો હું લગભગ કાંઇ જ સમજતી નથી, કેમકે બધા હિંદીઓ બહુ ઝડપથી બોલતા હોય છે.

અમારાં પાઠ્ય પુસ્તકો સિવાય મેં હિંદીમાં કાંઇ વાંચ્યું નથી. અલબત્ત, ગાંધીજીનાં હિંદી લખાણોમાં મને ઘણો રસ પડે.

તમારા લોકનાયકો માટે હું શું માનું છું? મારું બધું જ્ઞાન ગયા વર્ષથી જ શરૂ થાય છે. લડાઇ પૂર્વે હું બાળક હતી. છતા, હા, મને થોડું યાદ છે (મારે માટે તો તે બહુ દૂરના ભૂતકાળની વાત છે) ગાંધી અને મીઠું!—અને એના પ્રત્યે અમારી સહાનુભૂતિ હતી. પણ આટલું જ. યુદ્ધ દરમ્યાન અમે હમેશા બી. બી. સી. (બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશન—લંડન રેડિયો) સાંભળતાં (જો કે અમારા દેશમાં એ સાંભળવા માટે મૃત્યુની સજા હતી!)ને જર્મનોની પકડનો અંત આવે એ સિવાય બીજું કાંઇ જ અમે ઇચ્છતાં ન હતાં. ૧૯૪૨માં દૂર હિંદમાં કાંઇક બન્યું, પણ અમારા લોકો કૉન્સેન્ટ્રેશન કૅમ્પોમાં અને ભૂખ્યા હતા, અને તેઓ આટલા બધા પાસે હતા, અને હિંદ બહુ દૂર હતું. અમે ઇચ્છતાં હતાં કે ઇંગ્લંડ મજબૂત બને; છતાં તમારા પ્રત્યે એ વખતે પણ અમારી સહાનુભૂતિ હતી. અમે બધાના સ્વાતંત્ર્ય માટે લડવા માગતાં હતાં,—માત્ર યુરોપના જ નહિ. પછી તો ૧૯૪૫માં અહીં ક્રાન્તિ આવી અને તેની સાથે શાંતિ, સ્વાતંત્ર્ય ને સમસ્ત જગત સાથેનો અમારો સંબંધ.

હું ગાંધીજી માટે વિચાર કરું છું તો અહિંસાનો વિચાર તેની સાથે જ આવે છે. અને તે સાથે અમારા ૧૯૩૮ના સપ્ટેમ્બરનો વિચાર કરવો પડે છે, એ કાંઇક અમે સમજી શકીએ એવું છે. અને અસ્પૃશ્યો માટેની, રાષ્ટ્રભાષા માટેની તથા હિંદની અભેદ્ય એકતા માટેની તેની લડત, એ પણ. પરંતુ હું ઉદ્યોગની સામેના વિરોધની વાત સ્વીકારી શકતી નથી. મને શંકા છે કે તમારાં ચાળીસ કરોડ માણસો એકલી ખેતી ઉપર નિર્વાહ કરી શકે;—અને વધુમાં તમારી ખેતીની પૂરી કાળજી પણ લેવાતી નથી.

મુસ્લિમ લીગ—અમને લઘુમતિઓના બહુ કડવા અનુભવો થયા છે. કદાચ પાકિસ્તાન માટેનાં તેઓનાં બધા જ કારણો બહુ ખરાબ નથી. પણ મુસ્લિમો જુદા જ દેશમાં ન રહે તો તે કોઇ ઉકેલ લાગતો નથી; અને મિ. જિન્ના પોતાના દાવાઓને હમેશાં ઊંચા જ ચડાવતા જાય છે. પણ હું હિંદને પૂરું જાણતી નથી, તો તે વિષે બહુ કેમ બોલી શકું? હિંદ વિષેનું મારું જ્ઞાન ચેક ભાષામાં લખએલાં કે અનુવાદિત થએલાં પુસ્તકો, ભાષણો, અમારાં વર્તમાનપત્રો ને હિંદથી આવતા કાગળો પરથી ઘડાયું છે.

યુદ્ધ પછી એક વર્ષે પણ હજુ મુસાફરી કરવાની બહુ મુશ્કેલી છે. યુરોપમાં જુદીજુદી ભાષા બોલતા બે ત્રણ મિત્રો હોવા એ દૈનિક બનાવ નથી. પણ પ્રાગ અત્યારે લગભગ આંતરરાષ્ટ્રીય શહેર બની ગયું છે અને વિદ્યાર્થીઓની પરિષદો તથા ઉત્સવો આવા સબંધો જોડવામાં સહાયભૂત થાય છે.

અમારી શાળાઓમાં વિષયોની વહેંચણી ઈંગ્લાંડ કરતાં જુદી છે. માધ્યમિક શાળાઓમાં અત્યારે રશિયન ફરજિયાત છે ઉપરાંત, લેટિનનો આગળ અભ્યાસ, અંગ્રેજી અથવા ફ્રેંચ કે જૂની ગ્રીક. ૧૯૪૫ સુધી જર્મન ફરજિયાત હતું.

અંગ્રેજી ભાષા શીખવા માટેનાં પાઠ્યપુસ્તકો ને પદ્ધતિનો મને અનુભવ નથી, કેમકે હું શાળામાં ફ્રેંચ શીખતી. એની પદ્ધતિ એ હતી કે અમે વ્યાકરણ અને વાચન-લેખન તથા પ્રાથમિક વાતચિતથી શરૂઆત કરેલી. હું તમારો પ્રશ્ન બરાબર સમજી શકતી નથી. બેઝિક ઇંગ્લિશ માત્ર પ્રાગમાં એક ખાનગી શાળામાં ઉપયોગમાં લેવાય છે.

હા, જરૂર. હું ખુશીથી તમને તકલિફ આપીશ; કેમકે તમે જુઓ છો કે અહીં લગભગ કાંઈ જ વાચનસાહિત્ય મળતું નથી. પણ પહેલાં મારે તમારે માટે 'બુક ઑવ સામ્સ' મેળવવા પ્રયાસ કરવાનો છે. અહીં ક્રિસ્ટમસ પહેલાં તો ગાંડાની હૉસ્પિતાલ જેવું બની જાય છે. તે પછી હું ડુંગરાઓમાં જવાની છું. ૫મી જાન્યુઆરી ૧૯૪૭ પછી ફરી હું એ માટે તપાસ કરીશ.

હવે હું તમારા કાગળના શરૂઆતના ભાગ તરફ આવું. તમારા બધા જવાબો અને હિંદમાંની બાળકોની રમતોના વર્ણન માટે હું આભારી છું. હું એનો અભ્યાસ નથી કરતી, પણ દુનિયાભરનાં બાળકોનાં રમકડાંનું એક પ્રદર્શન મેં જોયું અને એનેની એ ધૂન હતી. હિંદનાં બહુ થોડાં રમકડાં તેમાં હતાં; પણ ચીન અને જપાનનાં ઘણાં હતાં. અને તમે એ રમતોનું વર્ણન લખવામાં એટલું બધું કામ કર્યું તેથી ગુસ્સે ન થતા. મને લાગે છે કે તેમાંની કેટલીક રમતો અમે અહીં ઓરીએન્ટલ ક્લબમાં રમવા પ્રયાસ કરી શકીશું.

હવે હું પણ તમને પૂછું? મારા પ્રશ્નો ઉપરછલ્લા હશે અને તમારે તેના જવાબ આપવાની કદાચ જરૂર નહિ હોય.

(૧) પૂર્વ યુરોપની સ્લાવેનિક ભાષાઓમાં રસ લેતા કોઈ પણ માણસો હિંદમાં છે?

(૨) હિંદમાં કેટલાક માણસો ચાઇનીઝ ભાષા શીખે છે? પંડિત નહેરૂ બધા એશિયાઈ મુલકોના ગાઢ સહકાર વિષે વારંવાર કહે છે. અકસ્માત અમારી યુનિવર્સિટી લાયબ્રેરીમાં બનારસ હિંદુ યુનિવર્સિટીનું ૧૯૩૦નું કૅલેંડર મેં જોયું. તેમાં ત્યાં શીખવાની ભાષાઓમાં મેં ચાઇનીઝ ન જોઇ. જુદીજુદી હિંદી યુનિવર્સિટીઓમાં આ બાબત અત્યારે શી સ્થિતિ છે?

(૩) મને તમે કહી શકો કે કેટલા મુસ્લિમો મુસ્લિમ લીગ સાથે જોડાયા છે અને કેટલા કૉંગ્રેસ સાથે?

(૪) તમે હિંદમાંની વર્ણવ્યવસ્થા બાબત શું માનો છો?

(૫) તમારાં બાળકો પોતાના પતિ કે પત્ની પોતાની જાતે પસંદ કરી લે એમાં તમે સંમત થાઓ?

હિંદી અને ગુજરાતી બાબતનો તમે લખ્યો તે પ્રયોગ હું કરી શકી નથી, કેમકે આજ સુધી તમારા કાગળ સિવાય બીજું કાંઇજ મને મળ્યું નથી. હું ધારૂં છું કે યુરોપનું દરેક પારસલ રજિસ્ટર્ડ પોસ્ટથી જ મોકલવું વધુ સારૂં છે.

હું પ્રાગ યુનિવર્સિટીમાં ફિલૉસોફી અને ઈન્ડોલૉજીનો અભ્યાસ કરૂં છું. જર્મનોએ છ વર્ષ અમારી યુનિવર્સિટીઓને પરેશાન કરી મૂકી હતી. —મિલદ કલાબોવા (Milada Kalabova)

Dobrovskelis 27, PRAHA VII (Czechoslovakia)

નવાં પત્રમિત્રો-પરદેશી

કુ. મિલદ કલાબોવા તરફથી મહેન્દ્રકુમાર ભટ્ટ-બોટાદ મારફત: (1) Robert Bartfeld, (Medicine, Orient); Podskalska' 45, PRAHA II, (Czechoslovakia) (2) Tri Fodor, Lond'yuska' 50, PRAHA XII, (Czechoslovakia) (Law, Espeanto, Philator); (3) Boris Paterar (Philatelist); 160, Okres Slany' ZLONICE (Czechoslovakia) (4) Adrienne Powertona, (Religion), Vetaska' 17, PRAHA XVI, (Czechoslovakia). ઠાકોરલાલ પ્રહલાદજી બ્રહ્મભટ્ટ-અમદાવાદ મારફત--નીલા ડીન રૅજર તરફથી: (5) Miss Marilyn Feaster (Age 16, girl) PHILADELPHIA, Mo. U. S. A. (6) Mr. Harold Bleigh, (Age 15, Boy) PHILADELPHIA, Mo. U. S. A. (7) Marie Feaster, (age 36) PHILADFLPHIA, Mo. U. S. A., (8) Rosalyn Feaster, (age 12, Girl) PHILADELPHIA, Mo. U. S. A.; નૌતમ વખારિયા-જૂનાગઢ તરફથી-(કોઈપણ રાષ્ટ્રનાં કુમાર કુમારીઓનાં સરનામાં નીચેના ગૃહસ્થને લખવાથી મળી શકશે. જવાબ માટે ઈન્ટરનૅશનલ કૂપન મોકલવી): (8) Dr. Sven V. Krudsen, Directory of Boys and Girls of all Nations, 62, Vestersothes, COPENHAGEN, Denmark.


નવાં પત્રમિત્રો—હિંદી

(૮૨) ચન્દ્રકુમાર કા. શાહ C/o એસ. એન મહેતા, ૧૯ ગાંધીરોડ, મામાદેવી, મુંબાઈ-૭; (૮૩) કનૈયાલાલ મોહનલાલ વોરા, રૂખાવાળી ડેલીમાં, માંડવી-કચ્છ; (૮૪) રમણલાલ લાભશંકર પંડયા, ધો. ૫, શેઠ જી.સી. હાઇસ્કૂલ, પિલવાઈ-તા. વિજાપુર. (૮૫) દેવેન્દ્રપ્રસાદ જી. ત્રિવેદી. ધો. ૪, એ.વી. સ્કૂલ, પ્રતાપનગર-તા. વિજાપુર; (૮૬) પુરુષોત્તમ જી વસાણી, ધો. ૫ જી ટી હાઈસ્કૂલ, માંડવી-કચ્છ. (૮૭) અમૃતકુમાર વેગડ, C/o ગુજરાત પૉટરી વર્કસ, ડેરોલ-પંચમહાલ; (૮૮) નવીન હ. વૈષ્ણવ, (૮૯) રમેશ ડી. ત્રિપાઠી, (૯૦) દેવશંકર એમ દવે,-ત્રણેનું સરનામું ધો ૬ અ આલ્ફ્રેડ હાઈસ્કૂલ ભૂજ-કચ્છ; (૯૧) કુ. નવીના વૈષ્ણવ, બ્રહ્મપુરી, ભૂજ-કચ્છ; (૯૨) મહેન્દ્રકુમાર C/o ચત્રભુજ માવજીભાઈ, નખી બજાર, વઢવાણ કૅમ્પ; (૯૩) ઉપેન્દ્ર અ. શાહ C/o અમીચંદ ચત્રભુજ શાહ, જેઈલ રોડ, વઢવાણ કૅમ્પ; (૯૪) પુનમચંદ મફતલાલ પરીખ, થરાદ-ઉ. ગુજરાત; (૯૫) વલ્લભદાસ કાનજી, C/o કાનજી ચમા, દાણા મારકેટ, માંડવી-કચ્છ; (૯૬) એમ. સી. શાહ, શેઠ એન.ટી એમ હાઈસ્કૂલ ધો. ૫ બ, વઢવાણ કૅમ્પ; (૯૭) હિંમતલાલ C/o સી. જે. શાહ, જેઈલ રોડ, વઢવાણ કૅમ્પ; (૯૮) કિશોર C/o નૂતન આર્ટ લિ. વઢવાણ કૅમ્પ; (૯૯) સુભદ્રા ચૂડગર, ભારતસ્ટોર્સ, બજારમાં, વઢવાણ કૅમ્પ; (૧૦૦) ભાલચન્દ્ર શાન્તિલાલ ઓઝા, ઝવેર દૂધવાળાની ચાલી, માણેકવાડી ભાવનગર; (૧૦૧) પ્રતાપરાય ગોવર્ધનરામ આચાર્ય, ૧૦૪૮, કૃષ્ણનગર, આંબાવાડી રોડ, ભાવનગર; (૧૦૨) ભરતકુમાર અર્જુનલાલ દેસાઈ, ૬૩૯ કૃષ્ણનગર, ભાવનગર; (૧૦૩) બી. એસ. ભારદ્વાજ, હરિજન આશ્રમ, સાબરમતી; (૧૦૪) પરેનકુમાર દેસાઈ, C/o દિલીપરાય કા. વ્યાસ, દીવાનપરા, ભાવનગર; (૧૦૫) સતીશ ઠક્કર, C/o ચન્દ્રકાન્ત ઠક્કર, ખાર ગેઈટ, ભાવનગર; (૧૦૬) મધુસૂદન દેસાઇ, C/o શશીકાન્ત દેસાઈ, દીવાનપરા રોડ, ભાવનગર; (૧૦૭) જિતેન્દ્ર વ્યાસ, C/o કે. બી. વ્યાસ, દીવાનપરા રોડ, ભાવનગર; (૧૦૮) ચીનુભાઈ પૂંજીરામ શાહ, સરસ્વતી એજ્યુ. સોસાયટી છાત્રાલય, હરગોવિંદ ભુવન, સરખેજ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ, (૧૦૯) જયંતીલાલ મોહનલાલ મહેતા, મહેતા હાઉસ, ટાવર રોડ, વઢવાણ કૅમ્પ; (૧૧૦) ઈશ્વરલાલ સુમનલાલ શાહ, C/o સુમનલાલ હરકિશનદાસ શાહ, દેસાઇ ફળિયું, વાલોડ-જિ. સુરત; (૧૧૧) નવીનકાન્ત ઓચ્છવલાલ દેસાઈ, C/o ઓચ્છવલાલ મગનલાલ દેસાઈ, ત્રણ ફાનસ પાસે, કાલોલ-પંચમહાલ; (૧૧૨) માણેકલાલ નેમચંદ શાહ, જૈન વિદ્યાર્થી ભવન, કડી-ઉ. ગુજરાત; (૧૧૩) ઉષાદેવી ઘાટે, બી. જી. ઘાટે, ડી. એસ. પી. (ઇન્ડિયન પોલીસ), બિલાસપુર-સી.પી;

(અનુસંધાન પાછળના પૂઠા પરની અંદરની આર્ટપ્લેટની સામે)

સલ્ફ્યુરિક ઍસિડ

—લેખક—
ડૉ. નરસિંહ મૂ. શાહ એમ.એસસી.પી,એચ.ડી.



પ્રયોગશાળામાં સલ્ફ્યુરિક ઍસિડ બનાવવાની પદ્ધતિ: કાચના ચંબૂ अ માં ગંધક બાળવામાં આવે છે એટલે તેમાંથી બનતો સલ્ફર ડાયોક્સાઇડ, તિલક આકારની ब નળીમાં જાય છે, જેમાં ગંધકના રહ્યાસહ્યા કણ છુટા પડી જઇને એ ચોખ્ખો ગૅસ क બરણીમાં જાય છે, જેમાં જલદ સલ્ફ્યુરિક ઍસિડથી ભીંજવેલા કાચના મણકા હોય છે તેમાં એ ગૅસ સુકાય છે. પછી ધીમે તાપે ગરમ થતી ड નળીમાં પ્લૅટીનાઇઝ્ કરેલા ઍસ્બેસ્ટૉસની મદદથી વધારાનો ઑક્સિજન એ સલ્ફર ડાયોક્સાઇડના સંસર્ગમાં આવતાં જ સલ્ફર ટ્રાયોક્સાઈડ બને છે, તે इ યંત્રમાંના જલદ સલ્ફ્યુરિક ઍસિડ સાથે જમા થાય છે. આ ક્રિયામાં જરૂરી ઑક્સિજન इ યંત્રમાં જમણી તરફ દેખાતા નળીના છેડા દ્વારા ઍસ્પીરેટરમાંથી મળ્યા કરે છે. આ સિદ્ધાંત ઉપર જ જંગી જથ્થામાં સલ્ફ્યુરિક ઍસિડ બનાવાય છે.

વિજ્ઞાન આજે માત્ર નિશાળમાં શીખવાતા અનેક વિષયોમાંનો એક મામૂલી વિષય રહ્યો નથી. વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા થએલી શોધોની અસર તો સીધી જનતાના જીવન પર પહોંચે છે, એટલે આધુનિક વિજ્ઞાનનો આપણા રોજ-બ રોજના જીવનમાં પણ ઘણો મહત્ત્વનો હિસ્સો રહેલો છે. આપણા જીવનમાં ઉપયોગી ને રોજિંદા વ્યવહારમાં આવશ્યક એ વસ્તુઓ કેવી રીતે બને છે ને તેની પેદાશમાં થતી વધઘટ કેવી રીતે આપણા આર્થિક જીવનને અસર કરે છે, તે જાણવાની ઉત્કંઠા ઘણાંને હોય છે. આ લેખમાળાનો ઉદ્દેશ આવું સામાન્યજ્ઞાન લોકભોગ્ય ભાષામાં આપવાનો છે.

કાપડ, તેલ, ખાંડ, દવા, રંગ ઈત્યાદિ આપણા જીવનની જરૂરિયાતો બનાવવાના અનેક ઉદ્યોગોમાં, તેમજ જીવનની પ્રથમ જરૂરિયાત જે અનાજ, તેને પેદા કરવા માટે ખેતીમાં જે જે મહત્ત્વનાં રસાયનોની જરૂર પડે છે તેમાં, ગંધકનો તેજાબ (સલ્ફ્યુરિક ઍસિડ), સુરોખારનો તેજાબ (નાઇટ્રિક ઍસિડ), મીઠાનો તેજાબ (હાઇડ્રોક્લોરિક ઍસિડ) તેમજ આલ્કલી (કૉસ્ટિક સોડા, ધોવાનો સોડા આદિ ક્ષારો) મુખ્ય ગણાય છે. આ રસાયનો 'ભારે રસાયનો' (heavy chemicals) તરીકે ઓળખાય છે અને તેનો ઉદ્યોગ 'ભારે રસાયનોનો ઉદ્યોગ' કહેવાય છે. જે દેશ આટલાં માત્ર ચાર રસાયનો વિપુલ પ્રમાણમાં ઉત્પન્ન કરી શકે તેની આધુનિક સંસ્કૃતિ ઉચ્ચ સ્થાને પહોંચી ગણાય એવો એનો મહિમા છે. અને એ ચાર રસાયનોમાં પણ ગંધકનો તેજાબ પહેલે નંબરે આવે છે. તે 'રસાયનોનો રાજા' કહેવાય છે. તેના ઉપયોગો અક્ષરશઃ 'અસંખ્ય' છે. યુદ્ધમાં તેમજ શાંતિના કાળમાં દરેક ઉદ્યોગમાં તે પ્રાણરૂપ છે. તેની મદદ વડે બીજાં અનેક રસાયનો તૈયાર કરી શકાય. ટૂંકામાં, રસાયન-ઉત્પાદક ઉદ્યોગમાં ગંધકનો તેજાબ પ્રાથમિક જરૂરિયાત છે. આથી જ એમ કહેવાયું છે કે 'ગંધકનો તેજાબ ઉદ્યોગોની માતા છે.' તેનું ઉત્પાદન દેશની ઔદ્યોગિક પ્રગતિનું સૂચક ગણાય છે. એટલે આ લેખમાળાની શરૂઆત ગંધકના તેજાબથી કરીએ.

મધ્યયુગના કીમિયાગરો પારામાંથી સોનું બનાવવાનાં સ્વપ્નાં સેવતા, અને તે માટે અનેક શ્રમપૂર્ણ પ્રયત્નો કરતા—અનેક અટપટી ક્રિયાઓના અટપટા અખતરા ગોઠવતા. એમનું એ સ્વપ્ન તો સિદ્ધ ન થયું, પણ એ અથાગ પ્રયોગોના પરિપાક રૂપે કેટલીક નવી રાસાયનિક ક્રિયાઓ તેમને જડી આવી. એ કીમિયાગરોનાં ગુપ્ત સાંકેતિક લખાણોમાંથી ઉલ્લેખ મળી આવે છે કે હીરાકસીને આસવવાથી (distillation) એક પ્રકારનું દાહક તેલ નીકળે છે. આ તેલ જેવો પદાર્થ એ જ ગંધકનો તેજાબ. પરંતુ આ તેજાબ મોટા જથ્થામાં બનાવવાનું કાર્ય તો છેક અઢારમા સૈકામાં શરૂ થયું. એ જમાનામાં કારખાનાંવાળા મોટાં કાચનાં વાસણોમાં ઍસિડ બનાવવાની ક્રિયાઓ કરતા, કારણકે આ ઍસિડ ઘણીખરી ધાતુઓ પર અસર કરતો હોવાથી ધાતુનાં વાસણ તો ખવાઈ જ જાય. પાછળથી માલૂમ પડ્યું કે સીસા ઉપર સલ્ફ્યુરિક ઍસિડની અસર લગભગ નહિવત્ છે, એટલે સીસાનો સરંજામ વાપરવાનું શરૂ થયું. આ ઉપરથી 'લેડ ચેમ્બર' (સીસાનો ઓરડો)ના નામથી ઓળખાતી સલ્ફ્યુરિક ઍસિડની બનાવટની પદ્ધતિ અસ્તિત્વમાં આવી.

સલ્ફ્યુરિક ઍસિડની બનાવટનો મૂળભૂત સિદ્ધાંત સાવ સાદો છે. ગંધક બાળવાથી પેદા થતો સલ્ફર ડાયોક્સાઇડ નામનો વાયુ અને હવામાંનો ઑક્સિજન, એ બંનેને સંયોજાવીને સલ્ફર ટ્રાયોક્સાઇડ પેદા કરવો, જે પાણી સાથે સલ્ફ્યુરિક ઍસિડ આપે છે. સલ્ફ્યુરિક ઍસિડ બનાવવા માટે ગમે તે રીત વાપરો, પણ એ રીતનું કેન્દ્ર સલ્ફર ડાયોક્સાઇડ અને ઑક્સિજન એ બે વાયુઓને સંયોજવાનું છે. આ સંયોજન સહેલાઇથી થતું નથી, પણ કોઈ સહાયક પદાર્થની (catalystની) હાજરીથી જ થઇ શકે છે.

ગંધક યા ગંધકિત પદાર્થોને બાળવાથી ગંધકનો વાયુ—સલ્ફર ડાયોક્સાઈડ પેદા થાય છે. આ ક્રિયા કરતી વખતે હવા કે ઑક્સિજનનું પ્રમાણ ગમે તેટલું વધારીએ, છતાં ગંધકનું એક પરમાણુ ઑક્સિજનના બે જ પરમાણુઓ સાથે સંયોજાય છે. ગમે તેમ કરીએ તોપણ ત્રીજા ઑક્સિજન-પરમાણુ સાથે તેનો સંયોગ થતો નથી, એટલેકે સલ્ફર 'ટ્રાયોક્સાઈડ' પેદા થતો નથી. જો ટ્રાયોક્સાઈડની બનાવટ સુલભ હોત તો તો સલ્ફ્યુરિક ઍસિડની બનાવટ તદ્દન સહેલી બની જાત. કારણકે સલ્ફર ટ્રાયોક્સાઈડ સાથે પાણીનું સંયોજન એટલે સલ્ફ્યુરિક ઍસિડની ઉત્પત્તિ.

મોટા જથ્થામાં સલ્ફ્યુરિક ઍસિડ બનાવવા માટે અત્યારે બે હરીફ રીતો પ્રચલિત છે: પહેલી 'લેડ ચેમ્બર' ને બીજી, 'સંસર્ગ રીત'. આ બંને રીતોનું ધ્યેય એક જ છે: સલ્ફર ડાયોક્સાઈડમાંથી ટ્રાયોક્સાઈડ બનાવવાનું. પણ તે સિદ્ધ કરવા જુદાજુદા સહાયક પદાર્થો વપરાય છે. પહેલી રીતમાં, સુરોખારમાંથી નાઇટ્રોજનનો

ઑક્સાઈડ કાઢીને તેને, સહાયક પદાર્થ તરીકે વાપરવામાં આવે છે. બીજી રીતમાં, પ્લૅટીનમ ધાતુ એ કાર્ય માટે ઉપયોગમાં લેવાય છે.

'લેડ ચેમ્બર' પદ્ધતિની ટૂંકી રૂપરેખા નીચે પ્રમાણે દોરી શકાય: ગંધક યા ગંધકવાળા ખનીજ બાળીને પેદા થતો સલ્ફર ડાયોક્સાઈડ વાયુ અને હવાનું મિશ્રણ એ બંનેને નાઇટ્રોજન ઓક્સાઈડની સાથે, સીસાનાં પતરાં વડે મઢેલા એક મોટા ઓરડામાં લઈ જવામાં આવે છે. આ ઓરડામાં પાણીનો ઝીણો ફુવારો ચાલુ હોય છે. અને ત્યાં સલ્ફરડાયોક્સાઈડમાંથી ટ્રાયોક્સાઈડ બને છે. નાઇટ્રોજન ઑક્સાઈડ પોતાનો ઑક્સિજન આપી દે છે અને ટ્રાયોક્સાઇડ પાણીની સાથે મળીને સલ્ફ્યુરીક ઍસિડ પેદા થાય છે, જે એ રડામાં તળીએ એકઠો થાય છે. આમાં નાઇટ્રોજન ઓક્સાઇડ કેવી રીતે સહાયક પદાર્થનું કામ કરે છે તે પ્રક્રિયા હજી સુધી બરાબર સમજવામાં આવી નથી. આ ક્રિયા થઈ ગયા પછી છુટો પડતો નાઇટ્રોજન ઓક્સાઈડ પાછો કામમાં લેવામાં આવે છે.

આ રીતે બનાવેલો તેજાબ પાતળો હોય છે. તેમાં ૩૦ ટકા પાણી હોય છે. તેને જલદ બનાવવા સીસાનાં વાસણોમા ઉકાળવામાં આવે છે. પછી, પગથિયાંની શ્રેણીમાં ગોઠવેલાં વાસણોમાં એ તેજાબને ગરમ કરવામા આવે છે. એ વાસણો ઓગાળેલી રેતીમાંથી બને છે.

'સંસર્ગ-રીત' ઈ. ૧૮૩૧માં શોધવામાં આવી હતી, પણ ૧૯૦૧ સુધી તેનો કાંઈ ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

જર્મનીમાં બનાવટી ગળીને અંગે સંશોધનકાર્ય ચાલતું હતું. આ કાર્યમાં ખૂબ જલદ તેજાબ વિપુલ પ્રમાણમાં જોઇએ. આપણે જોઈ ગયા કે 'ચેમ્બર પદ્ધતિ'માં પેદા થતો તેજાબ ખૂબ પાણીવાળો હોય છે, અને તેને જલદ બનાવવા માટે આગળ બીજી ક્રિયાઓ કરવી પડે છે. છતાં ગળીની બનાવટમાં ઉપયોગી થાય એવો જલદ તેજાબ તેમાંથી બનતો નથી. એટલે જર્મનીની 'બેડીશે ઍનીલીન અને સોડા ફૅબ્રિક' નામની કંપનીએ ઇ. ૧૯૦૧માં અનેક નિષ્ફળ પ્રયોગોને અંતે સંસર્ગ-રીતને ફતેહમંદ પાર ઉતારી અને ઉદ્યોગોના ઇતિહાસમાં નવું પ્રકરણ શરૂ થયું.

સંસર્ગ-રીતમાં મુખ્ય મુશ્કેલી એ નડતી કે સહાયક પદાર્થની શક્તિ નાશ પામતી. પ્લૅટીનમ જેવી કિંમતી ધાતુ આમ નકામી થઈ જાય એ ન પાલવે. એટલે એ મુશ્કેલીનું નિવારણ કરવા બેડીશે કંપનીએ સંશોધન હાથ ધર્યું, અને ઘણા પરિશ્રમને અંતે શોધી કાઢ્યું કે જો આ રીત ફતેહમંદ પાર ઉતારવી હોય તો તેમાં વપરાતો સલ્ફર ડાયોક્સાઇડ તદ્દન શુદ્ધ હોવો જોઇએ. તેમાં સોમલ કે એવી કોઈ અશુદ્ધિ ન હોવી જોઇએ. ચેમ્બર રીતમાં તો ગમે તેવો સલ્ફર ડાયોક્સાઈડ ચાલી શકે. એટલે આ રીત વડે બનાવેલો તેજાબ શુદ્ધ હોય છે એ એક મોટો ફાયદો છે.

આ રીતમાં શુદ્ધ સલ્ફર ડાયોક્સાઈડ, અને હવાના મિશ્રણને સહાયક પદાર્થ પર પસાર કરવામાં આવે છે. આમાં વસ્તુત: એક કરતાં વધારે સહાયક પદાર્થોનો ઉપયોગ થાય છે. પ્રથમ લોહભસ્મ વાપરીને ૬૦ ટકા સંયોજન કરાય છે, અને બારીક પ્લૅટીનમ પર એ વાયુઓને પસાર કરીને પ્રક્રિયા સંપૂર્ણ કરાય છે. આ રીતે તૈયાર થએલા સલ્ફર ટ્રાયોક્સાઇડને જલદ તેજાબમાં શોષવામાં આવે છે. આમ ખૂબ જલદ-ફ્યૂમિંગ-તેજાબ પેદા થાય છે, જેમા યોગ્ય પ્રમાણમાં પાણી નાખીને સામાન્ય સલ્ફ્યુરીકઍસિડ (૯૮ટકા) બનાવાય છે. ઉપરની શોષવાની ક્રિયામાં ઉત્પન્ન થતી મુશ્કેલીઓ દૂર કરવા ૧૯૧૭માં વૈજ્ઞાનિક કૉટ્રેલે 'વિજળિક અવક્ષેપ' (electric precipitation)ની રીત દાખલ કરી. આ રીત ખૂબ ફતેહમંદ નીવડી છે.

એમાં તો કશી જ શંકા નથી કે સંસર્ગ-રીત વધારે કાર્યક્ષમ છે. તેનાથી વધારે જલદ તેજાબ પેદા થાય છે અને તેની શુદ્ધતા વિશેષ છે. એટલે આ રીત લેડ ચેમ્બર રીતને ઉથલાવી પાડે એવી ભીતિ છે.

હવે આ સબંધમાં આપણા દેશની પરિસ્થિતિ જોઇએ. હિંદમાં આ રસાયન બનાવવાનો ઉદ્યોગ ૨૫-૩૦ વર્ષથી વધારે સમયનો નથી. સલ્ફ્યુરિક ઍસિડનાં જૂનાં કારખાનાં મુંબાઈ અને કલકત્તામાં છે. આપણા દેશમાં મુખ્ય મુશ્કેલી કાચા માલની છે. પ્રથમ જરૂરિયાત ગંધક યા ગંધકિત પદાર્થની છે, જેમાંથી સલ્ફર ડાયોક્સાઈડ બનાવી શકાય. આ માટે આપણે પરદેશથી થતી આયાત પર જ આધાર રાખવો પડે છે અને ઈટાલી યા અમેરિકાનો ગંધક મંગાવીને વાપરવો પડે છે. હમણાં જોકે બલુચિસ્તાનમાં ગંધકનાં પડ જડી આવ્યાં છે, પણ તે હલકી જાતનો હોવાથી પરદેશની હરીફાઈમાં ઊભો રહી શકે કે નહિ એ સવાલ છે. યુદ્ધ પૂર્વે આપણે ત્યાં દર વર્ષે ૭૦.૦૦૦ ટન સલ્ફ્યુરિક ઍસિડ તૈયાર થતો: હવે એ આંકડો એક લાખ ટન ઉપર પહોંચ્યો છે. છતાં બીજા દેશોની સરખામણીમાં તો આ નિર્માલ્ય લાગે છે. અમેરિકા દર વર્ષે ૯૦ લાખ ટન અને ઇંગ્લાંડ ૧૫ લાખ ટન સલ્ફ્યુરિક ઍસિડ બનાવે છે.

આપણા પ્રાંતમાં મુંબાઈ પાસે અંબરનાથમાં ધરમશી મોરારજી કેમિકલ વર્કસ તથા અમદાવાદ પાસે બારેજડીમાં રામમે કેમિકલ વર્કસ 'ચેમ્બર'ની રીતે સલ્ફ્યુરિકઍસિડ બનાવે છે. હમણાં સંસર્ગ રીતથી તાતા કંપની અને મુંબઈ પાસે કલ્યાણ નજીક સોનાવાળા પણ આ ઍસિડ બનાવે છે.

સમૃદ્ધ જીવન ગાળવા ઇચ્છતી પ્રજાનો ઉદ્ધાર ઉદ્યોગોનો વિકાસ સાધ્યા વિના સંભવી શકતો નથી. વિકાસ સાધવાને પુષ્ટિ આપે-બધી પૂરેપૂરી સગવડો આપે, તેવી નીતિની સમજદાર દીર્ઘદર્શી સરકારની મદદ પણ એને હોવી જોઇએ. આપણા દેશની ઔદ્યોગિક ખીલવણી માટે આ વસ્તુ ક્યારે સમજાશે ?

સ્વ. ઝવેરચંદ મેઘાણી (અનુસંધાન પાછળ પાન ૭૮-૨)

પ્રતિભામાં ઊઠતાં હતાં. બોટાદના સ્ટેશને ઉપાડો લેનાર બેકાબૂ ગુંડાને ફટકારનાર, કાઠિયાવાડના માથાભારે રાજવીઓની અવળચંડાઇની ધગધગતી કલમે ખબર લેનાર, ને ખુદ બાહારવટીઆની પણ ખોટી ધમકીનો સામી છાતીએ પડકાર ઝીલનાર મેઘાણી, અને 'વેવિશાળ' તથા 'તુલસીક્યારો'માં ચીતરાએલાં અજ્ઞાત, જનસામાન્યનાં પાત્રોમાં ઝબૂકી રહેલી માનવતા આલેખનાર મેઘાણીમાં સોરઠી મહત્તાનાં એ પ્રતીકો પ્રતીત થાય છે. એવા મહાન સૌરાષ્ટ્રી બનીને જ એ મહાન ગુજરાતી બન્યા.'

'પચ્ચીસ વર્ષ સુધી ખેડાએલી એમની એ મનોભૂમિનો પૂરો ફાલ લેવાયા પહેલાં એ ભૂમિપર મૃત્યુનો લાવારસ રેલાઈ ગયો છે ગુજરાતના જનહૃદયમાં રોમાંચકારી સ્પંદનો જગાડતો, વીર, કરુણ, શૃંગાર ને અદ્ભુત રસની મિઠાશવાળો કંઠ એકાએક બંધ થઈ ગયો છે. સાહિત્યની દુનિયામા કોઈની પણ શેહ કે સહાયથી છોવાયા વિના સીધા લોકહૃદય પાસે જઈ પોતાનો અણમોલ એકતારો બજવી ગુજરાતને મંત્રમુગ્ધ કરનાર એ અજબ બજવૈયાનું ગાન વિલાઈ ગયું છે. પણ સાહિત્યના અણમોલ કટોરામાં પોતાના જીવનનો જે કસુંબલ રંગ એ ગુજરાત માટે મૂકી ગયા છે એમાંથી ગુજરાત સતત પ્રેરણા મેળવશે' અને એ રંગથી એની સંસ્કારિતા સોહી રહેશે.

સ્વ. ઝવેરચંદ મેઘાણીની એ પ્રતિભાને અમે વંદન કરીએ છીએ અને એમના આત્માને અખંડ શાંતિ પ્રાર્થીએ છીએ.

(ફુલછાબ, પ્રજાબંધુ, જન્મભૂમિ, ગુ. સમાચાર, પ્રભાતમાંથી સંકલિત)

ગાંડો હાથી (અનુસંધાન પાછળ પાન ૬૮ થી)

'એકાદ માઈલ હશે.'

'આપણે અત્યારે જ જશું?'

'હા, ચાલો.'

અમે જંગલમાં પેઠા ત્યારે સૂર્ય નમવા લાગ્યો હતો. સાગ અને આંબાની ઘેરી ઘટા નીચેથી અને ગીચ ઘાસ તથા ઝાડી વચ્ચેથી રસ્તો કરતા અમે આગળ ચાલ્યા. જંગલમાં જનાવરો જે રસ્તે ચાલે છે ત્યાં તેમની નિત્યની અવરજવરથી કેડી પડી જાય છે, એટલે અમને ચાલવામાં મુશ્કેલી ન હતી. હાથીના સગડ પણ હું જોઈ શકતો હતો. જોકે આમ ચાલવામાં પણ જોખમ તો હતું. કારણકે હાથી જો અચાનક અમારી પડખેથી કે પાછળથી આવી ચડે તો અમને ખબર પણ ન પડે. તમે એમ માનતા હો કે હાથી જેવું તોતિંગ પ્રાણી જંગલમાં ચાલતું હશે ત્યારે ભારે અવાજ થતો હશે, તો તેમાં તમારી ભૂલ છે. જ્યારે હાથી ચુપકીદીથી ચાલવા માગે છે ત્યારે તે એવી તો નીરવ ચાલે ચાલે છે કે પાછળથી આવીને તમારા ઉપર સૂંઢ નાખે ત્યારે જ તમને ખબર પડે કે પાછળ હાથી આવ્યો છે! તેમાં યે આ તો માનવદ્રોહી મસ્ત હાથી હતો. તેની લુચ્ચાઈ અને ખંધાઈથી બહુ ચેતવું જોઈએ. ગીચ ઝાડીમાંથી અમને તે ભલે જોઈ ન શકે, પરતુ ગંધથી તે પારખી જાય કે હાથીનો મહાન અને એક માત્ર દુશ્મન કાળા માથાનો માનવી આવી રહ્યો છે તમે પૂછશો, 'એક માત્ર દુશ્મન' કેમ? પણ ત્યારે જંગલમાં હાથીનો દુશ્મન બીજો કોણ છે? દક્ષિણ હિંદુસ્તાનમાં ગેંડા તો છે જ નહિ; અને આસામમાં જ્યાં છે ત્યાં તેઓ એકબીજાની આડે કદી આવતા નથી. બંને પ્રાણી વનસ્પત્યાહારી છે અને તેઓ બંનેની વચ્ચે સ્પર્ધા કે દુશ્મની થાય એવાં વિરોધી હિત તેઓ ધરાવતા નથી. તમને કદાચ થશે કે 'ભલે; પણ વાઘનું શું?' એ સવાલ બરોબર છે. દેશી રજવાડાંનાં બે ખાતાં પોતપોતાનું વર્ચસ્વ સ્થાપવા માટે લડી મરશે, પરંતુ વાઘ અને હાથી દેશી રજવાડાંના અમલદાર જેવા ટૂંકા વિચારના નથી. વાઘ જાણે છે કે હાથીના પગમાં, દંતુશળમાં અને સૂંઢમાં કેટલું વિનાશક બળ છે. અને હાથી પણ જાણે છે કે વાઘ નખ-શિખ કેવો શસ્ત્રસજ્જ છે. હાથી અને વાઘ બંને પોતપોતાનાં ક્ષેત્રમાં જંગલના રાજા જ છે. તેઓ એકબીજાની મર્યાદા પાળે છે ને કદી એકબીજાની આડે ઊતરતા નથી. હા, એકલદોકલ મદનિયું જો છૂટું પડી ગયું કે વાઘનું બચ્ચું હાથી પાસે જઈ ચડ્યું તો મામલો મરવા કે મારવા ઉપર આવી જાય છે. પણ આ તો આપણે કથાની કેડી ઉપરથી આડા ઊતરી ગયા.

'આ જુઓ;' રામૈયાએ મારું ધ્યાન ખેંચ્યું: 'હાથી અહીં ઊભો હતો ને હું સામા પવને એક પછી એક ઝાડની ઓથે ભરાતોભરાતો તેની પડખે પહોંચી ગયો. પવન તેની બાજુથી મારી બાજુ આવતો હતો, એટલે મારી ગંધ તેને જાય એવી મને બીક ન હતી. મને ખ્યાલ હતો કે મારી દેશી બંદૂકથી તે મરશે નહિ. એટલે પહેલાં તો હું તેને લૂલો બનાવીને લાચાર કરી દેવા માગતો હતો. એટલે મેં તેના આગલા પગનું નિશાન લીધું અને ગોળી મારી. ગોળી લાગતાં જ તે ભડક્યો અને ચમકીને ઝાડીમાં ઘુસી ગયો. મને ખટકો રહી ગયો કે સીસાની ગોળીએ ધાર્યું કામ ન આપ્યું. ઝાડીમાં મેં તેને ઊભો રહેતો સાંભળ્યો. હું સમજી ગયો કે તે કંઈ લૂલો થઈને નથી ઊભો રહ્યો, પણ શિકારી પોતાની પૂંઠ પકડશે એમ ધારીને, શિકારીને ધૂળ ચાટતો કરી દેવા માટે ખંધાઈથી રાહ જોતો જ ઊભો છે. મારે મારા ભાઈના મોતે નહોતું મરવું, એટલે હું આવ્યો હતો તે રસ્તે પાછો છટકી ગયો.'

હું આ માણસની વિચક્ષણતા જોઈને ખુશ થઈ ગયો. તેણે મને જમીન બતાવીને કહ્યું, 'જુઓ સાહેબ, આ રહ્યું તેનું લોહી. તેનો પગ જખમાયો છે ખરો, પરંતુ તેથી કંઈ તેની ગતિમાં ફેર પડ્યો હોય તેમ નથી લાગતું.'

અમે ત્યાંથી હાથીને પગલે પગલે આગળ ચાલ્યા. જો હાથીનો પગ સખ્ત ઘાયલ થયો હોય તો સંભવ છે કે તે દૂર ન જઈ શક્યો હોય એમ હોય તો અમારે ભારે સાવચેતી રાખવી જોઈએ. પરંતુ હાથીના પગની નિશાની જોતાં અમને ખાત્રી થઈ કે તે જોકે આગલે પગે ખોડંગાતો હતો ખરો, પણ ઈજા એવી ગંભીર ન હતી.

પરંતુ સૂર્ય હવે પશ્ચિમમાં ઊતરવા લાગ્યો હતો. ઝાડના ઓળા લંબાતા જતા હતા અને પક્ષીઓ પોતાની પ્રવૃત્તિ સંકેલી લેવા લાગ્યાં હતાં. વૈયાં, કાગડા, કાબર ને બગલાં ગામને પાદર ઝાડવાંનાં ઝુંડમાં રાતવાસો કરવા ઊડતાં જતાં હતાં. અને શિયાળાનો સૂર્ય આથમતાં કેટલી વાર? એટલે હવે હાથીનો પીછો પકડવામાં શાણપણ ન હતું. જો જંગલમાં જ અંધારું થઈ જાય તો રસ્તો ભયજનક હતો. એટલે અમે તરત ગામ ભણી પાછા ફર્યા. આદિવાસીઓની વસતિમાં અમે રાતવાસો કર્યો. તેમના સાદા અને ગરીબ ભોજને પણ અમને મોટો સંતોષ આપ્યો. મોટી તકલિફ હતી મચ્છરોના ત્રાસની. અધૂરામાં પૂરું હું નારંગીનું તેલ સાથે લેતાં પણ ભૂલી ગયો હતો કે જે મચ્છર સામે રક્ષણ આપી શકે. છેવટે કોપરાના તેલનું હાથે, પગે અને ડોક તથા મોં ઉપર મર્દન કરીને હું ઘસઘસાટ ઊંઘી ગયો.

વહેલી સવારે આંબા અને સાગની ઘટામાંથી વનવગડાને ગજાવી મૂકતા પીળક અને શોબીગીના ટહુકા અને સંગીતથી હું જાગી ઊઠ્યો અને વેળાસર નિત્યકર્મથી પરવારીને અમે શિકાર માટે રવાના થયા.

સૂર્યની પહેલી ટશરે શિયાળાના ભૂખરા આકાશની ઊગમણી કોરને જરા રતુમડી બનાવી ત્યારે ઝાકળથી નીતરતી વનશ્રી વચ્ચેથી અમે હાથીના પાછા સગડ લીધા. તરેહતરેહ રંગનાં પતંગિયાં જંગલી ફૂલો ઉપર ઝઝૂમી રહ્યાં હતાં. ઝાડની ઘટામાં ખેરખટ્ટા લહેકા કરીને એક બીજાને બોલાવતા હતા, અને એક ઠેકાણે રાજનાગ પોતાના જડબા પણ નિરુપદ્રવી ઘામણને ગળી જતો હતો. અને અમે ઘેરા જંગલમાંથી આછા જંગલમાં આવ્યા. થોડી વારમાં જ અચાનક રામૈયાએ મારું કાંડું દાબીને એક ઝાડની ઘટા નીચે મારું ધ્યાન ખેંચ્યું! જોઉં છું તો પેલો હાથી ત્યાં ઊભો ઊભો સૂંઢમાં ડાંખળી લઈને શરીર ઉપરથી માખીઓને ઉડાડતો હતો. સારું થયું કે તેની પીઠ અમારી તરફ હતી. પરંતુ કપાળનું નિશાન લેવા માટે તેની નજીક કેમ પહોંચવું તે એક કોયડો હતો, કારણ કે વચલાં ઝાડ છુટાંછવાયાં હતાં. મેં બધાં માણસોને ત્યાં જ અટકાવી દઈ ઝાડના થડની ઓથે સંતાઈ રહેવા જણાવ્યું પછી મારી પૅરૅડૉક્સ રાઈફલ લઈને ચુપકીદીથી આગળ વધ્યો, ને એક પછી એક ઝાડનાં થડ પાછળ સંતાતોસંતાતો હાથીની નજીક પહોંચી ગયો. ઠીક થયું કે પવન પ્રતિકૂળ હોવાથી અમારી ગંધ તેને ન ગઈ.

આવા ભયંકર માણસમાર જંગલી હાથીની આટલી નજીક ઊભા રહેવામાં પણ કેટલો રોમાંચ છે! તેનું પહાડ જેવું શરીર, તેની ચામડીના છૂટાછવાયા વાળ તથા કરચલીએ કરચલી માણી લ્યો એવું ચોકખું દેખાતું હતું. તે વારંવાર પોતાની સૂંઢ હવામાં વીંઝ્યા કરતો હતો અને માથું ડોલાવતો હતો. હું એવી રીતે ઊભો હતો કે તે મને જોઈ ન શકે, પરંતુ તેના કદાવર ચળકતાં દંતૂશળ હું જોઈ શકતો હતો. મેં જોકે ભારે ચૂપકીદી જાળવી હતી, પણ મને બહુ બીક હતી કે રખેને તેને મારી ગંધ પહોંચી જાય. મારું હૃદય ધડકતું હતું, પરંતુ મારો હાથ મક્કમ હતો અને છાતી મજબૂત હતી મારે એવું નિશાન લેવું જોઈએ કે જેથી આ દુષ્ટ રાક્ષસને પ્રતિ-આક્રમણ કરવાનો મોકો જ ન

મળે. એક ઘા ભેગો જ તે હતપ્રુફ્ક થઈ જવો જોઇએ. જો આટલે પાસેથી તે મારા ઉપર હુમલો કરે તો તેના ધસારામાંથી બચવું બહુ મુશ્કેલ હતું. એટલા માટે મેં તેના કાનનું નિશાન લીધું કે જેથી તેનું મગજ વીંધાઈ જાય. મેં રાઈફલનો બાર કર્યો!

પણ આ શું? હાથીના કાનમાં જાણે માખી પેઠી હોય તેમ તેણે માત્ર જોરથી માથું ધુણાવ્યું, ને પછી આગળ, પાછળ કે પડખે જોવા વિના સામેની ગીચ ઝાડીમાં તે અદૃશ્ય થઇ ગયો. આમ કેમ થયું? મારી ઉત્તેજનામાં મને બીજો કંઈ જ વિચાર ન આવ્યો અને હું તેની પાછળ દોડયો. જ્યાંથી તે ઝાડીમાં પેઠો હતો ત્યાં પહોંચતાં જ મેં શું જોયું? આગગાડીના પહાડી અન્જિનની જેમ તે મારી ઉપર ધસ્યો આવ્યો. હું હેતબાઈ તો ગયો, પરંતુ વિજળીની ઝડપે હું કુદકો મારીને બાજુમાં ખસી ગયો. છતાં તોફાનમાં સપડાએલા વહાણના સઢના કોઇ છુટી ગએલ ભારેખમ દામણનો સપાટો ખાઇને જેમ ખલાસી ઊડી પડે, તેમ એ હાથીની સૂંઢની એક પ્રચંડ ઝાપટ મારા ઉપર એવી તો વીંઝાઈ કે તેની થપાટ ખાઇને હું અધ્ધર હવામાં ઊછળ્યો! એ અણુચિંતવ્યા અને મજબૂત ફટકાથી મને આંખે તમ્મર આવ્યા અને હું કાંટાની એક ગીચ ઝાડી ઉપર પટકાઈ પડયો. મારા હાથમાંની રાઈફલ વછૂટીને છેટે ઊડી પડી

પણ ગમે તેવા આઘાત કે દુઃખથી ભાન ભૂલવું મને અત્યારે ક્યાંથી પોસાય? કેટલા યે તીક્ષ્ણ કાંટા મારા શરીરમાં ભોંકાઇ ગયા હતા અને સૂંઢના સપાટાની તથા કાંટાની એમ બેવડી વેદનાથી મારો જીવ જતો હતો, છતાં મેં બળપૂર્વક સંયમ કેળવીને ઊંચે નજર કરી. તો હાથી મારી સામે જ ઊભો હતો....પણ તેની પીઠ મારી સામે હતી!

હવે? કેવી કફોડી દશામાં હું આવી પડયો હતો! આ કાંટ્યમાંથી નીકળવાનો પ્રયત્ન કરવો એ તો પીઠ ફેરવીને ઊભેલા હાથીને નોતરવા જેવું હતું. ત્યારે બીજો રસ્તો પણ શો હતો? હાથી પોતાની ફુરસદે પાછો ફરીને પોતાની સૂંઢમાં પકડીને મને ભૂંડે મોતે મારે એ જ ને? પરંતુ આ કાંટ્યમાંથી હું છૂટો થવા માગું તો પણ થવાય તેમ ન હતું. આવી ભયંકર પરિસ્થિતિમાં થોડી મિનિટો પસાર થઈ ગઈ. પરંતુ એ મિનિટો કલાક જેવડી લાંબી હતી. મને આંખે અંધારા આવતાં હતાં. પણ એમાં હું એક જ વસ્તુ જોઈ શકતો હતો, અને તે હાથીની કદાવર કાયા. તમે હાથીથી દસ જ પગલાં દૂર જમીન ઉપર પડયા હો અને હાથી સામે જુઓ તો ખ્યાલ આવે કે તે કેવા પહાડી શરીરનું પ્રાણી છે અને તમે તેની પાસે કેવા મગતરા જેવા છો.

અચાનક હાથી ફર્યો ને ધરતી પર પડેલી મારી પૅરૅડૉક્સ રાઈફલ ઉપર તેની નજર ગઈ. તેણે સૂંઢની અણી રાઇફલ પાસે લઈ જઇને તેની ગંધ લીધી. લેતાંવેંત તેણે ક્રોધનો ફુંફાડો માર્યો. એ રાઈફલ માણસની ગંધથી દૂષિત હતી; અને માણસ તો તેનો પરમ દુશ્મન હતો! તેણે ક્રોધમાં આવીને રાઇફલને લાત મારી. પરંતુ રામૈયાએ તેનો એ જ પગ જખમી કર્યો હતો, એટલે ક્રોધમાં મારેલી લાતે તેના એ જખમને દુખાવ્યો. તેણે જબરો છીંકોટો માર્યો.

હું તો હવે મારા મોતની ઘડી—ઘડી નહિ, ક્ષણો જ—ગણતો હતો. મને ખબર નથી કે અમે બે દુશ્મનો એકબીજાની સામે કેટલી વાર ઊભા રહ્યા હોઇશું. મારેથી તો ઊભા રહેવાય તેમ ન હતું હું તો કાંટ્યમાં પડયો હતો. શું, કરપીણ મૃત્યુના સકંજામાં સપડાએલો માણસ સમયના પ્રવાહને માપી શકે છે? જે ક્ષણો પસાર થતી હતી તેમાં તે મારી ઉપર ધસી આવવાની જ હું રાહ જોતો હતો. તેની સૂંઢમાં ઉચકાવું, પટકાવું, તેના દંતુશળથી વીંધાવું, તેના ઘૂંટણ નીચે કચડાવું......કેવું કમકમાટીભરેલું મૃત્યુ!

પણ આ શું? આ ઘોંઘાટ શાનો? અને આ બંદૂકનો અવાજ? આ અણધારી, છેલ્લી ક્ષણની મદદ! ખરેખર, મારાં માણસોને ધન્યવાદ આપવો ઘટે. હાથીનું ધ્યાન મારા ઉપરથી ખેંચી લેવા તેમણે એ ઘોંઘાટ મચાવ્યો હતો. અને તરત ધારી અસર થઇ. હાથીનું તોતીંગ શરીર ઘૂમી ગયું અને જે દિશામાંથી અવાજ આવ્યો હતો તે દિશામાં તેણે ધસારો કર્યો. બસ, મને એટલી જ આછીપાતળી યાદી છે. પરંતુ એવામાં મને કોઇએ મૃત્યુની તંદ્રામાંથી ઢંઢોળ્યો. કોણ છે એ? પેલો કાળમૂર્તિ હાથી? ના; એ તો માણસનો હાથ હતો. જે હાથે માણસ કાળામાં કાળું કામ કરી શકે છે એ હાથ પોતાની જિંદગીના જોખમે મહાન ઉમદા કાર્ય પણ કરી શકે છે.

કાંટ્યમાંથી મને મુક્તિ મળી. કાંટાના ઊઝરડા અને જખમમાંથી લોહી નીકળ્યું હતું અને મારાં કપડાં ફાટી ગયાં હતાં. દુઃખ અને લાગણીથી મારૂં ગળું રૂંધાઇ ગયું. મારો ઉગારનાર પોતે પણ કાંટાથી જખમાયો હતો અને પોતાની ખેલદિલી અને પરોપકારવૃત્તિની કીમત ચૂકવી હતી. તેણે મારી રાઇફલ પાછી મારા હાથમાં મૂકી હાથમા હથિયાર આવતાં મને નવી હિંમત અને નવી જિંદગી મળી. પરંતુ હાથીનો સામનો કરવાની શક્તિ હવે મારામાં ન હતી. મેં તેને સૂચના આપી કે આ રાઇફલ વડે હાથીના હૃદયનું નિશાન લઇને બંદૂકના એક સાથે બે ભડાકા કરી નાખો.

જંગલને કંપાવે એવો ભડાકો થયો, કારમી કીકિયારી કાને પડી. જાણે પહાડ પરથી મોટી શિલા તૂટી પડી હોય તેવો કડાકો થયો. થોડી જ વારમાં રામૈયાની સૌમ્ય મૂર્તિ મારી સામે આવીને ઊભી. તેના વદન પર બેવડો સંતોષ હતો. તેણે મારી જિંદગી બચાવી હતી ને ભાઈના હત્યારાને હણીને વેરની વસુલાત કરી હતી. પરંતુ એથી યે બીજું ઉમદા કાર્ય તો તેણે એ કર્યું હતું કે ગાંડા હાથીને હણીને તેણે અનેક લાચાર ને ગરીબ જંગલવાસીઓના જીવ બચાવ્યા હતા.

જ્યારે હું સ્વસ્થ થયો ને રામૈયાને ફરી મળ્યો ત્યારે તેના મોં પર વિષાદની છાયા હતી. તે ચિંતાતુર હતો. તેણે મને કહ્યું, 'હાથીને મારવા માટે મારી પાસે પરવાનો નથી. સરકાર મને સજા કરશે.'

મેં પ્રેમથી તેનો હાથ ઝાલીને કહ્યું, 'સરકાર તમારા કૃત્યથી ગુસ્સે નહિ થાય, પણ મગરૂર થશે. આવો વિરલ ભ્રાતૃપ્રેમ, આવી જીવના જોખમે પરોપકાર વૃત્તિ, આવી બહાદુરી, આવી હિંમત ને આવી ખેલદિલી જે માણસોમાં હોય તેનાથી તો દેશ ઊજળો છે.'

મારી નિષ્ફળતાનો રંજ ઊડી ગયો. ભલે આવા માતેલા ગાંડા હાથીનો શિકાર કરવાનો યશ મને ન સાંપડયો, પરંતુ મને જંગલના અભણ ને અજ્ઞાન 'જંગલી' માણસની 'માણસાઇ'નાં દર્શન થયાં હતાં, અને હું તેથી કૃતાર્થ થયો હતો. રામૈયાનો તો આગ્રહ જ હતો કે હાથીના શિકારનો યશ મારે લેવો. પરંતુ હું એવો નૃશંસ કેમ બની શકું? ગમે એવી લાલચ પણ મને એવો સ્વાર્થી અને અધમ થવા ન ખેંચી શકે. રામૈયાનું માનસ હું સમજતો હતો. તેની માગણી પાછળ અનેકવિધ કારણો હતાં: તે વગર પરવાને હાથી મારવાના દોષમાંથી બચવા માગતો હતો, તેને આવા મહાન શિકારનો યશ મેળવવાનું મિથ્યાભિમાન ન હતું, એવા યશ માટે તે પોતાને ઘણો નાનો માણસ અને અપાત્ર સમજતો હતો. જંગલની સાદાઈમાં રહેતા આ આદિવાસીઓને જિંદગીમાં મહેચ્છા પણ શી હોય?

તમને ખબર છે? શિકારનો એક વગર લખ્યો નિયમ છે, કે જ્યારે એક પ્રાણી ઉપર બે શિકારી ઘા કરે છે ત્યારે તે ગમે તેના હાથે મર્યું હોય, પણ તેને પહેલો જખમી કરનાર શિકારી શિકારના મૃતદેહ ઉપર દાવો કરી શકે છે. મેં આ હાથી ઉપર ગોળીબાર કર્યો હતો તે

ખરું, પરંતુ મારી પહેલાં રામૈયાએ તેનો પગ જખમી કર્યો હતો અને છેવટે હાથીને હણ્યો પણ તેણે જ હતો. મેં નિશ્ચય કર્યો કે આ હાથીના શિકારનું સરકારી ઈનામ રામૈયાને જ મળવું જોઇએ અને હાથીના મૃત દેહ ઉપર પણ રામૈયાની જ માલિકી થવી જોઇએ.

જંગલના જોખમનો ને આવા ભયંકર પ્રાણીને મારવામાં રહેલા ભયનો જરા પણ ખ્યાલ કરી શકયા વિના સરકારી કચેરીમાં બેઠેલા અમલદારે નક્કી કરેલી ઇનામની રકમ તો એટલી મામૂલી હતી કે તે રામૈયાના હાથમાં મૂકતાં મને શરમ લાગી. રામૈયાને હાથીના દંતૂશળ શું કરવા હતા? મેં તેની નાદર રકમ રામૈયાના હાથમાં મૂકી. પરંતુ હજી પણ મારું હૃદય ઉપકારના બોજાથી દબાએલું હતું. જેણે મારી જિંદગી બચાવી હતી તેને હું શો બદલો આપી શકું? અને જે માણસે નિષ્કામ કર્મ કરતા યોગીની જેમ બદલાનો વિચાર પણ કર્યા વિના આવું ઉમદા કામ કર્યું છે તેને તો હું ભક્તિ ભાવથી મારા પ્રેમની અંજલિ જ આપી શકું.

આ વાતને વરસ ઉપર વરસ વીતતાં જાય છે, પરંતુ મારા દીવાનખાનામાં ગોઠવેલાં પેલાં બે તોતીંગ દંતૂશળ મને માનવજીવનના આ ઉમદા પ્રસંગની સદૈવ યાદ આપે છે. (સચિત)

[પ્રકૃતિવિદ્ ને શિકારી કે. ડબલ્યુ. એસ. મીચેલના સ્વાનુભવ પરથી]

આપણી વનસ્પતિ

માસે માસે એક એક વનસ્પતિનો પરિચય આપતી નવી લેખમાળા

લેખક - પ્રો. જયંતીલાલ દેવશંકર ઓઝા એમ. એસસી.

[૧]

અશોક

અશોક તો સંસ્કૃત કવિઓનું પ્રિય વૃક્ષ. એનું નામ લેતાં જ કવિ કાલિદાસની પ્રસિદ્ધ પંક્તિઓ યાદ આવી જાય છે.

અશોક વિષે અનેક સામાન્ય માન્યતાઓ અને દંતકથાઓ પ્રચલિત છે. હિંદુઓ તેને પવિત્ર વૃક્ષ તરીકે ગણે છે. તેનાં સુંદર અને સુગંધી ફૂલો મંદિરમાં શણગાર માટે વપરાય છે. અશોક પ્રેમનું પણ પ્રતીક છે અને કામદેવતાને અર્પણ થએલ છે. બુદ્ધ વિષે પ્રચલિત દંતકથાઓમાં જ્યારે માયાને બોધિસત્ત્વનો ગર્ભ રહ્યાની જાણ થાય છે ત્યારે તે અશોક વનમાં જાય છે. અશોક શબ્દનો અર્થ (અ+શોક) શોક રહિત થાય છે. સંસ્કૃત સાહિત્યકારોએ અશોકને શરમાળ વૃક્ષ તરીકે વર્ણવ્યું છે:કોઇ સૌંદર્યવતી લલનાના સ્પર્શમાત્રથી અશોકનાં સુંદર ફૂલો ખીલી ઊઠે છે: पादाघातादशोको विकसति ॥

અશોકનું શાસ્ત્રીય નામ સરાકા ઇન્ડિકા (Saraca Indica Linn) છે. ૧૭૯૫માં લીનીઅસ નામે સ્વીડિશ વનસ્પતિશાસ્ત્રીએ આ નામ પાડેલું. અશોક એશિયાનું વતની છે. હિમાલયના મધ્ય અને પૂર્વ ભાગો, કુમાઉં, પૂર્વ બંગાળ અને દક્ષિણ હિંદમાં, ખાસ કરીને ખાસીઆ ટેકરીઓ, ચીતાગોંગ, આરાકાન, તેનાસરીમ, બ્રહ્મદેશનો ઉપરનો ભાગ, મુંબાઇનો પશ્ચિમ કિનારો, સીલોન અને મલાયામાં તે કુદરતી ઊગે છે. બીજી જગ્યાઓએ તે રોપવાથી થાય છે.

અશોક વૃક્ષ કદમાં સાધારણ નાનું અને સદાય લીલું હોય છે. તેની શાખાઓ દરેક દિશામાં પ્રસરેલી અને તેના ઉપર પાન એક પછી એક ગોઠવાએલાં હોય છે. દરેક પાન દાંડી રહિત અને સંયુક્ત હોય છે અને તેનાં ઉપર ૪થી ૬ લીસાં, ચળકાટવાળાં સાધારણ ઘટ અને વળાકાર કિનારવાળાં પાંદડાં જોડકાંમાં હોય છે. કેટલાક કૂણાં, પાતળાં, રાતાં પાન લટકતાં રહે છે.


અશોકનાં ફૂલોનો ઉદ્ભવકાળ જાન્યુઆરીથી એપ્રિલ અગર મે માસ. એમાં ફૂલો ઝૂમખાંમાં થાય છે. ફૂલો ખીલતી વખતે ખુલતા નારંગી રંગનાં હોય છે, પણ પાછળથી રતાશ પકડે છે, આથી ફૂલોનાં ઝૂમખાંમાં રંગની મનોરમ વિવિધતા નજરે પડે છે. ફૂલો ખીલે છે ત્યારે તો અશોક અત્યંત રમણીય દેખાય છે. નારંગી અને રાતા રંગનાં ફૂલોનાં ઝૂમખાં, અને ઘેરાં લીલાં પાનવાળી ઘટ શાખાઓ આસપાસના સૃષ્ટિસૌંદર્યમાં અનેરો વધારો કરે છે.

અશોક શીંગોવાળા વર્ગ અગર શિંબી વર્ગની વનસ્પતિ ગણાય છે. તેનું ફળ—શીંગ રાતી અને ૬થી ૧૦ ઇંચ લાંબી હોય છે. તેની અંદર ૪થી ૮ લીસાં ભૂખરા રંગનાં બી હોય છે.



અશોકની છાલનું રાસાયનિક અન્વેષણ હજી પૂરેપૂરું થયું નથી. બોઅઠના સંશોધન મુજબ તેમાં હીમેટૉકસિલીન નામનો પદાર્થ રહેલો છે. હૂપરને તેમાં સારા પ્રમાણમાં ટૅનિન પદાર્થ મળી આવ્યો હતો. કલકત્તાની સ્કુલ ઑવ ટૅાપિકલ મેડિસીનની રાસાયનિક પ્રયોગશાળામાં થએલા સંશોધન અનુસાર તેમાં ટૅનિન અને લોહવાળો કોઈ કાર્બનિક પદાર્થ સારા પ્રમાણમાં છે એમ નક્કી થયું છે.

ઉપર:અશોકનાં પાંદડાં;નીચે તેનાં ફૂલનો ગુચ્છ તથા શીંગો





અશોક ઉપયોગી વૃક્ષ છે. તેનું બહારનું લાકડું રાતું, ભૂરું ને પોચું અને અંદરનું લાકડું કાળું ને કઠણ હોય છે અને તે ઇમારતી લાકડા તરીકે કામમાં આવે છે. ઔષધમાં પણ તેનો ઉપયોગ થાય છે. ગર્ભાશયના અને ખાસ કરીને લોહીવાના રોગમાં અશોકની છાલ દૂધમાં ઉકાળીને આપવામાં આવે છે. એની છાલના ઉકાળા સાથે ચોખ્ખું માખણ મેળવીને અને તેમાં કેટલીક સુગંધી વનસ્પતિ ઉમેરીને બનાવેલું 'અશોક ઘૃત' ઔષધ તરીકે વપરાય છે. આંતર-રક્તપાતના કેસોમાં અશોકની છાલનો બાધક (astringent) તરીકે ઉપયોગ થાય છે. અશોકના ફૂલના ભૂકાને પાણી સાથે મેળવી લોહી પડતા મરડામાં આપવામાં આવે છે.

ભાવ

નાટ્ય અભિનય વગર સંભવી શકતું નથી; અને અભિનય ભાવ વગર સંભવી શકતો નથી. માટે પ્રથમ આપણે ભાવનું સ્વરૂપ જોઈએ.

શાસ્ત્રમાં ભાવની વ્યાખ્યા એવી કરી છે કે આત્મા અને મનની સંયોગક્રિયા અથવા ચિત્તનો વિકાર તે 'ભાવ'. 'ભાવ'ના ત્રણ પ્રકાર છે: 'સ્થાયી', 'સંચારી' અને 'સાત્ત્વિક'. એમાં પહેલા બે આંતર અથવા મનના ભાવ છે, જ્યારે ત્રીજો શરીરનો ભાવ છે.

પ્રથમ આપણે સ્થાયી અને સાત્ત્વિક ભાવોનું વિવરણ કરીશું.

સ્થાયી ભાવ: સ્થાયી ભાવો આઠ છે. (૧) રતિ, (૨) હાસ, (૩) શોક, (૪) ક્રોધ, (૫) ઉત્સાહ, (૬) ભયાનક, (૭) જુગુપ્સા, (૮) વિસ્મય. કેટલાંક શાસ્ત્રોમાં 'નિર્વેદ'ને નવમો ભાવ ગણવામાં આવે છે.

રતિ: પ્રિય વસ્તુની ઈચ્છાથી થયેલ મનોવિકાર કે ભાવ તે રતિ.

હાસ: વસ્તુના વિપરીતપણાથી ઉત્પન્ન થતો ભાવ તે હાસ.

શોક: અનિચ્છિત ઘટનાથી થતો ભાવ તે શોક.

ક્રોધ: હર્ષથી વિપરીત, અને તિરસ્કાર વગેરેથી ઉત્પન્ન થતો ભાવ તે ક્રોધ.

ઉત્સાહ: તનમનાટથી ઉત્પન્ન થતો ભાવ તે ઉત્સાહ.

ભય: અપરાધ કે વિકૃત સ્વરૂપથી ઉત્પન્ન થતો ભાવ તે ભય.

જુગુપ્સા: અપ્રિય કે કુરૂપ વસ્તુથી ઉત્પન્ન થતો ભાવ તે જુગુપ્સા.

વિસ્મય: ચમત્કારિક કે આશ્ચર્યજનક વસ્તુથી ઉત્પન્ન થતો ભાવ તે વિસ્મય.

સાત્ત્વિક ભાવ: શાસ્ત્રમાં મનના ભાવોની જેમ શરીરના અમુક ભાવો પણ ગણાવવામાં આવ્યા છે. મનની જેમ શરીરને પણ અમુક ભાવો હોય છે. સત્ત્વ એટલે શરીર. તેથી શરીરના ધર્મોને સાત્ત્વિક ભાવો કહે છે. તેના પણ આઠ પ્રકાર છે (૧) સ્વેદ, (૨) સ્તંભ, (૩) કંપ, (૪) અશ્રુ, (૫) વૈવર્ણ્ય, (૬) રોમાંચ, (૭) વૈસ્વર્ય, (૮) પ્રલય.

સ્વેદ (પરસેવો): શરીરનાં છિદ્રોમાંથી નીકળતું પાણી તે સ્વેદ. ગરમી, શ્રમ, વ્યાયામ, રોગ, પીડા, ભય વગેરે તેનાં ઉદ્દીપનો કે ઉત્પન્ન થવાનાં કારણો છે. હવા ખાવાની કોઈ પણ ક્રિયા—જેમકે પંખો નાખવો, કપડાં કાઢવાં વગેરે તેનાં ચિહ્નો છે.

સ્તંભ: ગતિનો રોધ તે સ્તંભ. હર્ષ, ભય, શોક, વિસ્મય, રોષ વગેરે તેનાં કારણો છે. સ્તબ્ધતા, નિશ્ચેષ્ટતા વગેરે તેનાં લક્ષણો છે.

કંપ (ધ્રૂજ): શરીરનું કંપવું કે ધ્રૂજવું તે કંપ. ઠંડી, ભય, હર્ષ, ક્રોધ, રોગ, શ્રમ, વૃદ્ધાવસ્થા વગેરે તેનાં ઉદ્દીપનો છે.

અશ્રુ (આંસુ): આંખમાંથી નીકળતું પાણી તે અશ્રુ. દુઃખ-શોક, હર્ષ-આનંદ, ઈર્ષ્યા, રોષ, ધુમાડો, આંજણ વગેરેથી તે ઉદ્ભવે છે. આંખો ચોળવી કે લૂછવી વગેરે તેનાં લક્ષણો છે.

વૈવર્ણ્ય: શરીરના સ્વાભાવિક વર્ણમાં થતો ફેરફાર તે વૈવર્ણ્ય. ક્રોધ, ભય, રોગ, શ્રમ, તાપ, ભૂખ વગેરે કારણોથી તે ઉદ્ભવે છે. જેમકે અતિ ક્રોધથી મુખનો વર્ણ લાલ થઈ જાય છે, ભયથી માણસ ફિક્કો પડી જાય છે, રોગથી માણસ પીળો પડી જાય છે વગેરે.

રોમાંચ: શરીરનાં રૂંવાડાં ઊભાં થઈ જવાં તે રોમાંચ. ભય, ક્રોધ, હર્ષ, સ્પર્શ, શીત વગેરે તેનાં કારણો છે.

વૈસ્વર્ય: સ્વરભંગ કે બેસૂરાપણું અથવા સ્વાભાવિક સાદનું બદલાવું તે વૈસ્વર્ય. હર્ષ, શોક, ભય, ક્રોધ, રોગ વગેરેથી તે ઉદ્ભવે છે. ગદ્ગદ્પણું, વાણીની અસ્પષ્ટતા વગેરે તેનાં લક્ષણો છે.

પ્રલય: ચેષ્ટાનો નિરોધ કે શરીરની નિષ્ક્રિયતા તે પ્રલય. મૂર્છા, નિદ્રા, શ્રમ, મદ્યપાન વગેરેથી તે ઉદ્ભવે છે. નિશ્ચેષ્ટતા, જડતા, પડી જવું વગેરે તેનાં ચિહ્નો છે.

આ ઉપરાંત જૃંભા (બગાસું) એ નવમો ભાવ ગણવામાં આવે છે.

(ચાલુ) **યોગેન્દ્ર પ્રિયદર્શી**

કસોટી કરેલી ન શકો તો ઉત્તરો આ નીચે અવળા છાપ્યા છે.

(૧) રામલાલ શેઠ ઓગણીસમા સદીમાં જન્મ્યા છે. એમને ઇ. ૧૯૪૪માં અચાનક માલૂમ પડ્યું કે તે સાલમાં પોતાની ઉમર પોતાની જન્મસાલના આંકડાઓના સરવાળા કરતાં બમણી થઈ ગઈ છે; અને વળી એ જ વર્ષમાં પોતાના પુત્રની ઉમર પુત્રની જન્મસાલના આંકના સરવાળા જેટલી જ બરોબર થઈ છે; તો શેઠની જન્મસાલ કઈ હશે અને તેમને કેટલામે વર્ષે પુત્રનો જન્મ થયો હશે?

(૨) નીચેના શબ્દોમાં ખાલી સ્થળોએ યોગ્ય અક્ષરો મૂકીને ગુજરાત–કાઠિયાવાડનાં ગામ બનાવી શકશો? રા–ન–ર; ઉ–ર–ડા; ખં – – યા; આ–ર–બા; –કા–ર; –ડ–ગ–; –મ–આ–ણ

(૩) એ તો જાણીતું છે કે યુરોપથી અમેરિકા જતાં કે અમેરિકાથી યુરોપ આવતાં, એમાંથી એક વખત, આટલાંટિક મહાસાગર વિમાનમાં ઓળંગવો આકરો ગણાય છે. કયે વખતે એ ખબર છે?

(૪) હિંદુ, મુસ્લિમ, શીખ, પારસી, બૌદ્ધ અને ખ્રિસ્તીઓનાં ધર્મપુસ્તકોના નામ તમે તરત યાદ કરી શકશો?

(૫) એવું કયું ફળ છે જેને રંગ હોવા છતાં રંગ વગરનું કહેવામાં આવે છે?

કસોટીના ઉત્તરો: (૧) ૧૮૯૬ અને ૩૦મે વર્ષે, (૨) રાધનપુર, ઉત્તરસંડા, ખંભાળિયા, આતરસુંબા, વાંકાનેર, વડનગર, આમલી-આસણ, (૩) યુરોપથી અમેરિકા જતાં; કેમકે એ દિશાએ હવામાન હમેશાં વિપરીત હોય છે; (૪) ગીતા, કુરાન, ગ્રંથસાહેબ, ઝંદ અવસ્થા, ધમ્મપદ, બાઇબલ. (૫) નારંગી.



માધુકરી

હું ન થવા ચહું સોનું, રૂપું, હીરા, મોતી, ઝવેર;
એ સુરૂપ, ગૌરવશાળીનું મને નહીં કંઇ ઝેર.
હું બનવા ચહું લોહ જ સાચું,
હે પરમાયસ ચુંબક! તુજથી ખેંચાઉં હું ઘેર!—પ્રજારામ રાવળ


અસફઅલી : અમેરિકામાં પહેલા હિંદી એલચી

હિંદના પ્રથમ પ્રતિનિધિ તરીકે અમેરિકા ગએલા શ્રી અસફઅલી માત્ર રાજનીતિજ્ઞ જ નથી, પરંતુ કવિ, ભાષાશાસ્ત્રી, પત્રકાર ને તત્ત્વજ્ઞ પણ છે. જીવનની અનેક તડકીછાંયડીઓ અનુભવનાર શ્રી અસફઅલી મુઘલદરબારમાં વિરાજતા દિલ્હીના એક ખાનદાન અને શ્રીમંત કુટુંબમાંથી ઊતરી આવેલા છે. માત્ર દોઢ જ વર્ષની નાની વયે માતા-પિતા બંનેના અવસાનથી એમને અનાથ દશામાં મુકાવું પડેલું.

દિલ્હીની સેન્ટ સ્ટીવન્સ કૉલેજમાં તે રેવ. સી. એફ. ઍન્ડ્રૂઝ તથા પ્રિન્સિપાલ રુદ્રની અસર નીચે આવ્યા અને એમના જીવનના ઘડતરમાં એ બે જણાનો મહત્ત્વનો હિસ્સો રહ્યો. કૉલેજમાં એમણે ગ્રીક, લૅટિન, ફારસી, અરબી અને ફ્રેન્ચ એમ વિવિધ ભાષાઓ શીખેલી અને આજે પણ ફિલસૂફી, વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર અને જીવશાસ્ત્રમાં એમણે ખાસ રસ જાળવી રાખ્યો છે.

સોળ વરસની વયે એ ઇંગ્લંડના બુદ્ધિવાદી સંઘ (રૅશનૅલિસ્ટ' એસોસીએશન)ના સભ્ય થયા હતા. બૅરિસ્ટર થવા માટે ઇંગ્લંડ ગએલા ત્યારે ત્યાંના અનેક કવિઓની મુલાકાતો લેતા અને ત્યારનાં અંગ્રેજી સામાયિકોમાં એમનાં કાવ્યો પ્રસિદ્ધ પણ થએલાં. કાવ્ય, સાહિત્ય અને દર્શનશાસ્ત્રમાં રહેલા રસને કારણે જ એમણે બાકીના યુરોપનો પણ પ્રવાસ કર્યો.

તરુણ રાષ્ટ્રવાદી અસફઅલીને નાનપણથી જ દેશસેવાની લગની લાગેલી. ૧૯૧૬માં એ શ્રીમતી ઍની બેસંટે સ્થાપેલી હોમરૂલ લીગમાં જોડાયા. એ સાથે પત્રકારત્વમાં યે સક્રિય રસ લેવા માંડયો અને 'બૉમ્બે ક્રૉનિકલ' 'ઇન્ડીપેન્ડેન્ટ' 'ફૉર્વર્ડ' વગેરે એ સમયનાં જ્વલંત રાષ્ટ્રવાદી પત્રો સાથે સંબંધ બાંધ્યો. ૧૯૧૮થી એમણે રાષ્ટ્રીય જાગૃતિ આણવા જાહેર ભાષણો આપવા માંડયાં અને એ જ વર્ષે કૉંગ્રેસમાં જોડાયા. રાષ્ટ્રીયતાની એમની કડક હિમાયતને કારણે સરકારની ખફા મરજી એમના પર ઊતરી, પરંતુ મુકદ્દમામાં એ નિર્દોષ ઠરી છૂટી ગયા.



૧૯૧૯માં એમણે ખિલાફત આંદોલનોમાં તથા અમૃતસરની કત્લેઆમ વિરોધી ઝુંબેશમાં ઝંપલાવ્યું અને બધા જ ધર્મોના યુવાનોનું એક સ્વયંસેવકદળ ઊભું કર્યું. એ અરસામાં જ એમણે 'રચનાત્મક અસહકાર' (Constructive Non-Co-operation) એ પુસ્તિકા લખી, જેણે અસહકારના પ્રણેતા ગાંધીજીનું લક્ષ ખેંચ્યું. ત્યારથી આજ ૨૯ વર્ષ થયાં અસફઅલી ગાંધીજીના સહકારી ને મિત્ર બની રહ્યા છે.

ગાંધીજીએ બ્રિટિશરાજવિરોધી આંદોલન ઉપાડયું અને પં૦ મોતીલાલજી, દેશબંધુ દાસ, લાલા લજપતરાય વગેરેની ધરપકડ થઈ ત્યારે અસફઅલી પણ એથી મુક્ત નહોતા રહ્યા. અને એ વખતની જેલો ગટલે

માસમાસનાં પંખી
૧૫-પોપટ



જેને પ્રાચીનકાળથી આપણે ત્યાં ઘરેઘરમાં પાળવાના પંખી તરીકે અગ્ર ગણાએલા પોપટને તો નાનું બાળકે ઓળખી કાઢે. છતાં આ પંખીની આપણા દેશમાં ત્રણ જુદીજુદી જાત થાય છે એ બહુ ઓછા જાણે છે. ઉત્તર ગુજરાતમાં જેનાં ટોળેટોળાં આ ઋતુમાં નજરે પડે છે, ને જે હિંદભરમાં સર્વ સ્થળે જોવા મળે છે તે 'હુડા'. કદમાં ૧૬-૧૭ ઈંચ, રંગ આછો લીલો; નરની ડોકે કાળો કાંઠલો; એની અડોઅડ ગુલાબી રંગનો પટ્ટો. ચાંચ કેશુડાના ફૂલ જેવા રંગની વાંકી. બોલતાં શીખવામાં એ રમતિયાળ હોવાથી બહુ આદરપાત્ર થતો નથી.

હિંદી પોપટોમાં કદમાં સૌથી મોટી તે બીજી જાત રાજપીપળાનાં જંગલોમાં થાય છે. કદે એ ૧૯ આંગળ ને રંગે ઘેરા લીલા. પૂછડીમાં આછા લીલા તથા પીળા રંગનાં પીછાં. એની ખાસ નિશાની તે ખભા પરનું લાલ લાખું તથા ગળા પર લાલ કાંઠલો. ચાંચ ઘેરી લાલ. શરીરે ગૌરવવાળો હોઈ પાળવા માટે એ યોગ્ય મનાય છે, જોકે અનુભવીઓ એની શીખવાની શક્તિ વિષે શંકા દેખાડે છે.

પણ કંઠની મિઠાશમાં ઉપલા બંનેને આંટે એવી ત્રીજી જાત તો સૌથી નાની થાય છે, જે આપણે ત્યાં બહુ ઓછી દેખાય છે. કદમાં ચૌદ ઇંચ. લીલા રંગના દેહમાં પેટનો ભાગ આછો-પીળાશ પડતો. નરનું માથું આછી આસમાની છાયાવાળા લાલ રંગનું. ખભા પર લાલ લાખુ. ગળા પર કાળા તથા લીલા રંગનો પટો. મોટે ભાગે ગીચ જંગલનો રહેવાસી.

પોપટ એ ગાયક પંખી નથી. દેખાવે પણ બહુ રૂપાળું નહિ. છતાં એની આટલી વ્યાપક લોકપ્રિયતા છે તે એની અનુકરણશક્તિને લીધે. મનુષ્યના જેવી વાચામાં, સાંભળેલું બોલવાની, શીખવેલું શીખવાની, શીખેલું યાદ રાખવાની અને કોઇવાર સ્વયંસ્ફૂરિત વાક્યો પણ સમયાનુકૂળ કહી દેવાની શક્તિ તો એકલા પોપટમાં જ છે. (સંપાદિત)

તો ચાંચડ, માકણ ને મચ્છરના ઘર સમી કેવળ ગંદી ખોલીઓ. આવી જેલમાં શ્રી અસફઅલીએ કાવ્ય તથા સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરતાં ૧૮ મહીના ગાળ્યા. એમનો રામાયણ, મહાભારત તથા અન્ય હિંદુ ધર્મશાસ્ત્રો ને પુરાણોનો અભ્યાસ અતિ ઊંડો છે ને કોઇ મુસ્લિમ માટે તો વિરલ કહી શકાય તેમ સંસ્કૃતમાં એમણે હિંદુ ધાર્મિક અને પૌરાણિક વિષયો પર લેખો પણ લખેલા છે.

ઈ. ૧૯૨૮ માં એ જેલમાંથી છૂટયા તેવાજ પંડિત મોતિલાલ નેહરૂએ એમને પોતાની પાંખમાં લીધા. અને એ સ્વરાજિસ્ટ પક્ષમાં જોડાયા. પરંતુ ૧૯૩૦-૩૨ની સવિનયભંગની લડત સાથે સ્વરાજપક્ષનો અંત આવ્યો. કારણકે ધારાસભામાંના ત્રણ વર્ષના અખતરા પછી કૉંગ્રેસે ધારાસભાપ્રવેશ પડતો મૂકવાનો નિર્ણય કર્યો ઈ. ૧૯૨૯ના ડીસેમ્બરમાં પંડિત જવાહરલાલ નેહરૂના પ્રમુખપદ નીચે હિંદે સ્વાતંત્ર્ય-પ્રાપ્તિનો નિર્ણય કરી લીધો અને એ માટે કારાવાસનો પુરસ્કાર કરવાને સઘળા ધારાસભ્યો ૧૯૩૦ના પ્રારંભમાં ધારાસભામાંથી રાજીનામાં આપી ચૂક્યા એ લડતમાં મળેલા કારાવાસ દરમિયાન શ્રી અસફઅલીએ સ્વરાજ પક્ષને પુનર્જીવિત કરવાની યોજના ઘડી કાઢી, જેનું પાછળથી કૉંગ્રેસ ધારાસભાપક્ષ એવું જુદું નામકરણ થએલું. જુદી જુદી ચળવળોમાં પાંચેક વાર જેલ જઈ આવ્યા છતાં શ્રી અસફઅલી મુખ્યત્વે બંધારણવાદી છે એ લક્ષમાં લેવા જેવું છે.

૧૯૩૩માં જ્યારે સવિનય ભંગની લડત કચડી નાખવામાં આવી હતી અને દેશ એક પ્રકારની નિરાશા અનુભવી રહ્યો હતો ત્યારે શ્રી અસફઅલી, ડૉ. અનસારી અને શ્રી સત્યમૂર્તિ આગળ આવ્યા. શ્રી અસફઅલીએ ગાંધીજી પર ઐતિહાસિક પત્ર લખી સવિનયભંગની લડત પાછી ખેંચી લેવાની તથા કૉંગ્રેસવાદીઓને ધારાસભાની બેઠકો કબજે કરવા છૂટ આપવાની વિનંતિ કરી. સ્વ. સત્યમૂર્તિ, સ્વ. ભૂલાભાઇ ને શ્રી અસફઅલી ત્રણેએ મળી કૉંગ્રેસ-ધારાસભાપક્ષની રચના કરી. એ પક્ષના મંત્રી તથા ઉપનેતા તરીકે શ્રી અસફઅલીની દોરવણી તેઓ વચગાળાની સરકારમાં ચૂંટાયા ત્યાં સુધી સતત રહેલી.

ઈ. ૧૯૨૧, ૧૯૩૦, ૧૯૩૨, ૧૯૪૦ અને ૧૯૪૨ એમ પાંચે વાર શ્રી અસફઅલી જેલના મહેમાન બની ચૂકેલા છે. તેમાં યે છેલ્લી વારના ત્રણેક વર્ષના લાંબા કારાવાસ પછી અહમદનગર જેલમાંથી તદ્દન હાડપિંજર જેવા બનીને જ એ બહાર નીકળેલા. એમને ઊંચકીને જ એક ઠેકાણેથી બીજે ઠેકાણે બેસાડવા પડતા. આવી માંદગીમાંથી એ સાજા થયા એ પણ એક ચમત્કાર જ છે.

મૌલાના અબુલ કલામ આઝાદના છ વર્ષ પર્યંતના રાષ્ટ્રપતિપદ પાછળ શ્રી અસફઅલી જબરા પીઠબળ રૂપે રહ્યા હતા. રાજકારણના ક્ષેત્રમાં એ બંને જેવા પરમ મિત્રો બહુ ઓછા હશે. બે જુદાજુદા દેહમાં જાણે એક જ આત્મા વસતો હોય એવી એમની મૈત્રી છે.

ધારાસભામાંની ૧૨ વર્ષની કારકીર્દિ ઉપરાંત વચગાળાની સરકારમાંની કામગીરીએ પણ શ્રી અસફઅલીને એક ચુનંદા રાજનીતિજ્ઞ અને તંત્રસંચાલક સિદ્ધ કર્યા છે નવાઇની વાત છે કે એમનાં પત્ની શ્રી અરુણા અસફઅલી સમાજવાદનાં અગ્ર અને ઉગ્ર હિમાયતી છે, જ્યારે શ્રી અસફઅલી સમાજવાદ સ્થાપવા પહેલાં દેશના અર્થકારણને સદ્ધર પાયા પર મૂકવાના હિમાયતી છે. હડતાળો એ અરુણાનો ખોરાક છે, તો અસફઅલી હડતાળોને મૂળમાંથી ધિક્કારે છે. ગયે વરસે મદ્રાસની રેલવે હડતાળ વખતે તો એમણે 'સખ્ત હાથે' કામ લીધેલું

હિંદનું તંત્ર હિંદીઓના હાથમાં આવે તો પાંચ જ વરસમાં તેની આજની સુરત બદલાઈ જાય તેમ એ શ્રદ્ધાપૂર્વક માને છે. સંપૂર્ણ સ્વતંત્રતા અને સમાનતાની ભૂમિકાએ હિંદ સાથે યુનાઇટેડ સ્ટેટ્સનો મૈત્રીસંબંધ બાંધવા એ અમેરિકા ગયા છે.

અમેરિકામાંના પોતના મુકામ દરમિયાન નીચેનાં બે પુસ્તકો બહાર પાડવાનો એમનો ઈરાદો છે: (૧) 'My Diary' જેમાં હિંદનું રાજકારણ અને એ ક્ષેત્રમાંની વ્યક્તિઓની ચર્ચા મુખ્ય હશે; (૨) બે ખંડમાં આત્મકથા. પહેલો ખંડ ૧૯૨૦ સુધી અને બીજો એ પછીનો.

(ભારતી) —દીવાન ચમનલાલ

નીલમ : એક અનુપમ ઝવેરાત

ઝવેરાતમાં હીરા, મોતી, માણેક, નીલમ (પાનાં) અને શનિ એ મુખ્ય કીમતી ચીજો ગણાય છે. આજે હીરા ને મોતી સર્વસાધારણ થઈ ગયાં છે. સાધારણ માણસથી માંડીને તવંગર લોકો પોતપોતાની શક્તિ પ્રમાણે તેનો ઉપયોગ કરે છે. જ્યારે શનિનું નંગ હિંદુસ્તાનમાં તો ખાસ કરીને ગ્રહપૂજા માટે વપરાય છે. માણેકનો ઉપયોગ પણ આપણામાં વિશેષ પ્રમાણમાં નથી; પણ માણેક અને શનિ યુરોપ અને અમેરિકામાં પુષ્કળ પ્રમાણમાં નિકાસ થાય છે

પણ નીલમ અથવા પાનાં એ હિંદુસ્તાનનાં રાજારજવાડાંઓ અને ધનિકવર્ગનું એક આકર્ષક ઝવેરાત છે. ખાસ કરીને હીરાના દાગીનાઓ પાનાંનાં નંગોથી વધારે સુશોભિત બની આંખને મનોરમ્ય લાગે છે. ઊંચા ભાવની પાનાંની મણીઓ (૧૦૦ થી ૧૦૦૦ રૂપિયે રતીના ભાવ સુધીની) શેઠ-શાહુકારો અને રજવાડાંઓમાં અત્યારે એક ફૅશનેબલ ચીજ તરીકે વપરાવી શરૂ થઈ છે.

દુનિયામાં પાનાંની મુખ્ય ત્રણ ખાણો છે. તેમાં દક્ષિણ અમેરિકામાં કોલંબિયન પ્રદેશમાં મુઝોની ખાણો સર્વથી શ્રેષ્ઠ મનાય છે. બીજી ખાણો રશિયાના યુરલ પર્વતમાં છે પરંતુ તેમાંનો સારો માલ રશિયન સરકારનું જ વેપારીખાતું પોતે કઢાવી યુરોપ—અમેરિકાની બજારોમાં વેચે છે. દક્ષિણ આફ્રિકામાં છેલ્લાં વર્ષોથી થોડો થોડો માલ નીકળે છે, પણ તે પ્રમાણમાં બહુ હલકો હોવાથી થોડા વર્ષોમાં તેનાં રંગરૂપ ફરી જવાને લીધે વાપરનારા વર્ગમાં તે બહુ આકર્ષણ જમાવી શક્યો નથી. હમણાં મેવાડમાં પણ એક નાની ખાણ નીકળી છે, પણ તેનું ઉત્પાદનપ્રમાણ બહુ ઓછું છે ને તેની જાત ધનિકવર્ગનું આકર્ષણ જમાવી શકે તેટલી સુંદર નીકળી નથી. જ્યારે મુઝોની ખાણ તો દુનિયામાં સારામાં સારી જાતના પત્થરની છે, જેમાંથી હજારો રૂપિયે રતીના ભાવનાં નંગ તૈયાર થઈ શકે છે. એવી જાતનો ઊંચો માલ બીજી ખાણોમાંથી બનતો નથી.

આખી દુનિયામાં નીલમ કાપવા માટેના સૌથી વધારે અનુભવી કારીગરો અને સૌથી વધારે વેપારીઓ ધરાવતું ખાસ મથક જયપુર જ છે. દુનિયાની પેદાશનો આશરે ૮૦ ટકા માલ જયપુરમાં ઘસાઇને દુનિયાની બજારોમાં ફરતો હશે. અમેરિકા કે ઇંગ્લંડના વેપારીઓ પણ પાનાંની ખરડ ખરીદે તો વેચવા કે બનાવવા માટે તો જયપુર જ મોકલે છે. જયપુરમાં આ ધંધો પેઢીઓથી ચાલે છે અને ત્યાંના કારીગરો એ બનાવવામાં ઘણા કુશળ પણ છે.

મુઝો માઈન્સનો માલ ઘણા વખતનો ભેગો થઇને યા સૈકામાં એકાદ વખત આવી શકે છે છેલ્લો એ ૧૯૧૯માં આવેલો ને તે પહેલાં ૧૯મી સદીનાં છેલ્લાં વર્ષોમાં આવેલો. એટલે હવે લગભગ પા સે પછી આ માલ હિંદુસ્તાનમાં થોડા દિવસોમાં આવી પહોંચશે પાછો કેટલાં વર્ષે નવો મળી શકશે એ કહેવું મુશ્કેલ છે. પહેલાં તો એ માલ અમેરિકન વેપારીઓ ખરીદ કરીને લંડનના વેપારીઓને વેચતા, લંડનના વેપારીઓ મુંબઇના વેપારીઓને, ને મુંબઇના વેપારીઓ જયપુરના વેપારીઓને વેચતા. એને બદલે જયપુરના જ વેપારીઓ મુઝો માઈન્સનો માલ જેમને મળી શક્યો છે, તેમની

સાથે સીધો સંપર્ક સાધી, એમનું આખરી ખરીદી-ખત લંડનમાં નક્કી કરી શકયા છે, એ એક પ્રતિષ્ઠાપાત્ર વાત ગણાય. એનું કટિંગ, શેપિંગ વગેરે કાર્યો ખંભાતના થોડા કારીગરો બાદ કરતાં ખાસ કરીને જયપુરના જ કારીગરો કરે છે. અને આ વેપાર પ્રત્યે જયપુર ઉપરાંત મુંબાઈ, ખંભાત, દિલ્હી ને કલકત્તાના વેપારીઓ પણ સારો રસ ધરાવે છે.

—'ઝવેરી' (ગુજરાત સમાચાર)

દામોદર નદીની ખીણની જંગી યોજના

કલકત્તાની વાયવ્યે બિહાર અને બંગાળામાં આવેલી દામોદર નદી વર્ષોવર્ષ ચોમાસામાં ઉભરાઇને પોતાનાં પૂરથી આજુબાજુના વિસ્તારોમાં ભયંકર કેર વર્તાવી મૂકે છે અને ત્યાંની સરકારોને એ સદા ચિંતાનો વિષય છે. અમેરિકાની ટેનેસી નામની નદી પણ એ જ પ્રકારનો વિનાશ વર્તાવતી હતી. તેને કાબૂમાં લેવા માટે સમર્થ ઈજનેરોની મદદથી અમેરિકાની સરકારે એક ગંજાવર યોજના ઘડીને તેના ઉપર અમુક અમુક ચાવીનાં સ્થળોએ એવા બંધો બાંધ્યા કે જે વડે તેનું પાણી જંગી તળાવો જેવા વિરાટ જલાગારોમાં સંઘરાઇને તેનો ઉપયોગ આજુબાજુના પ્રદેશને જરૂર પ્રમાણે પાણી પૂરૂં પાડી મનમાન્યો પાક ઉગાડવામાં તથા વીજળિક બળ ઉત્પન્ન કરી વિશાળ વિસ્તારોનાં નગરોને પ્રકાશ અને પાવર આપવામાં થઈ શકે. કરોડોને ખર્ચે અમેરિકાની સરકારે એ યોજના પાર ઉતારીને ટેનેસી નદીની ખીણને આજે સમૃદ્ધિથી જે છલકાવી દીધી છે તેને કારણે એ યોજના આજે જગવિખ્યાત બની છે અને તેનું નામ T.V.A. (ટેનેસી વૅલી ઑથૉરિટી) જગતની જીભે રમે છે.

દામોદર નદીને પણ ટી.વી.એ.ની યોજના અનુસાર ઈજનેરી કારીગરી દ્વારા અંકુશમાં લઇને તે પ્રદેશને વર્ષોવર્ષની જળપ્રલયની આફતોમાંથી ઉગારવા તથા સમૃદ્ધ કરવા માટે હિંદી સરકારે પંચાવન કરોડ રૂપિયાની એક જંગી યોજના ઘડી છે. એનું નામ દામોદર વૅલી કૉર્પોરેશન–ડી.વી.સી. એ દ્વારા દામોદર તથા તેની શાખા નદીઓ ઉપર સાત બંધ બાંધવામાં આવશે જેમાંના ત્રણ ઘણા મોટા થશે.

પહેલો બંધ દામોદર ને બરકરના સંગમથી આશરે સાત માઈલ ઉપર ગાઇથોન નજીક બાંધવામાં આવશે. બરકર નદી પરનો એ બંધ ૨$\frac{૧}{૪}$ માઈલ લાંબો હશે. નદીથી એની ઉંચાઈ ૧૬૦ ફીટ થશે. ત્યાં બંધાનારા વીજળિક પાવર હાઉસ (હાઇડ્રોઇલેકટ્રિક પ્લાન્ટ)નું બળ ત્રણ લાખ કીલોવૉટ હશે ને તેનો જલાગાર (રેઝર્વૉયર) પંદર માઈલ લાંબો ને સાત માઇલ પહોળો હશે.



છેક મધ્ય હિંદમાં છોટાનાગપુરના ઉત્તર ભાગમાંથી નીકળી કલકત્તાથી થોડે દૂર ડાયમંડ હાર્બર આગળ બંગાળના ઉપસાગરને મળતી દામોદર નદીના વિશાળ વિસ્તારનો પટપ્રદેશ

બીજો બંધ દામોદર નદી પર, રામગઢથી જમીન માર્ગે ૩૦ માઈલ દૂર આવેલા 'આઈયર' આગળ બાંધવામાં આવશે. એ ૪$\frac{૩}{૪}$ માઈલ લાંબો હશે અને એની વધારેમાં વધારે ઊંચાઈ ૨૨૦ ફીટ હશે. એના રેઝર્વૉયરનો વિસ્તાર આગળ જણાવેલા જલાગાર જેટલો જ લગભગ હશે, પણ ઊંડાણ વધારે રાખવામાં આવશે.

ત્રીજો બંધ દામોદર નદીમાં જ, બરકર નદી સાથેના સંગમથી ચાર માઇલ ઉપર બાંધવામાં આવશે. એ પાંચ માઇલ લાંબો અને ૧૦૦ ફીટ ઉંચો હશે. તેનાથી રચાતો જલાગાર નદીમાં ૨૪ માઈલ સુધી લંબાશે અને એની વધારેમાં વધારે પહોળાઇ દસ માઇલ હશે.

આ યોજનાથી લગભગ ૮॥ હજાર ચોરસ માઇલના વિસ્તારને સમૃદ્ધ કરી શકાશે ને કુલ ૫૦ લાખ જેટલી ગ્રામપ્રજાને ખેતીવાડીનું પાણી તથા નજીકનાં શહેરોની ૨૦ લાખ જેટલી વસતિને વીજળિક બળ મળશે એ વિસ્તારમાં ઘણી ખનિજસમૃદ્ધિ છે અને તેમાં ખૂબ જ અગત્યની કોલસાની ખાણો આવેલી છે. બીજાં ખનિજોમાં 'ફાયર ક્લે', ચિનાઇ વાસણો માટેની માટી, અબરખ, ચૂનો, સીસું, રૂપું ને સુરમાનો સમાવેશ થાય છે. અઢળક વિદ્યુત્શક્તિ વડે આ કુદરતી સમૃદ્ધિઓના ઉદ્યોગોની ખીલવણી કરી શકાશે. ઉપરાંત, આ યોજનાથી વહાણવટાને પણ ઘણી સરળતા થશે. એથી હૂગલી નદીથી રાણીગંજ સુધીનો વહાણવ્યવહાર શકય બનશે ને હૂગલી નદી તથા કલકત્તાના બારાની પણ સ્થિતિ સુધરી જશે.

આ યોજના અંગેનું કામ હિંદી સરકારના સેન્ટ્રલ ટેકનિકલ પાવર બોર્ડના હવાલામાં છે અને હિંદી લશ્કરની ઈજનેરી ટુકડીઓએ બંધને લગતી પ્રાથમિક તપાસ તથા માપણીમાં મદદ કરી છે. પહેલા બંધનું કામ લગભગ આ વરસની અધવચમાં શરૂ કરી શકાશે.

એક નવું યંત્ર

ડૉ. ડોનાલ્ડ ઍન્ડ્રુઝ નામના વૈજ્ઞાનિકે ગાઢ અંધકારમાં ધસ્યે આવતી મોટર પાંચ માઇલ છેટે હોય તો પણ તેનું સૂચન કરી શકે એવા એક યંત્રની શોધ કરી છે એ યંત્રનું નામ છે સુપર કંડકટિંગ બોલોમીટર–આ યંત્ર મૂળ તો અતિશીઘ્ર ઉષ્ણતાસૂચક છે. પછી તે ગરમી માણસના શરીરમાથી આવતી હોય કે કોઇ યંત્રમાંથી. આ યંત્ર તો ગમે ત્યાંથી આવતી ગરમીનું તેના ઓછાવધતા પ્રમાણમાં પોતાના કાચ ઉપર સૂચન કર્યે જ જાય છે.

એની યાંત્રિક રચના આપણે ટૂંકમાં જોઇએ. એનું મુખ્ય અંગ તો યાંત્રિક રીતે દોલાયમાન રહેતો એક કાચ છે. માનો કે કોઈ પદાર્થમાંથી આસપાસમાં ગરમી પ્રસરે છે (રેડીએટ થાય છે); તો તે ગરમીનાં કિરણો યંત્રમાં ગોઠવેલા એક અંતર્ગોળ કાચ (કૉન્કેવ મિરર) પર ઝીલાય છે, અને તે કાચ પરથી પરાવર્તિત થઇને ઉપર કહેલા દોલાયમાન કાચ પર તે કિરણો પડે છે. આ બીજા કાચ પરથી પરાવર્ત પામીને તે કિરણો વળી મિશ્ર ધાતુમાંથી તૈયાર કરેલી એક પટ્ટી પર પડે છે. આ મિશ્ર ધાતુ કોલંબિયમ નામની ધાતુ સાથે નાઇટ્રોજન ગૅસને સંયોજીત કરી તૈયાર કરેલી હોય છે. આ પટ્ટીમાં એવો ગુણ છે કે તે પર પડતાં ગરમીનાં બધાં કિરણો યોગ્ય સ્વરૂપે વીજળીનાં આંદોલનોમાં ફેરવાઈ જાય છે તેને પછી કૅથોડ–રે–ટ્યુબમાં ઝીલવામાં આવે છે. એટલે છેવટે ફ્લોરેસન્ટ

પરદા પર પેલો પદાર્થ દૃશ્યમાન થાય છે.

દિવસે દિવસે વિકસતા જતા વિજ્ઞાનમાં આ યંત્ર અગત્યનું સ્થાન લેશે. શરૂઆતમાં જ આપણે જોયું તેમ પાંચ માઈલ જેટલા દૂરના અંતરે જતી મોટરનું સૂચન આપવાની શક્તિને લીધે રાત્રિના અંધકારને વાંકે થતા કેટલા યે અકસ્માતો નિવારી શકાશે. મકાન-બાંધણીમાં કોઇ ભૂલને લીધે ફુષ્ણતાની બાબતમાં દોષ રહી ગયો હોય તો તે પણ સહેલાઇથી શોધી શકાશે. આગ વખતે વાગતા ઍલાર્મમાં પણ એનો ઉપયોગ સૂચવાયો છે પણ આનાથી યે અગત્યનો ઉપયોગ તો થશે વૈદકીય અને ભૌતિક વિજ્ઞાનની અવનવી શોધોમાં. માનવશરીરમાંથી આસપાસના વાતાવરણમાં પ્રસરતી ગરમીને ખૂબ ચોકસાઇથી માપવાનું આ પહેલવહેલું જ સાધન છે. આથી શરીરને લગતી ઘણી નવી બાબતો પ્રકાશમાં આવશે. ભૌતિક વિજ્ઞાનમાં પણ આપણા ઍટમના બંધારણ સંબંધેના જ્ઞાનમાં તથા ઈન્ફ્રા-રેડ-સ્પેક્ટ્રમ પર આથી નવો પ્રકાશ પડશે. —લલિત ભટ્ટ

વિટામિન વિષે

[૨] વિટામિન 'એ'

લેખક: નટવરલાલ શાહ

સીમન્ડ્ઝ, મૅક્કૉલમ અને પીટ્ઝ નામના વૈજ્ઞાનિકોએ પ્રયોગો દ્વારા સાબિત કર્યું છે કે મકાઇ, કપાસ, ઑલિવ, સૂર્યમુખી તથા સોયા બીનનાં બીઆંના તેલમાં વિટામિન 'એ' ઓછા પ્રમાણમાં હોય છે. કઠોળમાં પણ એનું પ્રમાણ ખૂબ જ ઓછું છે જ્યારે માખણ, ઈંડાં, આલ્ફાલ્ફા, પાલખ ભાજી તેમજ કૉબેજનાં પાંદડાંમાં તેનું પ્રમાણ ઘણું જ સારૂં છે. કોથમીર તથા લીલી ભાજીમાં એનું પ્રમાણ ઠીકઠીક છે. ગાજરમાં તે વધારે છે. પાકી કેરી, ખજૂર, કેળાં ને કાચાં ટમેટાંમાં પણ તેનું તત્ત્વ રહેલું છે. કૉડલીવર ઑઇલ, હેલીબટ લીવર ઑઈલ, શાર્ક લીવર ઑઈલ વગેરેમાં તે ખૂબ જ પ્રમાણમાં છે.

ગુણો: જે શાકભાજી અગર તેલોમાં વિટામિન 'એ'નું તત્ત્વ રહેલું છે તેને પ્રાણવાયુ આપનારા (ઓક્સીડાઇઝિંગ) પદાર્થોની ગેરહાજરીમાં ગરમ કરવાથી તે નાશ પામતું નથી. પાણીમાં પણ તે ઓગળતું નથી, તેથી શાકભાજીને પાણીમાં રાંધવાથી એ નાશ પામતું નથી. ડબ્બામાં પૅક કરેલા તેમજ રેફ્રીજરેટરમાં ઠંડા રાખેલા ખોરાકમાંથી પણ તે નાશ પામતું નથી.

મનુષ્યની દૈનિક જરૂરિયાત: લીગ ઑવ નેશન્સે નીમેલા ટેકનિકલ કમિશને ઈ. ૧૯૩૭માં નક્કી કર્યું કે પુખ્ત વયના મનુષ્ય માટે ૩૦૦૦ આંતરરાષ્ટ્રીય યુનિટની જરૂર છે. અને તેટલા યુનિટો એક પીન્ટ દૂધ, એક ઈંડું, એક આઉંસ માખણ, તેમજ તાજાં લીલાં શાકભાજી સાથે લેવાથી દરરોજ મળી રહે છે.

કેટલાક નિષ્ણાતોએ શરીરના વજનના પ્રમાણમાં વિટામિન 'એ'ની જરૂરિયાત શોધી કાઢી છે, ને ૧૦૦૦ ગ્રામે ૨૦ આંતરરાષ્ટ્રીય યુનિટ વિટામિન 'એ'ની ઓછામાં ઓછી જરૂરિયાત જણાવી છે.

શરીરના જે અવયવો ઉપર એપીથેલીઅલ કોષો હોય છે (દા. ત. નાક, શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરતા અવયવો, મોંમાં રસ છોડનારી ગ્રંથીઓ, પ્રજનન કરનારા અવયવો, અને આંખ) એ બધાંના કોષના બંધારણમાં વિટામિન 'એ'ના અભાવથી ફેરફાર થાય છે, સૂક્ષ્મ જંતુ અગર બૅક્ટેરીઆ સહેલાઇથી દાખલ થઈ શકે છે અને સામાન્ય રોગના હુમલા સહન કરવાની શક્તિ ઘટી જાય છે.

દાંતના ઈનૅમલ ને ડેન્ટીન તથા અવાળુના બંધારણમાં પણ વિટામિન 'એ' અગત્યનો ભાગ ભજવે છે. રાત્રે નહિ સૂઝવાનો—રતાંધળાપણાનો રોગ પણ વિટામિન 'એ'ના અભાવનું જ કારણ છે. (ચાલુ)

આ માસ (માર્ચ) ઈતિહાસમાં

તા. ૩ મુંબાઈના પ્રસિદ્ધ દૈનિક 'બૉમ્બે ક્રૉનિકલ'ની સ્થાપના ૧૯૧૩

તા. ૪ ગાંધી-અર્વિન કરારથી હિંદી રાષ્ટ્રીય લડતની તહકૂબી, ૧૯૩૧

તા. ૮ મરાઠી નવલસમ્રાટ હરિ નારાયણ આપટેનો જન્મ, ૧૮૬૪

તા. ૧૪ જગતમાં આજે વિકસેલા સમાજવાદ અને સામ્યવાદની વિચારણાના આદિ જનક, જર્મન ચિંતક કાર્લ માર્ક્સનું મૃત્યુ, ૧૮૮૩

તા. ૧૫ રોમન સરમુખત્યાર જુલિયસ સીઝરનું ખૂન ઈ. પૂર્વે ૪૪

તા. ૨૦ અમદાવાદના મીલમજૂરોની માલિકો સામેની લડતમાં સફળતા. જેને પરિણામે વિખ્યાત મજૂરમહાજનની સ્થાપના, ૧૯૧૯.

તા. ૨૪ સ્વામી શ્રદ્ધાનંદજીએ હરદ્વારનું ગુરુકુલ ખોલ્યું, ૧૯૦૨

તા. ૨૫ કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇનું અવસાન ૧૮૯૮

તા. ૨૭ નાસિકની ભોંસલે લશ્કરી શાળા ખુલ્લી મુકાઇ, ૧૯૩૮

તા. ૨૯ દક્ષિણ ધ્રુવની શોધમાં કૅપ્ટન સ્કૉટ આખી ટુકડી સાથે બરફમાં ગારદ થયો (તેની ડાયરીમાં એ છેલ્લી તારીખ છે) ૧૯૧૨



આ માસની વ્યક્તિવિશેષ

નવલરામ લક્ષ્મીરામ

ગુજરાતી સાહિત્યમાં પહેલા વિવેચક, અને સચોટ ઠાવકા તથા જોશીલા ગદ્યમાં વિચારપૂર્ણ નિબંધોના સર્જક સાક્ષર તરીકે ખ્યાત નવલરામ લક્ષ્મીરામ પંડિતનો જન્મ ઈ. ૧૮૩૬ની ૯ મી માર્ચે સૂરતમાં વીસનગરા નાગર જ્ઞાતિમાં થયો હતો. દુર્ગારામ મહેતાજીની શાળામાંથી માન–ઇનામ સાથે ગુજરાતી અભ્યાસ પૂરો કરી અંગ્રેજી હાઈસ્કૂલમાં દાખલ થયા, પણ ૧૮૫૩માં મૅટ્રિકમાંથી જ ઊઠી જઇ ત્યાં જ શિક્ષક તરીકે દસ રૂપિયાના પગારે જોડાયા. એમની ૧૧ વર્ષની વયે પહેલું લગ્ન થએલું. તે કન્યા એક જ માસમાં ગુજરી જતાં ૧૪ વર્ષની વયે બીજું લગ્ન કરેલું જેથી એમને એકેક પુત્ર–પુત્રી થએલાં.

બાળવયથી જ એકાન્તિક પ્રકૃત્તિના નવલરામનું ચિત્ત સ્વાભાવિક રીતે વિચાર, વાચન, મનન અને લેખન તરફ વળ્યું અને ૧૮૬૩માં ૨૭ વર્ષની વયથી 'મનના વિચાર' નામે લખ ણોમાં ચિત્તની જ્વાળાઓ કાઢવા માંડેલી. એ જ વર્ષમાં 'મહારાજ લાયબલ કેસ' પરની ઈનામી કવિતા માટે ૨૫૦ પૃષ્ટનું પદ્ય (એમનું પહેલું લખાણ) લખાયું પણ તે પર અર્ધું ઈનામ મળતાં તે નકાર્યું. ત્યાર પછી એમનું પ્રખ્યાત 'વીરમતી' નાટક, 'ભટનું ભોપાળું', શૃંગાર રસનાં કાવ્યો તથા થોડા નિબંધો વગેરે લખાતાં ગયાં. દરમ્યાન નોકરીમાં તેઓ શિક્ષક દરજ્જે ચડતા ગયા હતા તે અમદાવાદની ટ્રેનિંગ કૉલેજના વાઇસ પ્રિન્સિપાલ તરીકે રૂા. ૧૨૫થી નીમાયા અને ત્યાં 'ગુજરાત શાળાપત્ર'ના તંત્રી તરીકે એમણે જે વિવેચનના લેખો તથા નવા જ યોજેલા મેઘ છંદમાં 'મેઘદૂત'નું ભાષાંતર, આદી બીજી કૃતિઓ પર કલમ ચલાવી તેણે એમને ઊંચું પદ અપાવ્યું.

૧૮૭૬માં એમની બદલી રાજકોટ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે થઈ, જ્યાં તે પોતાના અવસાન પર્યંત રહ્યા અને ઉત્તરોત્તર ધીર, ઠાવકું તથા તેજીલું લેખનકાર્ય ચાલુ જ રાખ્યું. ગુજરાતી સાહિત્યમાં અગત્યનો આંક મૂકી જનાર એમની એ કૃતિઓ 'નવલ ગ્રંથાવલિ'માં સંઘરાઈ છે. ઉત્તરાવસ્થામાં એમની તબિયત ઘસાતી ચાલેલી અને અંતે ૧૮૮૮ની ૭મી ઑગસ્ટે જલોદરના રોગથી સૂરતમાં એ અવસાન પામ્યા.

નિશાનચુક માફ, માફ નહિ કિન્તુ નીચૂં નિશાન

—બ. ક. ઠાકોર—

કાર્થેજના સૈન્યને હરાવનાર રેગ્યુલસ નામનો રોમન સરદાર કાર્થેજિયનોને હાથ કેદ પડેલો. કાર્થેજિયનોએ તેને પેરોલ પર છોડી રોમનો સાથે સંધિ કરવા મોકલ્યો. કાર્થેજિયનોએ મોકલેલી શરતો ગૌરવભંગ કરનારી હોવાથી તેણે તેનો અસ્વીકાર કરવાની રોમનોને સલાહ આપી અને પાછો જવા તૈયાર થયો, ત્યારે રોમનોએ તેને ફરી પાછા ન જવાની ખૂબ વિનતિ કરી અને જણાવ્યું કે દગાબાજ શત્રુને આપેલું વચન પાળવાનું ન હોય; અને શરતોનો અસ્વીકાર થયો હોઈ ત્યાં જવામાં જાનનું જોખમ છે. ત્યારે રેગ્યુલસે જવાબ આપ્યો: 'વચનભંગ કરવા કરતાં જુલમ અને મૃત્યુ હું વધુ પસંદ કરૂં છું. હું કાર્થેજનો ગુલામ છું, પણ મારી નસોમાં રોમન લોહી વહે છે. પાછા ફરવાનું મેં વચન આપ્યું છે અને હું તે પાળીશ જ.'

અને રેગ્યુલસ પાછો કાર્થેજ ગયો; અને કહેવાય છે કે કાર્થેજિયનોએ તેને રીબાવી રીબાવીને ઘણી ક્રૂર રીતે તેનો જાન લીધો.

અનેકાર્થી શબ્દ: **કરી**=હાથી; પથ્ય અથવા પરહેજી; અણુજો; એક પ્રકારની વનસ્પતિ; અવ્યય તરીકે '–ને લીધે'ના અર્થમાં.

કહેવતોના અર્થ: 'વાંઢાને વલોણું નહિ ને વેશ્યાને વગોણું નહિ.' અમુક વસ્તુ, ગુણ કે ભાવ અમુક સ્થળે નિર્વિવાદ રીતે ન જ જોવા મળે તે દર્શાવવા માટે વપરાતી આ કહેવતમાં કથેલાં ઉદાહરણોના અર્થ તો સ્પષ્ટ છે કે વલોણું તો સ્ત્રી જ કરે; અને તેથી વાંઢાને ઘેર તે હોય જ નહિ; એ જ રીતે સૌને માટે જે નિંદ્ય એવા કાર્યં સારૂ વેશ્યાની અપકીર્તિ ખાસ થતી નથી. એવાં સર્વથા ઉચિત અને ભારદર્શક ઉદાહરણો વાળી એવી પ્રાસયુક્ત ઉક્તિની આખી હારમાળા છે:

વાંઢાને વલોણું નહિ, ને વેશ્યાને વગોણું નહિ;
હથેળીમાં વાળ નહિ, ને ગધેડાને ગાળ નહિ;
ચાડિયાને શરમ નહિ, ને અઘોરીને ધરમ નહિ;
મૂરખને મરમ નહિ, ને દિગંબરને શરમ નહિ.
સંતને તંત નહિ, ને સાધુજનને સ્વાદ નહિ.
વાંઢાનો વકર નહિ, ને છાશમાં શકર નહિ.

વહાણોમાં વપરાતા દિગ્દર્શક યંત્ર–હોકાયંત્રની શોધ મૂળ ચીનાઓએ કરેલી ચીની ભાષામાં દિશા માટે 'હોકા' શબ્દ છે. તે પરથી તેનું નામ હોકાયંત્ર પડયું.



હિંદ પર આક્રમણ કરનારા ગ્રીકો, શકો, પહલવો અને કુશાનોએ પોતપોતાના દેશોના સિક્કાઓના અંશો દાખલ કરીને ઉત્તર હિંદના સિક્કાઓનાં ઘાટ-રચનામાં ઘણા પલટા આણ્યા છે; પણ મુસ્લિમ આક્રમકોએ તો તેમાં જબ્બર ક્રાન્તિ આણી. જોકે શરૂશરૂમાં રાજપુત રાજ્યોના સિક્કાની જેમ તેમણે એક તરફ વૃષભ અથવા ઘોડેસવાર તથા બીજી બાજુ નાગરી લિપિમાં પોતાનાં નામ અને બિરુદ કોતરાવેલાં. પણ એ અસર ટૂંક સમય જ રહી. ઘોરના સુલતાન મહમ્મદ બીન સામ, જે મહમ્મદ ઘોરી કે શાહબુદ્દીન ઘોરીના નામથી વધુ જાણીતો છે, તેણે પૃથ્વીરાજના નેતૃત્વ નીચે સામનો કરનાર હિંદુઓના સંયુક્ત સૈન્યને થાણેશ્વરમાં હરાવી હિંદમાં સૌ પહેલી મુસ્લિમ સત્તા સ્થાપી. તેણે પાડેલા સિક્કાઓમાં એ પ્રણાલિ જણાઈ આવે છે. આ ઉપર આપેલા તેના ત્રાંબાના સિક્કામાં એક બાજુ ઘોડેસવારનું અને બીજી બાજુ તેના નામનું આલેખન છે.

ગણિતગમ્મત

૯૮૭૬૫૪૩૨૧× ૯= ૮૮૮૮૮૮૮૮૮૯
×૧૮=૧૭૭૭૭૭૭૭૭૭૮
×૨૭=૨૬૬૬૬૬૬૬૬૬૭
×૩૬=૩૫૫૫૫૫૫૫૫૫૬
×૪૫=૪૪૪૪૪૪૪૪૪૫
×૫૪=૫૩૩૩૩૩૩૩૩૩૪
×૬૩=૬૨૨૨૨૨૨૨૨૨૩
×૭૨=૭૧૧૧૧૧૧૧૧૧૨
×૮૧=૦૦૦૦૦૦૦૦૦૦૧

(શ્રીકાન્ત મોદી)



કહેડા વચ્ચેથી દેખાતા સૂર્યોદયના આ ચિત્રમાંના બંને નળ સમાંતર હોવા છતાં વચ્ચેથી પહોળા દેખાય છે એ સૂર્યકિરણોની ત્રાંસી રેખાઓને લીધે ઉપજતો દૃષ્ટિભ્રમ છે.



પ્રાચીન રોમન સંસ્કૃતિના કાળમાં વપરાતો તેલનો દીવો, જેને હંસની આકૃતિમાં ઉતારી સોહામણો બનાવવામાં આવ્યો છે.

દરિયાને મળતી નદીના મુખ આગળ તેના ફાંટાઓ વચ્ચે નદીનો કાંપ જામીને બનતો પ્રદેશ 'ડેલ્ટા' કહેવાય છે. એવો નાઈલ નદીનો ડેલ્ટા પ્રખ્યાત છે. અમેરિકાની મહાનદી મિસિસિપીનો એવો ડેલ્ટા પ્રદેશ ૧૨,૦૦૦ ચોરસ માઇલનો છે. પણ જગતભરમાં સૌથી મોટો ડેલ્ટા પ્રદેશ તો ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓના સમુદ્રસંગમ આગળ બનેલો 'સુંદરવન' નામનો ડેલ્ટા પ્રદેશ છે. એનો વિસ્તાર ૫૦,૦૦૦ ચોરસ માઇલનો છે. અને હજી પણ દર વર્ષે તે વધતો જાય છે.

આ અંકમાં મૂર્તિરચનાશાસ્ત્ર વિષે બે લેખોમાં રસમય વિગતો આપેલી છે. મૂર્તિવિધાનમાં હિંદી કળા દુનિયાભરની સંસ્કૃતિમાં ઘણી અગ્રસ્થાને વિરાજે છે, અને છ શિલ્પશાસ્ત્રો ઉપરાંત જુદાંજુદાં હિંદુ શાસ્ત્રોમાં પણ મૂર્તિરચના માટે ખાસ પ્રકરણ આપેલાં છે: બૃહત્સંહિતા, શુક્રનીતિસાર, વિષ્ણુધર્મોત્તર પુરાણ, મત્સ્ય પુરાણ, અગ્નિ પુરાણ, મયશાસ્ત્ર, પ્રતિમા-માન-લક્ષણમ્ વગેરે. શુક્રનીતિમાં તાલનું કોષ્ટક આ મુજબ આપ્યું છે: ૧ તાલ=૧૨ અંગુલ (અંગુલ= આંગળી, મુષ્ટિનો ચોથો ભાગ); ૧ અંગુલ= ૮ યવ (આડો જવ); ૧ યવ=૧ યૂક (જૂ); ૧ યૂક=૮ લિખ્ય (લીખ); ૧ લિખ્ય=૮ રોમાગ્ર (વાળની અણી); ૧ રોમાગ્ર=૮ રેણુ (સૂર્યકિરણ); ૧ રેણુ=૮ અણુ (સૂક્ષ્માતિસૂક્ષ્મ તરડમાંથી આવતું સૂર્યકિરણ તે અણુ).

દાંતના દાક્તરે મોં ઉઘાડવાનું કહેતાં દરદીએ પોતાનું મોં એટલું બધું તો પહોળું કર્યું કે દાક્તર ડઘાઈને પાછો હઠી ગયો!

પછી તે બોલ્યો: 'બસ, બસ; મારે બહાર રહીને કામ કરવું છે અંદર જવું નથી!'



નૃત્ય સમારંભ

કલાકાર • કૃષ્ણાજી આરા

કલાશાળા કે કલાશિક્ષકનો લેશપણ સંપર્ક યા શિક્ષણ પામ્યા વિના, કેવળ તીવ્ર મહત્ત્વાકાંક્ષાથી ધગી રહેલા આ જુવાન કલાકારે સ્વ-પરાક્રમ અને સતત ઉદ્યમથી જે ઉત્કર્ષ સાધ્યો છે તેની કથા પ્રેરક છે. એનાં ચિત્રોમાં કથારસ ઓછો છે, પરંતુ રંગની માદકતા, આકારોના પદબંધ અને વાતાવરણની જાદુભરી હવા જોનારાનાં મનને આકર્ષી લે છે. વિખ્યાત નૃત્યકાર રામગોપાલ (જે આ કલાકારના મિત્ર છે તે)નાં નૃત્યો પરથી ઉદ્ભવેલું આ વિશાળ તૈલરંગી ચિત્ર મૂળ તો આથી યે મોટા કદનું હતું, તેને કાપી નાખ્યું છે. કૃષ્ણાજીએ તેના પર લાગટ બે વરસ સુધી કામ કરેલું. એ અતુલ ચિત્ર મુંબાઈમાંના ચેકોસ્લોવાકિયાના કૉન્સલે (એલઓએ) ખરીદી પોતાને વતન મોકલી આપ્યું છે. આ અંકમાં અન્યત્ર આપેલા આ કલાકારના પરિચય-લેખમાં જણાવેલા મુંબાઈમાંના તેના શેઠ જાપાની વેપારીઓ પણ તેની કલા પર મુગ્ધ હતા અને તેનાં કરેલાં ઘણાં ચિત્રો (મોટે ભાગે હિંદની પૌરાણિક કથાઓનાં) ખરીદી પોતાને દેશ મોકલતા. કહેવાય છે કે જાપાની સેનાપતિ જનરલ હીરોટા તેનાં ચિત્રો પર આફરીન હતો અને ઉપરાઉપર ચિત્રો મંગાવતો.